નાસાનું પાર્કર સોલાર પ્રોબ અવકાશયાન સૂર્યના વાતાવરણમાં પ્રવેશ કરનાર પ્રથમ યાન બન્યું




# E-COPY

**(DECEMBER-2021)**

(Week 1 to 4)

# વર્તમાન પ્રવાહો

**: DATE :**

**01/12/2021 to 31/12/2021**

ભારતીય હરનાઝ સંધુ મિસ યુનિવર્સ બન્યા.




યુનેસ્કો દ્વારા કલકત્તાની દુર્ગા પૂજાને અમૂર્ત વિરાસત યાદીમાં શામેલ કર્યું.




વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી સાપ્તાહિક **વર્તમાન પ્રવાહો**

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**

(Preparation for All Types of Competitive Exams)

## મહત્વના મુદ્દાઓ

❖ **TRIFED અને વિદેશ મંત્રાલયના સહયોગથી નવી દિલ્હીના દિલ્હી હાટ ખાતે ટ્રાઈબ્સ ઈન્ડિયા આદિ મહોત્સવમાં એક 'ટ્રાઈબ ઈન્ડિયા કોન્કલેવ'નું આયોજન કર્યું હતું.**

→ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના નિર્માણ માટે તેમજ સમૃદ્ધ આદિવાસી વારસાને આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકો સમક્ષ રજૂ કરવા માટે ટ્રાઈબ્સ ઈન્ડિયા કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું.

→ આ કાર્યક્રમમાં વિદેશ મંત્રાલય અને અન્ય મંત્રાલયોના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત ભારતમાં 20 થી વધુ વિદેશી મિશનના લગભગ 100 રાજદ્વારીઓએ હાજરી આપી હતી.

→ કોન્કલેવમાં ઉપસ્થિત મહાનુભાવોમાં કિરીબાતી, પોલેન્ડ, મેક્સિકો, દક્ષિણ કોરિયા, લાઓસ, થાઈલેન્ડ, બાંગ્લાદેશ, સ્વિત્ઝર્લેન્ડ, બ્રાઝિલ, માલદીવ અને યુએસ જેવા 20 થી વધુ દેશોના રાજદ્વારીનો સમાવેશ થાય છે. આ કોન્કલેવમાં સંયુકત રાષ્ટ્ર જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓએ પણ ભાગ લીધો હતો.

→ આ કોન્કલેવ દરમિયાન પશ્ચિમ બંગાળની દાર્જિલિંગ ટી, કોટા ડોરિયા ફેબ્રિક, રાજસ્થાનની બ્લુ પોટરી, હિમાચલ પ્રદેશની કાલા જીરા, ઓડિશાનું પટ્ટચિત્ર વગેરે વસ્તુ GI સ્ટોરમાં પ્રદર્શિત કરવામાં આવી હતી.

❖ **તાજેતરમાં સાંસ્કૃતિ મંત્રાલયે 'કલા સંસ્કૃતિ વિકાસ યોજના (KSVY)' હેઠળ બૌદ્ધ/તિબેટીયન સંસ્કૃતિ અને કળાના વિકાસ માટે નાણાકીય સહાય માટેની યોજના શરૂ કરી છે.**

→ આ યોજના હેઠળ, દેશના કોઈપણ ભાગમાં સ્થિત બૌદ્ધ/તિબેટીયન સંસ્કૃતિ અને પરંપરાના પ્રચાર અને વિકાસમાં રોકાયેલા મઠો સહિત સ્વૈચ્છિક બૌદ્ધ અને તિબેટીયન સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. સંસ્થા માટે ભંડોળની રકમ વાર્ષિક રૂ. 30 લાખ છે.

→ કલા સંસ્કૃતિ વિકાસ યોજના (KSVY) એ દેશમાં કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે સંસ્કૃતિ મંત્રાલય હેઠળની એક એમ્બરેલા યોજના છે. તે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રના જૈતાપુરમાં છ ન્યુકિલયર પાવર રિએકટર સ્થાપવા માટે સૈદ્ધાંતિક (પ્રથમ તબક્કા)ને મંજૂરી આપી છે.**

→ જૈતાપુર પ્રોજેકટ ભારત અને ફ્રાન્સ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીનો મુખ્ય ઘટક છે. જૈતાપુર વિશ્વનું સૌથી શકિતશાળી ન્યુકિલયર પાવર પ્લાન્ટ હશે. જે 9.6 ગીગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે છ અત્યાધુનિક ઈવોલ્યુશનરી પાવર રિએકટર સાથે ઓછી કાર્બન વીજળીનું ઉત્પાદન કરશે.

❖ **ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ દાર્જીલિંગ ટોય ટ્રેનના લોગોનું બૌદ્ધિક સંપદા તરીકે રજિસ્ટ્રેશન કર્યું છે.**

→ આ રજીસ્ટ્રેશન કર્યા બાદ તેને વર્લ્ડ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન (WIPO)ને મોકલવામાં આવ્યો છે. જે WIPOની વિયેના વર્ગીકરણ પ્રક્રિયા અનુસાર છે.

→ દુનિયામાં દરેક જગ્યાએ આ લોગોના ઉપયોગ માટે ભારત સરકાર પાસેથી લેખિત મંજૂરી અને રકમની ચૂકવણી કરવાની રહેશે. દાર્જીલિંગ હિમાલીયન રેલવે (DHR)માં બે લોગો છે જેને પેટન્ટ કરાયા છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ પેટન્ટ ડિઝાઈન અને ટ્રેડમાર્ક મહાનિયંત્રક પાસે લોગોને રજિસ્ટર કરવાની પ્રક્રિયા ઓગસ્ટ 2021માં શરૂ કરવામાં આવી હતી . ત્યારબાદ તેને WIPOને મોકલવામાં આવ્યો હતો. બંને લોગો 100 વર્ષથી પણ જૂના છે અને વિશ્વ વિરાસત સર્કિટમાં લોકપ્રિય છે. યુરોપ, યુકે અને અમેરિકાના વિભિન્ન વાણિજ્યક સંગઠનો દ્વારા વ્યાપારી વસ્તુઓ અને માહિતી સામગ્રી પર તેનો અવ્યવસ્થિત રીતે ઉપયોગ કરવામાં આવતો હતો.

❖ **તાજેતરમાં જળશકિત મંત્રાલય દ્વારા 'ઈન્ડિયા યંગ વોટર પ્રોફેશનલ પ્રોગ્રામ'ની પ્રથમ આવૃત્તિ લોન્ચ કરાઈ હતી.**

→ આ કાર્યક્રમ નેશનલ હાઈડ્રોલોજી પ્રોજેકટ અંતર્ગત શરૂ કરાયો છે. તેને ઓસ્ટ્રેલિયા દ્વારા સમર્થન અપાઈ રહ્યું છે. ઈન્ડિયા યંગ વોટર પ્રોફેશનલ પ્રોગ્રામ ઓસ્ટ્રેલિયા અને ભારતના જળ સંબંધોમાં મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે. કાર્યક્રમનો ઉદ્દેશ ભવિષ્યના જળ નેતૃત્વકર્તાઓને તૈયાર કરવાનો છે.

→ ટકાઉ જળ વ્યવસ્થાપન અપનાવવા માટે આ કાર્યક્રમ લોન્ચ કરાયો છે. કાર્યક્રમનો ઉદ્દેશ ક્ષમતા નિર્માણ અને તાલીમ છે. આશરે 70% કાર્યક્રમ પરિસ્થિતિની સમજણ મારફત શીખવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે. તેથી, તે પરિસ્થિતિઓ પર શિક્ષણ આધારિત છે. તેને ઓસ્ટ્રેલિયા–ઈન્ડિયા વોટર સેન્ટર (ઓસ્ટ્રેલિયન અને ભારતીય યુનિવર્સિટીઓને એક સંઘ) દ્વારા અમલમાં મૂકાશે. તે એન્ગેજડ ટ્રેઈનિંગ એન્ડ લર્નિંગ મોડલ પર કેન્દ્રીત છે.

❖ **સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના કેન્દ્રીય સચિવ રાજેશ ભૂષણે વર્ષ 2017-18 માટે ભારત અંગે નેશનલ હેલ્થ એકાઉન્ટ (NHA) અનુમાનોનો નિષ્કર્ષ જાહેર કર્યો છે.**

→ આ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા 2014માં નેશનલ હેલ્થ સિસ્ટમ્સ રિસોર્સ સેન્ટર (NHSRC) દ્વારા ઉત્પાદિત સતત 5મો NHA રિપોર્ટ છે. કુલ આરોગ્ય ખર્ચના ભાગરૂપે સરકારનો આઉટ–ઓફ–પોકેટ ખર્ચ (OOPE) 2017-18માં ઘટીને 48.8% થઈ ગયો, જે 2013-14માં 64.2% હતો. NHA અનુમાનો WHOના આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત સિસ્ટમ ઓફ હેલ્થ એકાઉન્ટ્સ 2011ના એકાઉન્ટિંગ માળખાના આધારે તૈયાર કરવામાં આવ્યા છે.

→ 2017-18ના NHA અનુમાનો આરોગ્ય પર સરકારી ખર્ચ અને જાહેર સ્વાસ્થ્ય દેખરેખ પ્રણાલીમાં વધતા વિશ્વાસ અંગે વધી રહેલા વલણને દર્શાવે છે. વર્તમાન સરકારી આરોગ્ય ખર્ચમાં પ્રાથમિક આરોગ્ય સેવાનો હિસ્સો 2013-14માં 51.1% થી વધીને 2017-18માં 54.7% થઈ ગયો છે. પ્રાથમિક અને માધ્યમિક દેખરેખ વર્તમાન સરકારી આરોગ્ય ખર્ચના 80% થી વધુ માટે જવાબદાર છે. મુખ્ય નિષ્કર્ષો અને નિમ્નલિખિત પરિમાણોમાં વધતી પ્રવૃત્તિઓ દર્શાવે છે.

| પરિમાણો | 2013-14 | 2017-18 |
|---|---|---|
| દેશના કુલ GDPમાં સરકારી આરોગ્ય ખર્ચનો હિસ્સો | 1.15% | 1.35% |
| કુલ સ્વાસ્થ્ય ખર્ચમાં સરકારી આરોગ્ય ખર્ચનો હિસ્સો | 40.8% | 28.6% |
| કુલ સરકારી ખર્ચમાં સરકારી સ્વાસ્થ્ય ખર્ચનો હિસ્સો | 3.78% | 5.12% |
| પ્રતિવ્યકિત સરકારી ખર્ચ | રૂ. 1042 | રૂ. 1753 |

→ પ્રાથમિક અને માધ્યમિક આરોગ્ય સેવામાં સરકારની ભાગીદારી વધી છે, જ્યારે ખાનગી ક્ષેત્રમાં તૃતિયક સ્વાસ્થ્ય દેખરેખની ભાગીદારીમાં વધારો થયો છે. પરંતુ પ્રાથમિક અને માધ્યમિક આરોગ્ય દેખરેખમાં ઘટાડો જોવા મળ્યો હતો. 2016-17 અને 2017-18 વચ્ચે પ્રાથમિક અને માધ્યમિક સ્વાસ્થ્ય સેવામાં સરકારની ભાગીદારી 75% થી વધીને 86% થઈ ગઈ છે, જ્યારે ખાનગી ક્ષેત્રમાં ભાગીદારી 84% થી ઘટીને 74% થઈ ગઈ છે.

→ સામાજિક સુરક્ષા ખર્ચ (SSF) : સામાજિક સ્વાસ્થ્ય વીમા કાર્યક્રમ, સરકાર દ્વારા નાણાં પોષિત સ્વાસ્થ્ય વીમા યોજનાઓ અને સરકારી કર્મચારીઓને તબીબી વળતરનો સમાવેશ કરવામાં આવે છે, તે 2013-14 માં 6% થી વધારીને 2017-18 માં 9% કરવામાં આવ્યો છે. ભારતની આર્થિક આત્મનિર્ભરતા પ્રદર્શિત કરનારા સ્વાસ્થ્ય માટે વિદેશી સહાયમાં 0.5%નો ઘટાડો થયો છે.

→ આઉટ–ઓફ પોકેટ ખર્ચ (OOPE) : 2013-14થી 2017-18 વચ્ચે પ્રતિવ્યક્તિ OOPE પણ 2336 રૂપિયાથી ઘટીને 2097 રૂપિયા થઈ ગયો છે.

❖ **તાજેતરમાં સંસદે દેશના તમામ નિર્દિષ્ટ ડેમોની દેખરેખ, નિરીક્ષણ, સંચાલન અને જાળવણી માટે ડેમ સુરક્ષા બિલ, 2019 (ડેમ સેફ્ટી બિલ, 2019) પસાર કર્યું છે.**

→ ડેમની આવરદા : ડેમની સંખ્યાની બાબતમાં ભારત દુનિયામાં ત્રીજા સ્થાને છે. દેશમાં 5,745 જળાશયો છે જેમાંથી 293 જળાશયો 100 વર્ષથી પણ વધુ જૂના છે. ડેમ સુરક્ષા સામે ઘણા પડકારો રહેલા છે. જેમાં મુખ્યત્વે ડેમની આવરદાના કારણે છે. જેમ–જેમ ડેમ જૂના થતાં જાય છે, તેમની ડિઝાઈન, જળવિજ્ઞાન અને અન્ય તમામ નવીનતમ સમજ અને પ્રથાઓ અનુરૂપ રહેતા નથી. ડેમોમાં વધુ માત્રામાં કાદવ જમા થઈ જાય છે. આથી તેમની જળધારણ ક્ષમતામાં ઘટાડો થઈ જાય છે.

→ ડેમ વ્યવસ્થાપકો પર નિર્ભરતા : ડેમોનું નિયમન સંપૂર્ણપણે વ્યકિતગત ડેમ પ્રબંધકો પર નિર્ભર છે. ડાઉનસ્ટ્રીમ પાણીની જરૂરિયાત અથવા તો આ પહેલેથી મોજૂદ પ્રવાહના સંદર્ભમાં કોઈ પ્રણાલીગત કે વાસ્તવિક સમજણનો અભાવ છે.

→ આ બિલમાં નેશનલ ડેમ સેફ્ટી કમિટી (NDSC)ની સ્થાપનાની જોગવાઈ છે. આ સમિતિની અધ્યક્ષતા સેન્ટ્રલ વોટર કમિશનના પ્રમુખ દ્વારા કરાશે. સમિતિના કાર્યોમાં ડેમ સુરક્ષા માપદંડો સંબંધિત નીતિઓ અને નિયમો ઘડવા તથા ડેમને ક્ષતિગ્રસ્ત થતાં રોકવા અને ડેમના તૂટવાના કારણોનું વિશ્લેષણ કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ડેમ સુરક્ષા પ્રણાલીઓમાં ફેરફાર માટે સલાહ આપવી વગેરે પણ સામેલ છે.

→ આ બિલ નેશનલ ડેમ સેફ્ટી ઓથોરિટી (NDSA)ની સ્થાપનાની જોગવાઈ કરે છે. આ ઓથોરિટીનું નેતૃત્વ અધિક સચિવ કક્ષાના અધિકારી દ્વારા કરવામાં આવશે અને તેની નિમૂણક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવશે. NDSAના કાર્યોમાં NDSC દ્વારા ઘડવામાં આવેલી નીતિઓનો અમલ કરવો, સ્ટેટ ડેમ સેફ્ટી ઓર્ગેનાઈઝેશન (SDSO) અને રાજ્યના ડેમના માલિકો વચ્ચેના વિવાદોનું સમાધાન કરવું, ડેમોના નિરીક્ષણ અને તપાસ માટે નિયમો ઘડવા વગેરેનો સમાવેશ થાય છે. NDSA ડેમના નિર્માણ, ડિઝાઈન અને તેમાં પરિવર્તનના કામ સાથે સંકળાયેલી એજન્સીઓને માન્યતા (Accreditation) આપશે.

→ આ બિલ હેઠળ રાજ્ય સરકારો દ્વારા સ્ટેટ ડેમ સેફ્ટી ઓર્ગેનાઈઝેશન (SDSOS)ની સ્થાપના કરવામાં આવશે.

→ બિલમાં નિર્દિષ્ટ બંધ (ડેમ) માલિકો પાસે એવી અપેક્ષા રખાઈ છે કે ડેમ માલિકોએ દરેક ડેમ સલામતી એકમ સ્થાપિત કરવું જરૂરી છે. આ એકમ ચોમાસાની ઋતુ પહેલાં અને પછી અને પ્રત્યેક ભૂકંપ, પૂર કે અન્ય કોઈ આપદા કે સંકટ દરમિયાન કે પછી ડેમનું નિરીક્ષણ કરશે. ડેમ માલિકોએ ઈમરજન્સી એકશન પ્લાન તૈયાર કરવો પડશે અને દરેક ડેમ માટે ચોક્કસ સમયાંતરે નિયમિત જોખમનું મૂલ્યાંકન કરવું પડશે.

→ બિલમાં બે પ્રકારના અપરાધોની જોગવાઈ છે – વ્યકિતને તેના કાર્યોમાં વિઘ્ન નાખવું અને સૂચિત કાયદા હેઠળ જાહેર કરાયેલા નિર્દેશોનું પાલન કરવાનો ઈનકાર કરવો.

❖ **ભારતે 26 જાન્યુઆરી, 2022ના રોજ તેના 72મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીઓના મુખ્ય અતિથિ તરીકે સૌપ્રથમવાર પાંચ મધ્ય એશિયન દેશો–કઝાખસ્તાન, કિર્ગિસ્તાન, તુર્કમેનિસ્તાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાનના વડાઓને આમંત્રિત કર્યા છે.**

→ આ પાંચ મધ્ય એશિયન દેશો પૈકીના ત્રણ અફઘાનિસ્તાન સાથે સરહદ ધરાવે છે. ભારત આ તમામ દેશો સાથે ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સભ્યતાગત સંબંધો ધરાવે છે. અહેવાલો પ્રમાણે, ભારતે રાજદ્વારી માર્ગે આ દેશો સુધી ઔપચારિક પહોંચ બનાવી લીધી છે.

→ વર્ષ 2021ના પ્રજાસત્તાક દિવસના મુખ્ય અતિથિ તરીકે ભારતે UK ના વડાપ્રધાન બોરિસ જ્હોન્સનને આમંત્રિત કર્યા હતા પરંતુ તે વખતે UKમાં કોવિડ–19 પરિસ્થિતિ વકરતા તેમણે ભારત પ્રવાસ રદ કર્યો હતો.

❖ **રાજ્યસભાએ 8 ડિસેમ્બર, 2021ના વિપક્ષની ગેરહાજરીમાં આસિસ્ટેડ રિપ્રોડકિટવ ટેકનોલોજી (ART) (નિયમન) બિલ, 2020 અને સરોગસી (નિયમન) બિલ, 2020 પસાર કર્યું હતું.**

→ સરોગેસી વિધેયકમાં એકલ પુરુષો, લિવ–ઈનમાં રહેતાં યુગલો અને LGBTQ સમુદાયને બાકાત રાખવામાં આવ્યો છે.

→ કેન્દ્ર સરકાર વર્ષ 2008થી ART ઉદ્યોગમાં નિયમન લાવવા વિધેયક પર કામ કરી રહી હતી. ખરડાનો મુસદ્દો પ્રથમવાર ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) દ્વારા તૈયાર કરાયો હતો. વર્ષ 2020માં તેને પહેલીવાર લોકસભામાં પ્રસ્તુત કરાયો હતો પરંતુ તેણે વિધેયકને સ્થાયી સમિતિને સુપ્રત કર્યું હતું.

→ આ બિલમાં તમામ તબીબી વ્યાવસાયિકો અને કિલનિકસો માટે એક નેશનલ રજિસ્ટ્રી અને રજિસ્ટ્રેશન ઓથોરિટી સ્થાપવાની દરખાસ્ત છે. ઓથોરિટી તબીબી ક્ષેત્રમાં કાર્યરત્ બધા જ કિલનિકસો અને વ્યવસાયિકોનો ડેટાબેઝ જાળવવામાં સહાય કરશે. રજિસ્ટ્રેશન ઓથોરિટીઝની નિયુકિત રાજ્ય સરકારો દ્વારા નોંધણી પ્રક્રિયાની સુગમતા માટે કરાશે.

→ આ ખરડો આસિસ્ટેડ રિપ્રોડકિટવ ટેકનોલોજી (ART) કિલનિકસો અને ART બેંકોનું નિયમન અને નિરક્ષણ કરવા, સુરક્ષિત અને સૈદ્ધાંતિક પદ્ધતિઓ અપનાવવા તથા દુરુપયોગ અટકાવવા માગે છે.

→ આ વિધેયકમાં એક નેશનલ બોર્ડની રચનાનો પ્રસ્તાવ પણ છે. આ બોર્ડ ભૌતિક આંતરમાળખા, નૈદાનિક ઉપકરણો, નિષ્ણાત માનવબળ અને લેબોરેટરીના લઘુત્તમ ધારાધોરણો નક્કી કરશે.

→ આ ખરડાએ વધુમાં લિંગ પસંદગીની પ્રેકિટસ કરતા લોકો તથા માનવ ભ્રૂણ અથવા યુગ્મકના વેચાણમાં સંડોવાયેલા લોકો અને કાનૂનનો ભંગ કરી એજન્સીઓ કે સંગઠિત કૌભાંડ ચલાવતા લોકોને કડકમાં કડક સજા કરવાની દાદ પણ માંગી છે.

→ આ વિધેયકમાં પ્રથમ વખતના ગુના માટે રૂ. 5 લાખથી રૂ. 10 લાખના દંડની જોગવાઈ છે. ત્યારપછીના ઉલ્લંઘનો માટે 8 થી 12 વર્ષની જેલ સજા અને રૂ. 10 થી 20 લાખના દંડની જોગવાઈ સામેલ છે.

❖ **તાજેતરમાં કોલકાતાની જગવિખ્યાત દુર્ગા પૂજાને યુનેસ્કોએ માનવતાની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતની તેની પ્રતિનિધિ સૂચિમાં સામેલ કરી છે.**

→ દુર્ગા પૂજા યુનેસ્કોની માનવતાની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત તરીકે માન્યતાપ્રાપ્ત કરનારો એશિયાનો પ્રથમ તહેવાર છે. આ સાથે ભારતના 14 તત્વો યુનેસ્કોની માનવતાની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત યાદીમાં સામેલ થઈ ગયા છે.

→ દુર્ગા પૂજા પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતામાં નવ દિવસીય નવરાત્રિ ઉત્સવ દરમિયાન ઉજવાતો વાર્ષિક તહેવાર છે. નવરાત્રીના મહિનાઓ પૂર્વે નાના કલાકારો શકિત તથા બ્રહ્માંડની ઊર્જા મનાતા માતા દુર્ગા તથા તેમના પરિવાર – લક્ષ્મી, ગણેશ, સરસ્વતી અને કાર્તિકની માટીની મૂર્તિઓ ગંગા નદીની માટીમાંથી બનાવે છે. દેવી દુર્ગાની આરાધના મહાલયના ઉદ્‌ઘાટન દિવસથી શરૂ થાય છે, જ્યારે દેવીમાં પ્રાણપ્રતિષ્ઠા કરવા માટીની પ્રતિમા પર આંખો દોરવામાં આવે છે. વિજ્યા દશમીના દિવસે એટલે કે દુર્ગા પૂજાના 10મા દિવસે માટી જ્યાંથી લેવાઈ હતી તે જ નદીમાં મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવે છે. દુર્ગા પૂજા ઉત્સવ મૂળ તરફ પરત ફરવાનો પ્રતીક છે. દુર્ગા પૂજા દેશના સૌથી મોટા સાંસ્કૃતિક કાર્નિવલ અને સ્ટ્રીટ આર્ટ ફેસ્ટિવલો પૈકીનો એક છે.

→ યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતની સૂચિએ અમૂર્ત વિરાસત તત્વોથી નિર્મિત છે, જે સાંસ્કૃતિક ધરોહરની વિવિધતાને પ્રદર્શિત કરવા અને તેના મહત્વ વિશે જાગૃતિ વધારવામાં મદદ કરે છે. યુનેસ્કો અનુસાર, સાંસ્કૃતિક વિરાસત સ્મારકો અને વસ્તુઓના સંગ્રહ પર સમાપ્ત થતી નથી. તેમાં આપણા પૂર્વજો પાસેથી વારસામાં મળેલી પંરપરાઓ અથવા જીવિત અભિવ્યકિતઓ પણ સામેલ છે અને તે આપણા વંશજોને હસ્તાંતરિત કરવામાં આવે છે.

❖ **કેન્દ્રીય મંત્રીમંડળે 15 ડિસેમ્બર, 2021ના રોજ બહુવિધ નોંધણીઓને નાબૂદ કરવા સ્વૈચ્છિક ધોરણે આધાર કાર્ડ સાથે મતદાર યાદીને જોડવાની એક દરખાસ્ત સહિત ચૂંટણી સુધારાઓ અંગેના એક ખરડાને મંજૂરી આપી દીધી છે.**

→ પ્રસ્તાવિત વિધેયક સંસદના વર્તમાન શિયાળુ સત્રમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ લોક પ્રતિનિધિત્વ ધારામાં નીચે મુજબના સુધારાઓ પ્રસ્તાવિત છે.

1. સૈન્ય સેવાઓના મતદાતાઓ માટે લિંગ તટસ્થ પ્રક્રિયા : કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલા બિલમાં સશસ્ત્ર દળોના મતદાતાઓ માટે લિંગ તટસ્થ ચૂંટણી પ્રક્રિયા ઘડવાની દરખાસ્ત કરાઈ છે. વર્તમાન જોગવાઈ અનુસાર, સૈન્ય જવાનની પત્ની સર્વિસ વોટર તરીકે નોંધણી કરાવવાને પાત્ર છે, જ્યારે સૈન્યના મહિલા અધિકારીના પતિને આવો અધિકાર નથી. નવો ખરડો આમાં બદલાવ લાવશે.
2. યુવાનોની નોંધણી માટે બહુવિધ કટઓફ તારીખો : લોક પ્રતિનિધિત્વ ધારામાં નવ પ્રસ્તાવિત સુધારાઓમાં યુવા મતદારોને દર વર્ષે ચાર જુદી જુદી તારીખો નોંધણી માટે આપવાના પ્રસ્તાવનો સમાવેશ થાય છે. અત્યારે, દર વર્ષની 1 જાન્યુઆરીએ કે તે પૂર્વે 18 વર્ષના થતાં યુવાનને જ મતદાર તરીકે નોંધણી કરાવવા દેવાય છે. આથી, કોઈ વિશેષ વર્ષમાં ચૂંટણી થાય તો, માત્ર એ યુવાન જ મતદાર યાદીમાં નોંધણી પામવાને લાયક છે જે એ વર્ષની 1 જાન્યુઆરીએ કે તેની પહેલાં 18 વર્ષનો થઈ ગયો હોયફ કાનૂન મંત્રાલયે તાજેતરમાં એક સંસદીય સમિતિને માહિતી આપી હતી કે તે મતદાર નોંધણી માટે ચાર કવોલિફાઈંગ તારીખો – દર વર્ષની 1 જાન્યુઆરી, 1 એપ્રિલ, 1 જુલાઈ અને 1 ઓકટોબર દાખલ કરવા લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ 14(b)માં સુધારો કરી હવેથી આ તારીખો દરમિયાન પાત્ર મતદાર નામ નોંધાવી શકશે.
3. આધાર કાર્ડ સાથે મતદાર યાદી જોડવી : માર્ચ 2020માં, તત્કાલીન કાનૂન મંત્રી રવિશંકર પ્રસાદે લોકસભાને માહિતી આપી હતી કે ચૂંટણી પંચે વિવિધ સ્થળોએ એક જ વ્યકિતની મતદાર તરીકે થતી એકથી વધુ નોંધણીના દૂષણને ડામવા મતદાર યાદીને આધાર કાર્ડ સાથે જોડવામાં આવી છે. જે ફરજિયાત નથી.

❖ **તાજેતરમાં જળશકિત મંત્રાલય તેમજ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય સાથે મળીને ભારતમાં નદી કિનારે વસેલા શહેરોના ટકાઉ વ્યવસ્થાપન માટે રિવર્સ સિટીઝ એલાયન્સ (River Cities Alliance – RCA) લોન્ચ કર્યું છે.**

→ આ એલાયન્સ (ગઠબંધન) માટે બે સંસ્થાઓ રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન (NMCG) અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્બન અફેર્સ (NIUA)એ ગઠબંધન કર્યું છે. RCA માટેનું સચિવાલય NMCGના સહયોગથી NIUAમાં સ્થાપિત કરાશે. આ ગઠબંધન 3 વ્યાપક વિષયો પર ધ્યાન કેન્દ્રીત કરશે. નેટવર્કિંગ, ક્ષમતા નિર્માણ અને ટેકનિકલ સહાય (સપોર્ટ). જો કે, આ ગઠબંધનની શરૂઆત ગંગા બેસિન શહેરો સાથે કરવામાં આવી છે, પરંતુ ગંગા બેસિનની બહારના શહેરોને પણ સામેલ કરવા માટે વિસ્તારિત કરવામાં આવશે. રિવર સિટીઝ એલાયન્સમાં નીચે પૈકીના 30 શહેરો સામેલ છે. દેહરાદૂન, હરિદ્વાર, ઋષિકેશ, શ્રીનગર, બેગુસરાય, ભાગલપુર, મુંગેર, પટણા, બરહામપુર, હુગલી, ચિનસુરાહ, હાવડા, જંગીપુર, મહેશતલા, રાજમહલ, સાહિબગંજ, અયોધ્યા, બીજનૌર, ફારુકાબાદ, કાનપુર, મથુરા–વૃંદાવન, મિર્ઝાપુર, પ્રયાગરાજ, વારાણસી, ઔરંગાબાદ, ચેન્નાઈ, ભુવનેશ્વર, હૈદરાબાદ, પુણે, ઉદયપુર અને વિજયવાડા.

→ RCA ભારતમાં નદી શહેરો માટે સમર્પિત મંચ છે, જે શહેરી નદીઓના સતત વ્યવસ્થાપન માટે માહિતીઓનું આદાનપ્રદાન, ચર્ચા અને વિમર્શ પ્રદાન કરે છે, જેમકે વોટર ફૂટપ્રિન્ટ ઓછી કરવી, નદી અને વોટર બોડીઝ અંગે પ્રભાવ ઓછો કરવો, પ્રાકૃતિક, અમૂર્ત, સ્થાપત્ય વિરાસત અને સંબંધિત સેવાઓ અંગે મૂડીકરણ કરવું અને રિસાઈકિલંગ, રિયુઝની રણનીતિની માધ્યમથી આત્મનિર્ભર બનવું.

❖ **જનજાતીય બાબતોના મંત્રાલય અને સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ સંયુકત રીતે પ્રાયોગિક શિક્ષણ (Experiential Learning) માટે ઓનલાઈન સર્ટિફિકેટ કોર્સ લોન્ચ કર્યો છે.**

→ આ કાર્યક્રમ 6 રાજ્યોમાં 350 શિક્ષકો સાથે શરૂ કરાયો છે. પ્રાયોગિક શિક્ષણ શિક્ષકોને આદિવાસી વિદ્યાર્થીઓને તેમના વાસ્તવિક જીવનના અનુભવો અને પોતાન સંદર્ભો સાથે જોડવામાં મદદ કરશે. આ કાર્યક્રમ જનજાતીય શિક્ષણના વિકાસ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ કાર્યક્રમ શિક્ષકો, આચાર્યો, સ્કૂલ સંચાલકો માટે એક ઓનલાઈન પ્રમાણપત્ર પાઠયક્રમના રૂપમાં કલ્પિત કરવામાં આવ્યો છે. જેથી તેમને વાસ્તવિક જીવનના અનુભવો સાથે ભણાવતા શીખવી શકાય.

❖ **નાગરિક ઉડ્ડયન મંત્રાલયે નાગરિક ઉડ્ડયન માટે ઈ–ગવર્નન્સ (e-GCA) ઓનલાઈન પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે.**

→ આ પ્લેટફોર્મના માધ્યમથી નાગરિક ઉડ્ડયન પાઈલટ લાઈસન્સિંગ અને મેડિકલ પરીક્ષા સહિત 298 સેવાઓ પ્રાપ્ત થશે. e-GCA પ્રોજેકટનો પ્રારંભ ડિરેકટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) હેઠળના ઉડ્ડયન ક્ષેત્ર માટેના 100 દિવસીય એકશન પ્લાનનો હિસ્સો છે. આ પોર્ટલ તાતા કન્સલ્ટન્સી દ્વારા વિકસિત કરાયું છે.

❖ **અન્ન અને જાહેર વિતરણ વિભાગ (DFPD) હેઠળ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI)એ ખાદ્ય નમૂનાઓનું પરીક્ષણ કરવા માટે પોતાની પ્રથમ અત્યાધુનિક ગુણવત્તા નિયંત્રણ પ્રયોગશાળાનું ઉદ્‌ઘાટન કર્યું.**

→ આ ઉદ્‌ઘાટન ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ રાજ્ય મંત્રી અશ્વિનીકુમાર ચૌબેના વરદ્ હસ્તે હરિયાણાના ગુરુગ્રામ ખાતે ઈન્સ્ટિટયૂટ ઓફ ફૂડ સિક્યોરિટી (IFS)માં કરવામાં આવ્યું હતું.

❖ **તાજેતરમાં લોકપાલ જસ્ટિસ પિનાકીચંદ્ર ઘોષે લોકપાલને થનારી ફરિયાદોના મેનેજમેન્ટ માટે એક ડિજિટલ પ્લેટફોર્મ 'લોકપાલ ઓનલાઈન' લોન્ચ કર્યું હતું.**

→ 'લોકપાલ અને લોકાયુક્ત એક્ટ 2013' અંતર્ગત જાહેર સેવકો વિરુદ્ધ થનારી ફરિયાદોના મેનેજમેન્ટ માટે ઓપન સોર્સ ટેકનોલોજી પર વિકસિત એક વેબ આધારિત પોર્ટલ છે, જેને નેશનલ ઈન્ફર્મેટિક્સ સેન્ટર (NIC)ના ક્લાઉડ પર હોસ્ટ કરવામાં આવ્યું છે. જેની સુરક્ષા તપાસ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય અંતર્ગત કાર્યરત્ ઈન્ડિયન કમ્પ્યૂટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT) દ્વારા કરવામાં આવી છે. પ્લેટફોર્મ અંતર્ગત ઈ–મેઈલ અને SMS દ્વારા દરેક તબક્કે સંવાદ થશે તથા સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC), સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન અને અન્ય સંસ્થાઓ પોતાના અહેવાલ પણ 'લોકપાલ ઓનલાઈન' પ્લેટફોર્મ પર અપલોડ કરી શકાશે.

❖ **કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ત્રીજા હેલિકોપ્ટર શિખર સંમેલન, 2021 'ઈન્ડિયા@75 : ભારતીય હેલિકોપ્ટર ઉદ્યોગના વિકાસને વેગ આપવો અને એર કનેક્ટિવિટી વધારવી'માં નવી 10 પોઈન્ટ હેલિકોપ્ટર નીતિની ઘોષણા કરી હતી.**

→ તેનું આયોજન ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI), નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને પવન હંસ લિમિટેડ દ્વારા દેહરાદૂન, ઉત્તરાખંડમાં કરવામાં આવ્યું હતું. આ નવી નીતિ અંતર્ગત હવાઈ સંપર્કને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત હબ અને કોરિડોર સ્થાપવામાં આવશે. શરૂઆતમાં ચાર હેલિ હબ અને ટ્રેઈનિંગ યુનિટ જુહુ (મુંબઈ), ગુવાહાટી, દિલ્હી અને બેંગલુરુમાં સ્થાપવામાં આવશે.

❖ **ઈલેક્ટ્રોનિક્સ અને IT મંત્રાલયે અઠવાડિયું ચાલનાર 'આઝાદી કા ડિજિટલ મહોત્સવ'ના ભાગરૂપે ઈન્ડિયા હેબિટેટ સેન્ટર નવી દિલ્હીમાં 'ડિજિટલ પેમેન્ટ ઉત્સવ'નો શુભારંભ કર્યો છે.**

→ તેમાં કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને IT મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રાજ્યમંત્રી રાજીવ ચંદ્રશેખરે ભાગ લીધો હતો. વિશેષરૂપે કુલ ડિજિટલ લેવડદેવડનું પ્રમાણ નાણાકીય વર્ષ 2018માં 2,071 કરોડ રૂપિયાથી વધીને નાણાકીય વર્ષ 2021માં 5,521 કરોડ રૂપિયા થઈ ગયું છે. આ ઉત્સવ દરમિયાન કેન્દ્રીય મંત્રીએ વિવિધ પહેલોનો શુભારંભ કર્યો જેમાં DIGIDHAN લોગોનું અનાવરણ, ડિજિટલ પેમેન્ટ સંદેશ યાત્રા નામક જાગૃતિ અભિયાનનું ડિજિટલ પેમેન્ટ ગીત 'ચુટકી બજા કે' (કેશલેસ, ટચલેસ, પેપરલેસ)નો શુભારંભ, બેંકો અને ફિનટેક માટે તેમની ઉપલબ્ધિઓ માટે 'DIGIDHAM પુરસ્કાર' નામક પુરસ્કાર સમારોહ અને નાણાકીય વર્ષ 2019-20 અને નાણાકીય વર્ષ 2020-21માં ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાનો છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે અનુસૂચિત જાતિ (SCs) અને અનુસૂચિત જનજાતિ (STs)ના સભ્યો વિરુદ્ધ થતા અત્યાચારને રોકવા નેશનલ હેલ્પલાઈન (NHAA : National Helpline Against Atrocities) '14566' લોન્ચ કરી હતી**

→ આ હેલ્પલાઈનનો મુખ્ય ઉદ્દેશ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) એક્ટ, 1989 નું યોગ્ય અમલીકરણ કરાવવાનો છે. NHAA હેલ્પલાઈન 24 × 7 ટોલ ફ્રી નંબર 14566 પર હિન્દી, અંગ્રેજી તથા પ્રાદેશિક ભાષાઓમાં કાર્યરત્ રહેશે. આ અંગેની એક મોબાઈલ એપ્લિકેશન પણ કાર્યરત્ છે. PoA એક્ટ, 1989 અને નાગરિક અધિકાર સંરક્ષણ અધિનિયમ (Protection of Civil Rights Act, 1955), 1955 અંગે પ્રાપ્ત થનારી દરેક ફરિયાદો માટે એક અલગ ડોકેટ નંબર આપવામાં આવશે.

❖ **તાજેતરમાં જ પબ્લિક એકાઉન્ટ્સ કમિટી (PAC) એ પોતાના અસ્તિત્વના 100 વર્ષ પૂર્ણ કર્યા છે.**

→ PAC એ ત્રણ નાણાકીય સંસદીય સમિતિઓ પૈકીની એક છે. અન્ય બે સમિતિઓ અંદાજ સમિતિ અને જાહેર સાહસ સમિતિ છે. સંસદીય સમિતિઓ અનુચ્છેદ–105 (સંસદ સભ્યના વિશેષાધિકારો) અને અનુચ્છેદ–118 (સંસદની પ્રક્રિયા અને કાર્ય સંચાલનને નિયંત્રિત કરવા માટે નિયમો બનાવવાનો અધિકાર)માંથી સત્તાઓ પ્રાપ્ત કરે છે.

→ PAC ને ઈ.સ. 1921માં ભારત સરકાર અધિનિયમ, 1919 દ્વારા સ્થાપિત કરાઈ હતી. જેને 'મોન્ટીગ્યુ ચેમ્સફોર્ડ સુધારો' પણ કહેવામાં આવે છે. સમિતિના અધ્યક્ષની નિમણૂક લોકસભાના અધ્યક્ષ દ્વારા કરવામાં આવે છે. આ સમિતિમાં હાલમાં 1 વર્ષ માટે 22 સભ્યો (લોકસભા અધ્યક્ષ દ્વારા પસંદ કરાયેલા 15 સભ્યો અને રાજ્યસભાના સભાપતિ દ્વારા પસંદ કરાયેલા 7 સભ્યો)નો સમાવેશ થાય છે.

❖ **કેન્દ્રીય કાનૂન મંત્રી કિરણ રિજિજુએ તાજેતરમાં લોકસભામાં 'જજીસ બિલ' રજૂ કર્યું હતું.**

→ આ વિધેયકનો ઉદ્દેશ હાઈકોર્ટ જજીસ (વેતન અને સેવાની શરતો) કાનૂન, 1954 અને સુપ્રીમ કોર્ટ જજીસ (વેતન અને સેવાની શરતો) કાનૂન, 1958માં સુધારો કરવાનો છે.

→ આ ખરડો એ સ્પષ્ટતા કરવાનો પ્રયાસ કરે છે કે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ એક નિશ્ચિત વય સુધી પહોંચે ત્યારે અધિક (વધારાનું) પેન્શન મેળવવાના હકદાર છે કે કેમ. વર્તમાનમાં, દરેક નિવૃત્ત જજ અને તેમના નિધન બાદ તેમના પરિવારો પેન્શનની વધારાની રકમ મેળવવાના હકદાર છે. આને સામાન્ય રીતે ફેમિલી પેન્શન તરીકે ઓળખવામાં આવે છે.

→ વર્તમાનમાં હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિઓને ગમે તે કિસ્સામાં 80 વર્ષ કે 85 વર્ષ કે 90 વર્ષ કે 95 વર્ષ કે 100 વર્ષ પૂર્ણ કરવા પર વધારાનું પેન્શન મળે છે. આ બધા પેન્શનના સ્લેબ છે. હવે ગૂંચવાડો એ છે કે પેન્શન નિશ્ચિત વય પૂર્ણ કરે તે મહિનાના પ્રથમ દિવસથી આપવું કે વયમાં પ્રવેશ કરે તે મહિનાના પ્રથમ દિવસથી. ઉપરોક્ત વિધેયકમાં આ મુદ્દે સ્પષ્ટીકરણ અપાયું છે.

→ ખરડામાં જણાવાયું છે કે પેન્શન ચોક્કસ ઉંમર પૂર્ણ કરે તેના પ્રથમ દિવસથી જ આપવું જોઈએ શરૂઆતમાં નહીં. આ માટે કલમ 17B અને કલમ 16B સામેલ કરાઈ છે.

❖ **તાજેતરમાં રાજ્યસભાએ 9 ડિસેમ્બર, 2021ના રોજ 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (સુધારા)' વિધેયક 2021 પસાર કર્યું હતું.**

→ આ ખરડા અંતર્ગત મોહાલી સિવાયની 6 વધુ ફાર્માસ્યુટિકલ શિક્ષણ અને સંશોધન સંસ્થાઓને રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓનો દરજ્જો અપાયો છે. આ સંસ્થાઓમાં અંડરગ્રેજ્યુએટ અને ડિપ્લોમા અભ્યાસક્રમો દાખલ કરાશે અને તેના માટે એક સલાહકાર પરિષદ રચાશે.

→ આ ખરડાએ અમદાવાદ, હૈદરાબાદ, હાજીપુર, રાયબરેલી, કોલકાતા અને ગુવાહાટીમાં સ્થિત 6 નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચને રાષ્ટ્રીય મહત્વની સંસ્થા ઘોષિત કરી હતી. ફાર્માસ્યુટિકલ શિક્ષણ, સંશોધનના વિકાસ અને ધોરણોની જાળવણી સુનિશ્ચિત કરવાના પ્રયાસમાં સંસ્થાઓમાં પ્રવૃત્તિઓના સંકલન માટે કાઉન્સિલ (પરિષદ)ની રચનાની જોગવાઈ બિલમાં કરાઈ છે. આ પરિષદમાં ચેરપર્સન અને વાઈસ ચેરપર્સનની નિમણૂંક કરવામાં આવશે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે પાંચ રાજ્યો આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર અને ઓડિશાના આકાંક્ષી જિલ્લાઓના અસ્પૃશ્ય ગામોમાં 4G આધારિત મોબાઈલ સેવાઓની જોગવાઈ માટે યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ (USOF - સાર્વભૌમિક સેવા દાયિત્વ નિધિ) યોજનાને મંજૂરી આપી છે.**

→ આ યોજનામાં 5 રાજ્યોના 44 આકાંક્ષી જિલ્લાઓના 7,287 ગામોમાં 4G આધારિત મોબાઈલ સેવાઓ ઉપલબ્ધ કરાવવાની કલ્પના કરાઈ છે. તેને USOF દ્વારા નાણાંપોષણ પૂરું પડાશે. તેનાથી આત્મનિર્ભરતા, શીખવાની સુવિધા, માહિતી અને જ્ઞાનના પ્રસાર, કૌશલ્ય અપગ્રેડેશન તથા વિકાસ, આપદા પ્રબંધન, ઈ–ગવર્નન્સ પહેલ, ઉદ્યમોની સ્થાપના તથા ઈ–કોમર્સ સુવિધાઓ આદિ માટે ઉપયોગી ડિજિટલ કનેક્ટિવિટીને પ્રોત્સાહન મળશે. તે ઘરેલું ઉત્પાદનને ઉત્તેજન આપવા અને આત્મનિર્ભર ભારત વગેરેના ઉદ્દેશોને પૂરાં કરવા માટે ડિજિટલ ઈન્ડિયાના દૃષ્ટિકોણને હાંસલ કરવા માગે છે.

❖ **કોલસા અને ખાણ ખનન મંત્રી પ્રહલાદ જોષીએ ખનિજોની શોધખોળ માટે એક્રિડિટેશન સ્કીમનું ઈ–પોર્ટલ લોન્ચ કર્યું છે.**

→ કોલસા મંત્રીએ 15 રાજ્યોના સરકારી પ્રતિનિધિઓને 52 ખાણકામ બ્લોક પણ સોંપ્યા હતા. આ યોજના નવી દિલ્હીમાં ખાણ અને ખનિજો પરના 5મા રાષ્ટ્રીય સંમેલનમાં શરૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીએ કોલસા અને ખાણ ક્ષેત્રમાં ગત 3 વર્ષના 149 પુરસ્કારો પણ એનાયત કર્યા હતા. આ ક્ષેત્રોને તેમના 5 સ્ટાર રેટિંગ પ્રદર્શન અને સતત ખનન માટે સન્માનિત કરાયા હતા. જ્યોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા સ્વીકૃત કરાયેલા 52 બ્લોકો પણ તેમણે 15 રાજ્યોને સોંપ્યા હતા.

→ આ ઈ–પોર્ટલ ખાણકામ પ્રક્રિયાની શોધખોળ અને અરજી પ્રક્રિયાને સરળ બનાવશે. કોલસાની હરાજી સમયે પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં પણ યોગદાન આપશે. આ પોર્ટલ તમામ હિતધારકોને એક મંચ પર લાવશે.

❖ **નેશનલ કમિશન ફોર વીમેન (રાષ્ટ્રીય મહિલા આયોગ–NCW)એ 7 ડિસેમ્બર, 2021ના રોજ મહિલા રાજકારણીઓ માટે 'શી ઈઝ એ ચેન્જમેકર (She is a Changemaker) પ્રોગ્રામ' લોન્ચ કર્યો છે.**

→ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના રાજકીય પક્ષોના કાર્યકરો અને પદાધિકારીઓ સહિત ગ્રામ પંચાયતથી લઈને સંસદ એમ તમામ સ્તરોએ મહિલા પ્રતિનિધિઓ માટેનો ક્ષમતા નિર્માણ કાર્યક્રમ સમગ્ર ભારતમાં શરૂ કરાયો છે. ક્ષેત્રવાર તાલીમ સંસ્થાઓ સાથેના સંકલનમાં ક્ષમતા નિર્માણ કાર્યક્રમ હાથ ધરાશે. પ્રોગ્રામનો મુખ્ય હેતુ મહિલા રાજકીય નેતાઓનું ક્ષમતા નિર્માણ કરવાનો છે. શી ઈઝ એ ચેન્જમેકર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છેક છેવાડાના સ્તરના મહિલા રાજકીય આગેવાનોના નેતૃત્વ અને નિર્ણય લેવાના કૌશલ્ય સહિત તેમના સંચાર કૌશલ્ય તથા ભાષણ અને લેખન કૌશલ્યમાં સુધારો કરવાનો છે.

→ NCWના ચેરપર્સન રેખા શર્માએ મહારાષ્ટ્રના થાણે જિલ્લાના એક બિનનફાકારક સંગઠન રામભાઉ મહાલ્ગી પ્રબોધિની સાથેના સહયોગમાં લોન્ચ કર્યો હતો

❖ **મહાપરિનિર્વાણ દિવસ (6 ડિસેમ્બર, 2021)ના અવસરે કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. વીરેન્દ્રકુમારે ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર, નવી દિલ્હી પરિસરમાં ડૉ.આંબેડકર ફાઉન્ડેશન દ્વારા આયોજિત કાર્યક્રમ દરમિયાન 'શ્રેષ્ઠ યોજના' અને 'રાષ્ટ્રીય ફેલોશિપ વ્યવસ્થાપન' અને 'ફરિયાદ નિવારણ પોર્ટલ' (National Fellowship Management and grievance Redressal Protal) નો શુભારંભ કર્યો છે.**

→ શ્રેષ્ઠ યોજના પ્રતિષ્ઠિત ખાનગી શાળાઓમાં ગુણવત્તાપૂર્ણ આવાસીય શિક્ષણ પ્રદાન કરીને અનુસૂચિત જાતિ (SC)ના વિદ્યાર્થીઓના સામાજિક–આર્થિક ઉત્થાન અને સમગ્ર વિકાસનું સમર્થન કરશે.

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના બલરામપુર ખાતેથી 'સરયૂ નહેર રાષ્ટ્રીય પરિયોજના'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ આ પરિયોજના પૂર્વીય ઉત્તર પ્રદેશના 9 જિલ્લાઓ બહરાઈચ, શ્રાવસ્તી, બલરામપુર, ગોંડા, સિદ્ધાર્થનગર, બસ્તી, સંત કબીરનગર, ગોરખપુર અને મહારાજગંજનો સમાવેશ થાય છે. આ પરિયોજના અંતર્ગત ઘાઘરા, સરયૂ, રાપ્તી, બાણગંગા અને રોહિણીને જોડવામાં આવી છે, જેમાં ઘાઘરા નદી સરયૂ નદી સાથે, સરયૂ નદી રાપ્તી નદી સાથે, રાપ્તી નદી બાણગંગા સાથે અને બાણગંગા નદી રોહિણી નદી સાથે ક્રમશઃ જોડવામાં આવી છે. આ પરિયોજના અટલબિહારી વાજપેયીના સ્વપ્ન 'નદી જોડો પરિયોજના'ને પણ સાર્થક કરે છે.

❖ **ભારતીય સૈન્યના પુણે સ્થિત દક્ષિણ કમાન્ડે દક્ષિણ સૈન્યના સૈનિકોની યુદ્ધની તૈયારી અને ઓપરેશનલ ક્ષમતા માટે રાજસ્થાન અને ગુજરાતના ટ્રેઈનિંગ ક્ષેત્રમાં 'દક્ષિણ શકિત' નામક સૈન્ય અભ્યાસ યોજ્યો હતો, જેણે દેશના કુલ ભૂમિભાગના 41% ને આવરી લીધો હતો.**

→ દક્ષિણ શકિત પશ્ચિમ મોરચે દેશનો પ્રથમ એકીકૃત યુદ્ધાભ્યાસ છે. ભારતની પશ્ચિમ સરહદ પર ગુજરાતના સરક્રીકથી જૈસલમેરના રણ (રાજસ્થાન) સુધી યુદ્ધાભ્યાસ કર્યો હતો. આ યુદ્ધાભ્યાસમાં ભારતીય સૈન્ય, ભારતીય વાયુસેના, ભારતીય નૌસેના, ભારતીય તટરક્ષક દળ, સીમા સુરક્ષા બળ સહિત સ્થાનિક પોલીસે પણ ભાગ લીધો. નોંધનીય છે કે, સાગર શકિત અભ્યાસનું 19 થી 22 નવેમ્બર, 2021 દરમિયાન કચ્છ દ્વીપકલ્પના ક્રીક સેક્ટરમાં આયોજન થયું હતું.

❖ **તાજેતરમાં વડાપ્રધાનની આર્થિક સલાહકાર સમિતિ (EAC-PM) એ ભારતમાં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાત્મકતાનો સૂચકાંક (ઈન્ડેક્સ ઓન ફાઉન્ડેશન લિટરસી એન્ડ ન્યુમેરસી) શીર્ષકથી એક અહેવાલ જાહેર કર્યો હતો.**

→ ભારતમાં સાક્ષરતા દર અંગેનો અહેવાલ એ ભારતીય રાજ્યોમાં 10 વર્ષથી ઓછી વયના બાળકોમાં સાક્ષરતાનો સંકેતક છે જેને વધુમાં વિવિધ શ્રેણીઓમાં વિભાજિત કરાયો છે. મોટા રાજ્યોની શ્રેણીમાં પશ્ચિમ બંગાળ ટોચના સ્થાને જ્યારે બિહાર તળિયે છે તો નાના રાજ્યોની શ્રેણીમાં કેરળ મોખરે છે.

ફાઉન્ડેશનલ લિટરસી ઈન્ડેક્સ અંતર્ગત, રાજ્યોને ચાર શ્રેણીઓ – મોટા રાજ્યો, નાના રાજ્યો, ઈશાનના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરવામાં આવ્યા છે. ઈન્ડેક્સ ઓન ફાઉન્ડેશન લિટરસી એન્ડ ન્યુમેરસી અંગેનો રિપોર્ટ ઈન્સ્ટિટ્યૂટ ફોર કમ્પિટિટિવનેસ દ્વારા તૈયાર અને ECA To PM દ્વારા જાહેર કરાયો છે.

→ દેશમાં પ્રાથમિક ધોરણોમાં અભ્યાસ કરતાં આશરે 12 કરોડ બાળકો વિષે આવેલા આ રિપોર્ટમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. 5મા ધોરણનાં આશરે 50% બાળકો બીજા ધોરણનાં પુસ્તકો પણ વાંચી શકતાં નથી. એટલું જ નહીં, 5મા ધોરણનાં 24.5% અને 7મા ધોરણનાં 24% બાળકો જ બાદબાકી વિષે જાણે છે. અહેવાલ મુજબ, ગુજરાતમાં છોકરાઓ કરતાં છોકરીઓમાં ભણતરનું પ્રમાણ 17% ઓછું છે. એટલું જ નહીં, રાજ્યની શાળાઓમાં માળખાકીય સુવિધાઓની દૃષ્ટિએ પણ રાષ્ટ્રીય સરેરાશ કરતાં ગુજરાતનો દેખાવ નબળો છે. અહેવાલ અનુસાર, કુલ 40 માપદંડોમાંથી 32માં ગુજરાતનું પ્રદર્શન નબળું છે.

→ આ ઈન્ડેક્ષમાં 50ના સ્કોર સાથે મોટા રાજ્યની શ્રેણીમાં ગુજરાત પાંચમાં સ્થાને રહ્યું.

## આંતરરાજ્ય

❖ **મણિપુરમાં ટૂંક સમયમાં વિશ્વનો સૌથી ઊંચો રેલ બ્રિજ પિયર (થાંભલો) બનાવવામાં આવશે.**

→ મણિપુરની નોની ઘાટીમાં ભારતીય રેલવે દ્વારા આ પુલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જેની ઊંચાઈ 141 મીટર છે. તે મહત્વાકાંક્ષી 111 કિમી લાંબી જીરીબામ–ઈમ્ફાલ રેલવે લાઈનનો એક ભાગ છે. આ પુલ 139 મીટરની ઊંચાઈના માલા–રિજેકા વાયડકટનો રેકોર્ડ તોડશે.

❖ **નાગાલેન્ડ પોલીસે સત્તાવાર રીતે 'કોલ યોર કોપ' મોબાઈલ એપ લોન્ચ કરી.**

→ આ એપ કોહિમા હેડકવાર્ટર ખાતે લોન્ચ કરવામાં આવી હતી. આ એપ સંકટગ્રસ્ટ લોકો સહિત રાજ્યના તમામ નાગરિકોને પોલીસનો સંપર્ક કરવામાં સક્ષમ બનાવશે. આ પહેલ સમગ્ર દેશમાં પોલીસ વિભાગના સંપૂર્ણ આધુનિકીકરણને અનુરૂપ છે આ એપની મહત્વની વિશેષતાઓમાં એલર્ટ, ડિરેક્ટરી, SOS ટૂરિસ્ટ ટિપ્સ, નજીકનું પોલીસ સ્ટેશન અને સર્ચનો સમાવેશ થાય છે.

❖ **તાજેતરમાં ભારતીય નૌકાદળે ગોવાના મુકિત દિવસની ડાયમંડ જ્યુબિલી (60 વર્ષ) નિમિત્તે એક સેમિનારનું આયોજન કર્યું હતું.**

→ આ દિવસ એ પ્રસંગને ચિહ્નિત કરે છે જ્યારે ભારતીય સશસ્ત્ર દળોએ વર્ષ 1961માં ગોવાને 450 વર્ષના પોર્ટુગીઝ શાસનમાંથી મુકત કરાવ્યું હતું. નોંધનીય છે કે ગોવા મુકિત દિવસ દર વર્ષે 19 ડિસેમ્બરે મનાવવામાં આવે છે. જ્યારે ગોવા રાજ્ય સ્થાપના દિવસ 30 મે ના રોજ મનાવવામાં આવે છે.

→ વર્ષ 1961માં પોર્ટુગીઝ સાથેના રાજદ્વારી પ્રયાસોની નિષ્ફળતા પછી, ઓપરેશન વિજયમાં ભારત સરકાર દ્વારા 19 ડિસેમ્બરે દમણ અને દીવ અને ગોવાને ભારતીય મુખ્ય ભૂમિ સાથે જોડવામાં આવ્યા હતા.

❖ **તાજેતરમાં વડાપ્રધાને ઉત્તર પ્રદેશના વારાણસીમાં 'કાશી વિશ્વનાથ કોરિડોર પ્રોજેક્ટ'ના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યું છે.**

→ આ પ્રોજેક્ટના ભાગરૂપે 23 ઈમારતો – પ્રવાસી સુવિધા કેન્દ્ર, વૈદિક કેન્દ્ર, મુમુક્ષુ ભવન, ભોગશાળા, સિટી મ્યુઝિયમ, વ્યુઈંગ ગેલેરી, ફૂડ કોર્ટ વગેરેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.

❖ **તાજેતરમાં પૂર્વોત્તર ક્ષેત્રના કારીગરો માટે પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રાલય હેઠળ 'આત્મનિર્ભર હસ્તકલા યોજના'ની જાહેરાત કરવામાં આવી છે.**

→ આ ક્ષેત્રમાં કામ કરતા નાના પાયાના હસ્તકલાકારોને વિકસાવવાના હેતુથી આ ક્ષેત્રને લગતી અન્ય પ્રવૃત્તિઓ સ્થાપવા/વિસ્તરણ/આધુનિકીકરણ/કાર્યકારી મૂડીની જરૂરિયાત માટે મુદત લોનના સ્વરૂપમાં નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.

→ યોજનાના પ્રારંભ સમયે આયોજિત સમારોહ દરમિયાન કુલ 17 હસ્તકલાકારોને કારીગર દીઠ રૂ.1 લાખની લોન સહાય પૂરી પાડવામાં આવી છે.

❖ **પાઈલોટ પ્રોજેક્ટ 'RE-HAB' (Reducing Elephant-Human Attacks using Bees) તાજેતરમાં આસામમાં શરૂ કરવામાં આવ્યો.**

→ આ પ્રોજેક્ટ માનવ–હાથીના સંઘર્ષની ઘટનાઓને ઘટાડવા માટે ગામડાઓના જંગલ અને પરિઘમાં મધમાખીની પેટીઓ સ્થાપિત કરવા પર ભાર મૂકે છે. તે માનવ વસાહતોમાં હાથીઓના હુમલાને નિષ્ફળ બનાવવા માટે "મધમાખીથી બનેલી વાડ" બાંધવા સંબંધિત કાર્યક્રમ છે.

❖ **સરકારે તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરમાં પરંપરાગત 'નામદા શિલ્પ'ને પુનર્જીવિત કરવા અને પ્રોત્સાહન આપવા માટે એક પાઈલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જેનો ઉદ્દેશ્ય રાજ્યની 'કાર્પેટ' નિકાસને રૂ. 600 કરોડથી વધારીને રૂ. 6,000 કરોડ કરવાનો છે.**

→ 'નામદા પ્રોજેક્ટ' દ્વારા શ્રીનગર, બારામુલ્લા, ગાંદરબલ, બાંદીપોરા, બડગામ અને અનંતનાગ સહિત કાશ્મીરના છ જિલ્લાઓમાં 30 નામદા કલસ્ટરોના 2,250 લોકોને લાભ આપવામાં આવશે. 'નમદા' એ સામાન્ય વણાટની પ્રક્રિયાને બદલે ફેલ્ટીંગ ટેકનીક દ્વારા ઘેટાંના ઊનમાંથી બનાવેલ એક 'ગાલિચો' છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના ગૌતમબુદ્ધનગરના જેવરમાં નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટનો શિલાન્યાસ રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની ઉપસ્થિતિમાં કર્યો હતો.**

→ જ્યોતિરાદિત્ય સિંધિયા અનુસાર, જેવર એરપોર્ટ રાષ્ટ્રના વિકાસમાં સહાય કરશે. તે એશિયાનું સૌથી મોટું તેમજ સાઉદી અરેબિયા, ડેનવર અને ડલાસ(અમેરિકા) બાદ વિશ્વનું ચોથું સૌથી મોટું એરપોર્ટ બનશે.

→ જેવર ખાતે સ્વિત્ઝર્લેન્ડની ઝ્યુરિક ઈન્ટરનેશનલ એરપોર્ટ AGની 100% સબસિડિયરી અને યમુના ઈન્ટરનેશનલ એરપોર્ટ પ્રાઈવેટ લિ. (YIAPL) દ્વારા કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ રાજ્ય સરકારની નિકટ ભાગીદારમાં PPP મોડલ અંતર્ગત નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટ વિકસાવાઈ રહ્યું છે. તેનું નિર્માણ વિશ્વસ્તરના એરપોર્ટ તરીકે કરાશે અને તે ભારત તથા ઉત્તર પ્રદેશ બન્નેના આર્થિક વિકાસ માટે ઉદ્દીપકની ભૂમિકા ભજવશે. આ એરપોર્ટના નિર્માણ સાથે ઉત્તર પ્રદેશ ભારતનું એકમાત્ર એવું રાજ્ય બનશે જ્યાં પાંચ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હશે.

→ નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટ ભારતનું સૌપ્રથમ નેટ–ઝીરો એમિશન્સ એરપોર્ટ હશે. એરપોર્ટમાં એક સમર્પિત ભૂમિ હશે જેને ફોરેસ્ટ પાર્ક તરીકે વિકસાવાશે. એરપોર્ટમાં મલ્ટિમોડલ ટ્રાન્ઝિટ હબ પણ છે. જેમાં હાઈ–સ્પીડ રેલ સ્ટેશનો, મેટ્રો, બસ, ટેકસી સર્વિસીઝ અને પ્રાઈવેટ પાર્કિંગ અડચણરહિત કનેક્ટિવિટી પૂરી પાડશે.

Banking Academy

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2,573 કરોડ રૂપિયાના 7 પ્રોજેકટ્સનું ઉદ્‌ઘાટન કર્યું અને દેહરાદૂન, ઉત્તરાખંડમાં 15,728 કરોડ રૂપિયાના 11 પ્રોજેકટ્સની આધારશિલા મૂકી હતી.**

→ પ્રોજેકટ્સના ઉદ્‌ઘાટનમાં ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી પણ સામેલ થયા હતા. ઉત્તરાખંડના વિકાસ માટે છેલ્લા પાંચ વર્ષોમાં કેન્દ્ર સરકાર દ્વારા 1 લાખ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેકટ્સની મંજૂરી આપવામાં આવી છે.

→ વડાપ્રધાન મોદીએ દિલ્હી–દેહરાદૂન ઈકોનોમિક કોરિડોર પ્રોજેકટની આધારશિલા રાખી હતી, જે લગભગ 8,300 કરોડ રૂપિયાના ખર્ચે વિકસિત કરાશે. હરિદ્વાર, મુઝફ્ફરનગર, શામલી, યમુનાનગર, બાગપત, મેરઠ અને બડોત સાથે કનેકિટવિટી માટે આ કોરિડોરમાં 7 મુખ્ય ઈન્ટરચેન્જ હશે. તેમાં 500 મીટરના અંતરાલે રેઈન વોટર હાર્વેસ્ટિંગ અને 400થી વધુ વોટર રિચાર્જ પોઈન્ટની વ્યવસ્થા હશે. તેમાં અપ્રતિબંધિત વન્યજીવ પ્રવૃત્તિ માટે એશિયાનો સૌથી મોટો વાઈલ્ડલાઈફ એલિવેટેડ કોરિડોર (12 કિલોમીટર) હશે. વન્યજીવો પર માનવીય અસર ઓછી કરવા માટે દત કાલી મંદિર, દેહરાદૂન પાસે 340 મીટર લાંબી ટનલ પણ સામેલ છે.

→ વડાપ્રધાન મોદીએ લગભગ 1,700 કરોડ રૂપિયાના ખર્ચે બની રહેલા દેહરાદૂન પાંવટા સાહિબ (હિમાચલ પ્રદેશ) રોડ પ્રોજેકટનો શિલાન્યાસ કર્યો હતો.

❖ **તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે ઉત્તર ભારતના મહત્વના રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી પૂર્વે કેન–બેતવા નદી આંતરજોડાણ પ્રોજેકટને મંજૂરી આપી દીધી છે.**

→ આ પ્રોજેકટમાં મધ્ય પ્રદેશની કેન નદીમાંથી ઉત્તર પ્રદેશની બેતવા નદીમાં ફાજલ પાણીના સ્થળાંતરની કલ્પના કરાઈ છે. કેન–બેતવા લિંક નહેર 221 કિમી લાંબી હશે, જેમાં 2 કિ.મી. લાંબી સુરંગ પણ હશે.

❖ **નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ (NTPCR) આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ નજીક સિમ્હાદ્રી ખાતે ઈલેકટ્રોલાઈઝરના ઉપયોગ થકી હાઈડ્રોજન ઉત્પાદન માટે 'સ્ટેન્ડઅલોન ફયુઅલ સેલ આધારિત માઈક્રોગ્રિડ' પ્રોજેકટ સ્થાપશે.**

→ આ પ્રોજેકટ ભારતનો સૌથી પહેલો અને વિશ્વના સૌથી મોટા ગ્રીન હાઈડ્રોજન માઈક્રોગ્રિડ પ્રોજેકટ પૈકીનો એક પ્રોજેકટ છે. વીજ મંત્રાલય અનુસાર, તે વર્ષ 2070 સુધીમાં કાર્બન તટસ્થ (કાર્બન ન્યૂટ્રલ) થવાના લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવશે. પ્રોજેકટ અંતર્ગત નજીક રહેલા ફ્લોટિંગ સોલર પ્રોજેકટથી વીજળી લઈ એડવાન્સ્ડ 240 KW સોલિડ ઓકસાઈડ ઈલેકટ્રોલાઈઝર થકી હાઈડ્રોજન ઉત્પન્ન કરવામાં આવશે.

❖ **દિલ્હી સરકારે મુખ્યમંત્રી તીર્થયાત્રા યોજના હેઠળ પાકિસ્તાનમાં સ્થિત કરતારપુર સાહિબ અને તમિલનાડુમાં આવેલા વેલંકન્ની ચર્ચને જોડવાની ઘોષણા કરી હતી.**

→ દિલ્હી સરકારે હાલના 13 મુસાફરી રૂટોમાં બે રૂટો ઉમેરવાનો પણ નિર્ણય કર્યો હતો. આ નવા રૂટોમાં દિલ્હી–વેલંકન્ની–દિલ્હી અને દિલ્હી–કરતારપુર સાહિબ–દિલ્હીનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ 60 વર્ષથી વધુ ઉંમર ધરાવતા દિલ્હી નિવાસી પોતાના પતિ કે પત્ની સાથે મફત યાત્રા કરવા માટે પાત્રતા ધરાવે છે. આ યોજના માટે આવકની કોઈ મર્યાદા રાખવામાં આવી નથી. જો કે, 'પહેલાં આવો–પહેલા પામો'ના આધારે આર્થિક રીતે નબળાં વર્ગના લોકોને પ્રાથમિકતા આપવામાં આવશે.

❖ **કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારામને જમ્મુ–કાશ્મીરની 18-35 વર્ષની મહિલાઓ માટે પોતાનો વ્યવસાય શરૂ કરવા 'તેજસ્વિની' અને 'હોસલા' નામક બે યોજનાઓ શરૂ કરી અને જમ્મુ તથા કાશ્મીરમાં પ્રવાસનના વિકાસ માટે શિખર અને શિકારા યોજનાઓ શરૂ કરી છે.**

→ નાણાં મંત્રી સીતારામન અને જમ્મુ–કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજસિંહાએ જમ્મુ યુનિવર્સિટીમાં જનરલ જોરાવરસિંહ ઓડિટોરિયમ પરિસરમાં જમ્મુ–કાશ્મીરની બેંકર સમિતિ દ્વારા આયોજિત ક્રેડિટ આઉટરીચ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

→ જમ્મુ–કાશ્મીર બેંકની તેજસ્વિની અને હોસલા યોજનાઓ : તેજસ્વિની યોજના 18-35 વર્ષની મહિલાઓને વ્યવસાય શરૂ કરવા માટે રૂ. 5 લાખની નાણાકીય સહાય પ્રદાન કરવા પર કેન્દ્રીત છે.

→ પંજાબ નેશનલ બેંક (PNB)ની શિખર અને શિકારા યોજનાઓ : શિખર યોજના હોટલ, ટુર અને પ્રવાસન ઉદ્યોગ માટે 2 કરોડ રૂપિયા સુધીની લોન જરૂરિયાતો પૂર્ણ કરવા પર કેન્દ્રીત છે. શિકારા યોજના અંતર્ગત કાશ્મીર ઘાટીમાં શિકારા (નદી કે સરોવરમાં ફરવા માટે વપરાતી એક પ્રકારની હોડી)ની ખરીદી/રિપેરિંગ માટે રૂ. 15 લાખ સુધીની લોન આપવામાં આવશે.

❖ **કેરળ પ્રવાસન વિભાગે કેરળના આંતરિક વિસ્તારો સુધી પર્યટનનો વ્યાપ વધારવા માટે પાઈલોટ પ્રોજેકટના ધોરણે 7 જિલ્લાઓમાં પસંદગીના સ્થળોએ 'સ્ટ્રીટ પ્રોજેકટ' શરૂ કર્યો છે.**

→ આ સ્ટ્રીટનો અર્થ STREET - સસ્ટેનેબલ, ટેન્જિબલ, રિસ્પોન્સિબલ, એકસપીરિયન્શિયલ, એથનિક, ટુરિઝમ હબ્સ થાય છે.

❖ **તાજેતરમાં મેઘાલયના શિલોંગમાં 'ચેરી બ્લોસમ ફેસ્ટિવલ', 2021 નું આયોજન કરવામાં આવ્યું.**

→ શિલોંગ ચેરી બ્લોસમ ફેસ્ટિવલ, 2021નું ઉદ્‌ઘાટન મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે. સંગ્મા અને ભારતમાં જાપાનના રાજદૂત સાતોશી સુઝુકીએ કર્યું હતું. આ ઉત્સવ મેઘાલયમાં 2 સ્થળો વાર્ડ લેક અને પોલો ગ્રાઉન્ડમાં આયોજિત કરવામાં આવ્યો હતો. આ વાર્ષિક ઉત્સવ ફૂલો સંપૂર્ણપણે ખીલવાની ઋતુમાં મનાવાય છે.

❖ **નાગાલેન્ડમાં કિસામા (કોહિમા)ના નાગા હેરિટેજ વિલેજમાં 'ઉત્સવોના ઉત્સવ' તરીકે ઓળખાતા 22મા હોર્નબિલ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન આસામ અને નાગાલેન્ડના રાજ્યપાલ પ્રો.જગદીશ મુખીએ કર્યું હતું.**

→ આ મહોત્સવ નાગાલેન્ડના સ્થાનિક યોદ્ધા આદિવાસીઓનો સૌથી મોટો ઉત્સવ છે, જેને સામાન્ય રીતે 10 દિવસ સુધી મનાવવામાં આવે છે. આ તહેવારને ધનેશ પક્ષી ઉત્સવ તરીકે પણ ઓળખવામાં આવે છે.

❖ **તાજેતરમાં બંગાળની ખાડીમાં 'જવાદ' નામનું ચક્રવાત ઉદ્‌ભવ્યું હતું.**

→ 5 ડિસેમ્બર, 2021ની બપોર સુધીમાં ઓડિશામાં પુરીના દરિયાકાંઠે ટકરાય એ પૂર્વે જ વાવાઝોડું નબળું પડી જતાં આંધ્ર પ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળને મોટી રાહત થઈ હતી. વાવાઝોડાને નામ આપવાની વ્યવસ્થા હેઠળ આ વખતે નામકરણનો વારો સાઉદી અરેબિયાનો હતો. તેણે વાવાઝોડાનું નામ જવાદ રાખ્યું હતું જેનો અર્થ ઉદાર અથવા દયાળુ થાય છે.

❖ **આંધ્ર પ્રદેશ સરકારે આંધ્ર પ્રદેશ વિકેન્દ્રીકરણ અને તમામ ક્ષેત્રોના સમાવેશી વિકાસ અધિનિયમને રદ કરવા અને કેપિટલ રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (CRDA) રિપીલ એક્ટ, 2020 માટે વિધેયક પસાર કર્યું છે.**

→ આ વિધેયક નાણાં અને ધારાકીય બાબતોના મંત્રી બુગના રાજેન્દ્રનાથ રેડ્ડીએ પ્રસ્તુત કર્યું હતું. આંધ્ર પ્રદેશે રાજ્ય માટે 3 રાજધાનીઓ માટે જુલાઈ 2020માં આંધ્ર પ્રદેશ વિકેન્દ્રીકરણ અને તમામ ક્ષેત્રોનો સમાવેશી વિકાસ અધિનિયમ, 2020 સૂચિત કર્યો હતો. આ 3 રાજધાનીઓ અમરાવતી : ધારાકીય રાજધાની, વિશાખાપટ્ટનમ : વહીવટી રાજધાની, કુર્નૂલ : ન્યાયિક રાજધાની જાહેર કરી હતી. વર્તમાન સરકારે અમરાવતીમાં મહત્વાકાંક્ષી વિશ્વસ્તરીય રાજધાની શહેર બનાવવા માટે પાછલી સરકારના નિર્ણયને રદ કરવાનો નિર્ણય કર્યો છે.

❖ **જમ્મુ–કાશ્મીરના કુલગામ જિલ્લા પ્રશાસન અને પર્યટન વિભાગે કાશ્મીરમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે કુલગામમાં પ્રથમવાર અહરબલ મહોત્સવનું આયોજન કર્યું હતું.**

→ અહરબલ ધોધને કાશ્મીરના 'નાયગ્રા ધોધ' તરીકે ઓળખવામાં આવે છે, જે જમ્મુ–કાશ્મીરમાં કાશ્મીર ઘાટીના દક્ષિણ–પશ્ચિમ ભાગમાં હિલ સ્ટેશન પર છે.

❖ **ઉત્તરપ્રદેશના વારાણસીનો ટ્રાફિક ઓછો કરવા માટે જાહેર પરિવહનના સાધન તરીકે રોપવે શરૂ કરનારૂં પ્રથમ ભારતીય શહેર બનવા તૈયાર છે.**

→ પ્રસ્તાવિત રોપવેનું નિર્માણ કેન્ટ રેલવે સ્ટેશન (વારાણસી જંકશન)થી ચર્ચ સ્કેવર (ગોડોલિયા) વચ્ચે 3.45 કિ.મી.નો હવાઈ અંતર આવરીને કરવામાં આવશે. જાહેર પરિવહન માટે રોપવેનો ઉપયોગ કરનારા બોલિવિયા અને મેક્સિકો બાદ ભારત વિશ્વનો ત્રીજો દેશ બનશે.

❖ **મધ્ય પ્રદેશના ગૃહ મંત્રી નરોત્તમ મિશ્રાએ ઘોષણા કરી હતી કે મધ્ય પ્રદેશની કેબિનેટે સાયબર તાલુકો બનાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે.**

→ મધ્ય પ્રદેશ સાયબર તાલુકો મેળવનારું ભારતનું પ્રથમ રાજ્ય બનવા તૈયાર છે. કેબિનેટે નાગરિકોને ઊર્જા સાક્ષર બનાવવાના ઉદ્દેશથી 25 નવેમ્બર, 2021થી ઊર્જા સાક્ષરતા અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાન અંતર્ગત રાજ્યની સ્કૂલ, કોલેજ અને સામાન્ય લોકોને જોડવામાં આવશે. આ લોન્ચ સાથે મધ્ય પ્રદેશ મોટાપાયે ઊર્જા સાક્ષરતા અભિયાન ચલાવનારૂં ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે.

❖ **દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તાજેતરમાં સંકલ્પ વ્યક્ત કર્યો હતો કે વર્ષ 2025 સુધીમાં યમુના નદીને સંપૂર્ણ સ્વચ્છ કરી દેવામાં આવશે.**

→ પવિત્ર નદીને સ્વચ્છ કરવા તેમણે 6 મુદ્દાના એક્શન પ્લાનની ઘોષણા કરી હતી. તેમણે વર્ષ 2025 સુધીમાં યમુના નદીને પીવા તથા નહાવા માટે ફિટ બનાવવાનું વચન પણ આપ્યું હતું.

❖ **મધ્યપ્રદેશમાં ભોપાલના હબીબગંજ રેલવે સ્ટેશન બાદ વધુ એક રેલવે સ્ટેશનનું નામ બદલવામાં આવ્યું છે.**

→ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ઘોષણા કરી હતી કે, ઈન્દોરના પાતાલપાની રેલવે સ્ટેશનનું નામ બદલીને ટંટયા મામા રેલવે સ્ટેશન કરવામાં આવશે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગોરખપુર (ઉત્તર પ્રદેશ)માં 10,000 કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટોનું ઉદ્‌ઘાટન કર્યું જેમાં ફર્ટિલાઈઝર (ખાતર) પ્લાન્ટ, ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ (AIIMS) અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)ના પ્રાદેશિક કેન્દ્રનું એક નવું બિલ્ડિંગ સામેલ છે.**

→ AIIMS અને ફર્ટિલાઈઝર પ્લાન્ટની આધારશિલા 5 વર્ષ પહેલાં એટલે કે 2016માં મૂકી હતી. આ પ્રોજેક્ટ હિન્દુસ્તાન ઉર્વરક એન્ડ રસાયણ લિમિટેડ (HURL)ના ઉપલક્ષ્યમાં સ્થાપવામાં આવ્યો છે, જે રાષ્ટ્રીય તાપ વિદ્યુત નિગમ, કોલ ઈન્ડિયા લિમિટેડ, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ, ફર્ટિલાઈઝર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને હિન્દુસ્તાન ફર્ટિલાઈઝર કોર્પોરેશન લિમિટેડની સંયુક્ત સાહસ કંપની છે.

→ આઝાદી બાદ ભારતમાં માત્ર એક જ AIIMS હતી, ત્યારબાદ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ 6 નવી AIIMSને મંજૂરી આપી હતી. વર્તમાનમાં છેલ્લાં 7 વર્ષોમાં 16 નવી AIIMS બનાવવા માટે ભારતમાં કામ ચાલુ છે. ભારત સરકારનું લક્ષ્ય દેશના પ્રત્યેક જિલ્લામાં ઓછામાં ઓછી એક મેડિકલ કોલેજ સ્થાપવાનું છે. AIIMS ગોરખપુરની સ્થાપના પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના અંતર્ગત કરવામાં આવી છે.

## ગુજરાત

❖ **તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે RTI પોર્ટલનો શુભારંભ કરાવ્યો હતો.**

→ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુડ ગવર્નન્સના કોન્સેપ્ટને સાકાર કરતા નાગરિકોને અધિકાર–અન્વયે વધુ સક્ષમ બનાવવા RTI અરજીઓ અને સમગ્ર સેવાઓ ઓનલાઈન પૂરી પાડતા પોર્ટલનું ગાંધીનગરમાં લોન્ચિંગ કર્યું હતું. આ પોર્ટલ રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના વહીવટી સુધારણા તાલીમ વિભાગ અને સાયન્સ ટેક્નોલોજી વિભાગના GILના પરામર્શ–સહયોગથી કાર્યરત કરાયું છે. પ્રારંભિક તબક્કે રાજ્ય સરકારના વિભાગોમાં એટલે કે સચિવાલયમાં વિભાગીય સ્તરે કાર્યરત કરવામાં આવેલા આ ઓનલાઈન RTI પોર્ટલથી હવે મોટાભાગની માહિતી ઓનલાઈન મેળવી શકાશે.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે આયોજિત ગુજરાત ડ્રોન મહોત્સવનું લોકાર્પણ કર્યું હતું.**

→ ગુજરાત ડ્રોન મહોત્સવમાં કંપનીઓ વિદ્યાર્થીઓ અને ઉદ્યોગ સાહસિકો દ્વારા ડ્રોન ટેક્નોલોજી અને તેના ઉપયોગનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ ડ્રોન મહોત્સવના આયોજનમાં ગુજરાત સરકાર ઉપરાંત રાજ્યની વિવિધ ડ્રોન કંપનીઓ, ભારત સરકારનું ઉડ્ડયન મંત્રાલય, ડ્રોન ફેડરેશન ઓફ ઈન્ડિયા, ગુજરાત યુનિવર્સિટી અને IDSR જેવી સંસ્થાઓ સહભાગી થઈ હતી.

❖ **ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ (પ્રમુખ) તરીકે ઉત્તર ગુજરાતના OBC સમાજના નેતા જગદીશ ઠાકોરની પસંદગી કરાઈ છે.**

→ કોંગ્રેસના ધારાસભ્યોની 3 ડિસેમ્બર, 2021ની સાંજે ગાંધીનગરમાં મળેલી બેઠકમાં ગુજરાતના પ્રભારી ડો. રઘુ શર્માએ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતાપદે આદિવાસી સમાજના નેતા અને પાવી–જેતપુરના ધારાસભ્ય સુખરામ રાઠવાની વરણી કરી હતી.



Banking Academy

❖ **ગુજરાતનો સૌપ્રથમ પબ્લિક ડેટા પાર્ક ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન (SIR)માં બનાવાશે.**

→ ડેટા સેન્ટર સંરક્ષણ સંદર્ભે આ મહત્વનો ડેટા પાર્ક રાજ્યના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા બનાવાશે. ગુજરાત સરકાર દ્વારા ડેટા સેન્ટર પોલિસી પણ બનાવવામાં આવશે. તમિલનાડુના ચેન્નાઈમાં ડેટા સેન્ટર બનાવાયું છે.

❖ **અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલા વિશ્વના 2% ટોચના વૈજ્ઞાનિકોની યાદીમાં ગાંધીનગર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક હેલ્થના બે સંશોધકોને પણ સ્થાન મળ્યું છે.**

→ હેલ્થ સાયન્સ અને પબ્લિક હેલ્થ ફિલ્ડમાં પ્રો.દિલીપ માવળંકર અને ડો.મહાવીર ગોલેચાને આ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.

❖ **ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી ઉજવાઈ રહી છે તે સંદર્ભે ગુજરાતના યુવા અને સાંસ્કૃતિક બાબતોના મંત્રાલયે ઝવેરચંદ મેઘાણીની કર્મભૂમિ બોટાદના પાળિયાદ રોડ પર 'રાષ્ટ્રીય શાયર' નામક સંગ્રહાલય સ્થાપવાનું જાહેર કર્યુ છે.**

→ ઝવેરચંદ મેઘાણીનો ધોલેરા સત્યાગ્રહ તથા અન્ય મીઠાના સત્યાગ્રહો અને ધંધુકા કોર્ટમાં ઉચ્ચારાયેલું 'હજારો વર્ષ જૂની અમારી વેદનાઓ' વગેરે બાબતોને સંગ્રહાલયમાં વિશેષરૂપે દર્શાવવામાં આવશે.

❖ **વડનગર સિવિલ હોસ્પિટલ નજીક ખોદકામ દરમિયાન 15 × 15 મીટરનું કેપ્સ્યૂલ આકારનું સ્ટ્રકચર મળી આવ્યું છે.**

→ દેશમાં અગાઉ ત્રણ સ્થળેથી આવા સ્ટ્રકચર મળ્યાં હતા. ગુજરાતમાં વડનગરથી આ સ્ટ્રકચર મળતાં કુતૂહલ સર્જાયું છે. અહીં બૌદ્ધ લોકો પૂજા અર્ચના કરતા હોવાની પ્રતીતિ આ સ્ટ્રકચર દ્વારા થાય છે. ઐતિહાસિક નગરી વડનગરના પેટાળમાં ધરબાયેલા ઈતિહાસને ઉજાગર કરવા ભારતીય પુરાતત્વ વિભાગ દ્વારા વિવિધ વિસ્તારોમાં ઉત્ખનન કાર્ય કરાઈ રહ્યું છે. ત્યારે અહીંથી 2000 વર્ષ અગાઉની પુરાતન નગરીના અવશેષો મળી આવ્યા છે.

→ આશરે 1300 થી 2000 વર્ષ અગાઉના આ સ્ટ્રકચર પર બૌદ્ધ લોકો પ્રદક્ષિણા કરી પૂજા અર્ચના કરતા હોવાની માન્યતા છે. આવું સ્ટ્રકચર પહેલાં કોસંબી અને નાગાર્જુનકોંડામાંથી મળી આવ્યું છે.

❖ **સુરત મહાનગરપાલિકા ગુજરાતનું સૌથી મોટું અર્બન ફોરેસ્ટ 86 હેકટરમાં બનાવશે.**

→ આ બાયોડાઈવર્સિટી પાર્કમાં 85 પ્રજાતિઓના 6 લાખ વૃક્ષ–છોડ હશે. સતત વધતાં શહેરીકરણના પગલે જંગલો નષ્ટ થઈ રહ્યા છે ત્યારે આ બાયોડાઈવર્સિટી પાર્ક પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે. બમરોલીથી ભીમરાડ સુધીના ખાડી કિનારે આ પાર્ક વિકસિત કરાશે. જેમાં 80 કરોડની ગ્રાન્ટ સરકાર આપશે. પક્ષીઓને આકર્ષવા માટ વોટર ફાઉન્ટેશન, મૂવિંગ વોટર સાઉન્ડ, મડ (કાદવ) પુડિંગ બનાવાશે.

❖ **તાજેતરમાં આયોજિત 'સંવિધાન ગૌરવ યાત્રા'નો અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવ્યો હતો.**

→ 6 ડિસેમ્બરના રોજ મહેસાણા જિલ્લાના વડનગર ખાતે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ તેનું સમાપન કર્યું હતું.

❖ **ગુજરાતમાં મતદાર જાગૃતિ માટે કેન્દ્રીય ચૂંટણી પંચે ટોકયો પેરાલિમ્પિકમાં સિલ્વર મેડલ વિજેતા તેમજ અર્જુન એવોર્ડથી અલંકૃત ગુજરાતના પેરા ખેલાડી ભાવિના પટેલની સ્ટેટ આઈકોન તરીકે નિયુકિત કરી છે.**

❖ **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વિવિધ પ્રોજેકટસની કામગીરી સમીક્ષા હવેથી દર મહિનાના પ્રથમ બુધવારે સંબંધિત વિભાગોની ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કરશે.**

→ કોરોનામાં આર્થિક વિપરિત સ્થિતીનો સામનો કરી રહેલા નાના સ્ટ્રીટવેન્ડર્સ, ફેરિયાઓ–લારી ગલ્લા ધારકોને પુનઃ બેઠા કરવાની પી.એમ સ્વનિધિ યોજનાની સમીક્ષા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વતન ભૂમિ અને પ્રાચીન નગર વડનગરના સર્વગ્રાહી વિકાસ પ્લાન અન્વયે પ્રેરણા સ્કૂલ પ્રોજેકટ, આર્કીયોલોજીકલ એકસપરિમેન્ટ મ્યુઝિયમ, સ્વદેશ દર્શન પ્રોજેકટ અન્વયે વડનગરના વિવિધ ઐતિહાસિક સ્થાનોના રિ–ડેવલપમેનટ અંગેની તલસ્પર્શી માહિતી મેળવી હતી.

## આંતરરાષ્ટ્રીય

❖ **તાજેતરમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે સંયુકત લશ્કરી કવાયત 'શકિત 2021'ની છઠ્ઠી આવૃત્તિ 26 નવેમ્બર, 2021ના રોજ ફ્રાન્સમાં યોજાય હતી.**

→ આ કવાયત દરમિયાન બંને દેશોની સેનાઓએ આતંકવાદ અને કાઉન્ટર ઈમર્જન્સી વાતાવરણમાં કટ્ટરપંથી જૂથો પર તેમની લડાયક શકિતનું પ્રદર્શન કર્યું હતું.

→ નોંધનીય છે કે આ કવાયતની શરૂઆત વર્ષ 2011માં થઈ હતી. જે દ્વિવાર્ષિક કવાયત છે.

❖ **તાજેતરમાં બાર્બાડોસે રાણી એલિઝાબેથ II ને તેના રાષ્ટ્રના પ્રમુખ પદેથી સત્તાવાર રીતે દૂર કર્યા છે અને વિશ્વનું નવું પ્રજાસત્તાક દેશ બન્યો છે.**

→ બાર્બાડોસ 54 કોમનવેલ્થ દેશોમાંથી એક રહેશે. આ દેશ દક્ષિણપૂર્વીય કેરેબિયન સમુદ્રમાં એક નાનો ટાપુ દેશ છે.

❖ **તાજેતરમાં ભારત G20 ટ્રોઈકામાં જોડાયું છે અને તેની સાથે ભારતે આગામી વર્ષ માટે G20નું પ્રમુખ પદ સંભાળવાની પ્રક્રિયા શરૂ કરી છે.**

→ ટ્રોઈકા એટલે કે ત્રણ લોકોનું જૂથ એક સાથે કામ કરે છે. આ એક અંગ્રેજી શબ્દ . G20ની ટ્રોઈકા વર્તમાન, ભૂતકાળ અને આગામી અધ્યક્ષ દેશોની બનેલી છે. આ અંતર્ગત વર્તમાન ટ્રોઈકામાં ઈટાલી, ઈન્ડોનેશિયા અને ભારતનો સમાવેશ થાય છે. ભારત 1 ડિસેમ્બર 2022ના રોજ ઈન્ડોનેશિયામાંથી G20નું અધ્યક્ષપદ ગ્રહણ કરશે અને વર્ષ 2023માં G20 નેતાઓની સમિટ ભારતમાં પ્રથમ વખત યોજાશે.

❖ **Space X એ તાજેતરમાં 50 ઉપગ્રહો લોન્ચ કર્યા છે.**

→ આ ઉપગ્રહોને સ્ટારલિંક મેગા કોન્સ્ટેલેશનમાં સામેલ કરવામાં આવશે. આ ઉપગ્રહોને ફાલ્કન 9 રોકેટથી લોન્ચ કરવામાં આવ્યા હતા. Space X એ બ્લેકસ્કાય ગ્લોબલ નામના 48 સ્ટારલિંક ઉપગ્રહો અને બે પૃથ્વી અવલોકન ઉપગ્રહો લોન્ચ કર્યા છે. બ્લેકસ્કાય ગ્લોબલ એક ઉપગ્રહ નક્ષત્રનું નિર્માણ કરી રહ્યું છે જે પૃથ્વીના કોઈપણ ભાગની ઈમેજ પ્રદાન કરવા સક્ષમ છે તે 60 ઉપગ્રહોનું જૂથ છે.

❖ **તાજેતરમાં NASA એ તેનું નવું 'લેસર કોમ્યુનિકેશન્સ રિલે ડેમોન્સ્ટ્રેશન' (LCRD) – નાસાની પ્રથમ લેસર કમ્યુનિકેશન સિસ્ટમ – ફ્લોરિડામાં કેપ કેનાવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશનથી લોન્ચ કરી છે.**

→ 'લેસર કોમ્યુનિકેશન્સ રિલે ડેમોન્સ્ટ્રેશન' એજન્સીને અવકાશમાં ઓપ્ટિકલ કોમ્યુનિકેશનનું પરીક્ષણ કરવામાં મદદ કરશે. હાલમાં, નાસાના મોટાભાગના અવકાશયાન ડેટા મોકલવા માટે રેડિયો ફ્રીકવન્સી કોમ્યુનિકેશનનો ઉપયોગ કરે છે.

❖ **તાજેતરમાં જ જર્મન રાજકારણી 'ઓલાફ સ્કોલ્ઝ'એ જર્મનીના નવા ચાન્સેલર તરીકે શપથ લીધા છે અને આમ તેમણે 16 વર્ષ બાદ ઔપચારિક રીતે 'એન્જેલા મર્કેલ'નું સ્થાન લીધું છે.**

❖ **સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI), જે વૈશ્વિક શસ્ત્રોના વેપાર પર નજર રાખે છે, જેના અહેવાલ મુજબ 2020માં સંયુક્ત શસ્ત્રોના વેચાણની દ્દષ્ટિએ ત્રણ ભારતીય કંપનીઓ વિશ્વની ટોચની 100 કંપનીઓમાં સામેલ છે.**

→ આ યાદીમાં ત્રણ ભારતીય કંપનીઓ છે – 'હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ' (HAL), 'ઈન્ડિયન ઓર્ડનન્સ ફેક્ટરીઝ' અને 'ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ' (BEL).

→ વિશ્વભરની ટોચની 100 કંપનીઓમાં અમેરિકામાં સૌથી વધુ કંપનીઓ છે. આ સમયગાળા દરમિયાન અમેરિકા શસ્ત્રોનું વેચાણ 285 બિલિયન અમેરિકી ડોલર હતું, જે વર્ષ 2019 કરતાં 1.9% વધુ છે. ચીન 13% સાથે બીજા ક્રમે છે, ત્યારબાદ યુનાઈટેડ કિંગ્ડમ (7.1%) છે.

→ ભારતીય ઓર્ડનન્સ ફેક્ટરીઓ 1.9 બિલિયન અમેરિકી ડોલરના વેચાણ સાથે 60મા ક્રમે છે, જે પાછલા વર્ષની સરખામણીમાં 0.2% વધુ છે. HAL 2.97 બિલિયન અમેરિકી ડોલર સાથે 42મા ક્રમે છે, જે વર્ષ 2019ના વેચાણ કરતાં 1.5% વધુ છે. BEL 2019ની સરખામણીમાં 4% વધુ, શસ્ત્રોના વેચાણમાં 1.63 બિલિયન અમેરિકી ડોલર સાથે 66મા ક્રમે છે.

❖ **તાજેતરમાં ભારત અને માલદીવ વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ 'એકુવેરિન'ની 11મી આવૃત્તિ માલદીવના કઢધુ દ્વીપ ખાતે શરૂ થઈ છે.**

→ ભારત અને માલદીવ 2009 થી 'એકુવેરિન' અભ્યાસનું આયોજન કરી રહ્યા છે જેનો માલદીવિયન ભાષામાં અર્થ 'મિત્ર' થાય છે.

❖ **તાજેતરમાં સંશોધકોએ પ્રથમ ડાયનોસોરની પ્રજાતિની શોધ કરી છે જે 214 મિલિયન વર્ષો પહેલા ગ્રીનલેન્ડ પર રહેતી હતી.**

→ 1994માં, હાર્વર્ડ યુનિવર્સિટીના જીવાશ્મ પૂર્વ ગ્રીનલેન્ડમાં ખોદકામ દરમિયાન બે સારી રીતે સચવાયેલી ડાયનાસોરની કંકાલ શોધી કાઢયા હતા. નમૂનાઓમાંનો એક મૂળ પ્લેટોસોરસ પ્રજાતિનો હોવાનું માનવામાં આવતું હતું, જે જર્મની, ફ્રાન્સ અને સ્વિટ્ઝર્લેન્ડમાં જોવા મળતા પ્રખ્યાત લાંબા ગળાવાળા ડાયનાસોર છે. સંશોધકોએ નક્કી કર્યું છે કે તે એક નવી પ્રજાતિ છે, જેને 'ઈસ્સી સાનેક' નામ આપવામાં આવ્યું છે. જે મધ્યમ કદના, લાંબા ગળાવાળા ડાયનાસોર હતા, જે સોરોપોડ્સનો પુરોગામી હતો, જે અત્યાર સુધીના સૌથી મોટા ભૂમિ પ્રાણીઓ હતા. ઈસ્સી સાનેક અત્યાર સુધી શોધાયેલા અન્ય તમામ સોરોપોડોમોર્ફ્સથી અલગ છે.

❖ **તાજેતરમાં ઈકોનોમિસ્ટ ઈન્ટેલેજિન્સ યુનિટ દ્વારા વર્લ્ડવાઈડ કોસ્ટ ઓફ લિવિંગ રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો.**

→ જેમાં જણાવ્યું છે કે તેલ અવીવ (ઈઝરાયેલની રાજધાની) રહેવા માટે વિશ્વનું સૌથી મોંઘુ શહેર છે. આ રિપોર્ટ ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. તે વિવિધ શહેરોમાં વસવાટના સૂચકાંકોની કિંમતની તુલના કરે છે.

→ ઈઝરાયેલનું શહેર તેલ અવીવ પ્રથમ વખત રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું છે, તેણે ગયા વર્ષના ટોચના દેશ પેરિસને પાછળ છોડી દીધું છે, જ્યારે પેરિસ હવે સિંગાપોર સાથે બીજા સ્થાને છે. ત્યારબાદ ઝ્યુરિખ અને હોંગકોંગ છે. આ યાદીમાં ન્યૂયોર્ક છઠ્ઠા સ્થાને અને જીનીવા સાતમા સ્થાને છે.

→ અમદાવાદ (ગુજરાત)ને ભારતમાં સર્વેક્ષણમાં ભારતના ટોચના દસ સૌથી સસ્તા શહેરોમાં સૂચિબદ્ધ કરવામાં આવ્યું છે. દમાસ્કસ (સીરિયાની રાજધાની) સૌથી સસ્તા શહેરોમાં ટોચ પર છે. તે પછી સૌથી સસ્તા શહેરોની યાદીમાં ત્રિપોલી (લિબિયા), તાશકંદ (ઉઝબેકિસ્તાન), ટ્યુનિસ (ટ્યુનિશિયા) અને અલ્માટી (કઝાકિસ્તાન) આવે છે.

❖ **યુરોપિયન અંતરિક્ષ એજન્સી (ESA) પરિષદે યુરોપમાં અંતરિક્ષના ઉપયોગમાં ઝડપ લાવવા માટે માટોસિન્હોઝ મેનિફેસ્ટો ઘોષણાપત્રને મંજૂરી આપી છે.**

→ આ પરિષદે એક એવો પ્રસ્તાવ અપનાવ્યો છે, જે અંતરિક્ષમાં પોતાની પ્રવૃત્તિઓને જાળવી રાખવા અને તેના વિસ્તરણના સંદર્ભમાં યુરોપની રણનીતિ નિર્ધારિત કરે છે. આ ઉપરાંત પરિષદે વિજ્ઞાન ટેકનોલોજી વિકાસ અને પ્રેરણા માટે યુરોપિયન નેતૃત્વને સુદૃઢ કરવા માટે બે મિશનોને માન્યતા આપી છે. જેમાં 'ચંદ્ર પરથી નમૂના લાવવા' અને 'માનવ અંતરિક્ષ સંશોધન મિશન'નો સમાવેશ થાય છે.

❖ **યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (UNESCO)નું 41મું સામાન્ય સંમેલન પેરિસ, ફ્રાન્સમાં આયોજિત કરવામાં આવ્યું હતું.**

→ UNESCO માં બ્રાઝિલના કાયમી પ્રતિનિધિ રાજદૂત સેન્ટિયાગો ઈરાઝાબલ મૌરાઓએ સામાન્ય સંમેલનના 41મા સત્રના અધ્યક્ષ તરીકે પદભાર ગ્રહણ કર્યો છે. સામાન્ય સંમેલન બ્યૂરો અધ્યક્ષ, ઉપાધ્યક્ષો (36થી વધુ નહી) અને સમિતિઓના અધ્યક્ષો અને સામાન્ય સંમેલનના આયોગથી બનેલું છે. આ બ્યૂરોનું કાર્ય સત્રની સામાન્ય કામગીરીને નિર્દેશિત કરવામાં અધ્યક્ષની સહાય કરવાનું છે.

→ ઔદ્રે અઝોલેને UNESCOના ડાયરેકટર જનરલ (DG) તરીકે બીજીવાર ચૂંટવામાં આવ્યા છે. UNESCOના સભ્ય દેશોએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની નૈતિકતા અંગેની ભલામણો અપનાવી છે, જે AIની નૈતિકતા અંગેનો પ્રથમ વૈશ્વિક માપદંડ છે. આ ભલામણો UNESCOના ડાયરેકટર જનરલ (DG) ઓદ્રે અઝોલે દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી.

❖ **ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (IOM)એ તેના મુખ્ય રિપોર્ટ વર્લ્ડ માઈગ્રેશન (સ્થળાંતર) રિપોર્ટની 11મી આવૃત્તિ લોન્ચ કરી છે.**

→ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, વૈશ્વિક આંતરરાષ્ટ્રીય સ્થળાંતર (વિસ્થાપન) 1970માં 84 મિલિયનથી વધીને 2020માં વૈશ્વિક સ્તરે 281 મિલિયન થઈ ગયું છે, આંતરરાષ્ટ્રીય સ્થળાંતરિત લોકોનું પ્રમાણ વૈશ્વિક વસતીના 2.3% થી વધીને 3.6% થઈ ગયું છે. 2022ના આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, સંઘર્ષોના કારણો કરતાં જળવાયુ પરિવર્તનના કારણે વધુ સ્થળતાંતર થયું છે. રિપોર્ટમાં ઈન્ટર્નલ ડિસ્પ્લેસમેન્ટ મોનિટરિંગ સેન્ટર (IDMC) દ્વારા નિયમિત ડેટા સંગ્રહની સુવિધા છે. IOM વિશ્વભરમાં વિસ્થાપનની વધતી જતી સમજમાં યોગદાન આપવા માટે 2000થી વર્લ્ડ માઈગ્રેશન રિપોર્ટ તૈયાર કરી રહ્યું છે.

→ 2020ના અંત સુધીમાં 42 દેશો અને ક્ષેત્રોમાં સંઘર્ષ અને હિંસાના કારણે તથા આપદાઓના લીધે 144 દેશો અને પ્રદેશોમાં સમગ્રપણે 40.5 મિલિયન નવું આંતરિક વિસ્થાપન નોંધાયું છે. જેમાંથી લગભગ 76% (30.7 મિલિયન) નવું સ્થળાંતર આપદાઓના કારણે હતું અને 24% (9.8 મિલિયન) સંઘર્ષ અને હિંસાના કારણે થયું હતું. 14.6 મિલિયન લોકોના સ્થળાંતર માટે ચક્રવાત જવાબદાર હતો અને 14.1 મિલિયન લોકોના સ્થળાંતર માટે પૂર જવાબદાર હતું.

→ આ રિપોર્ટ રેમિટન્સમાં વધારો દર્શાવે છે, જે 2000માં 126 અબજ ડોલરથી 2020માં 702 અબજ ડોલર થઈ ગયું છે. આંતરરાષ્ટ્રીય રેમિટન્સ સ્થળાંતરિત લોકો દ્વારા પોતાના મૂળ દેશોમાં પરિવારો અથવા સમુદાયને ડાયરેકટ ધન અથવા સંપત્તિનું હસ્તાંતરણ છે. 2020માં ભારત, ચીન, મેકિસકો, ફિલિપાઈન્સ અને ઈજિપ્ત ટોચના રેમિટન્સ પ્રાપ્ત કર્તા દેશો હતા. ભારત અને ચીન ક્રમશઃ 83 અબજ ડોલર અને 59 અબજ ડોલરથી વધુના રેમિટન્સ સાથે યાદીમાં ટોચના સ્થાને હતા. અમેરિકા વર્ષ 2020માં 68 અબજ ડોલર સાથે સૌથી વધુ રેમિટન્સ મોકલનારો દેશ છે, ત્યારબાદ સંયુકત આરબ અમીરાત (UAE) (43.2 અબજ ડોલર) અને સાઉદી અરેબિયા (34.6 અબજ ડોલર)નું સ્થાન છે.

→ ભારત અને ચીનમાં વિદેશોમાં રહેનારા સ્થળાંતરિતોની સૌથી વધુ સંખ્યા છે અને વિશ્વમાં સૌથી વધુ પ્રવાસી વસતી ભારતની છે, જેમાં લગભગ 18 મિલિયન લોકો વિદેશોમાં રહે છે. ફિલિપાઈન્સે 2020માં નવી આપદા વિસ્થાપનથી સૌથી વધુ આ સંખ્યા નોંધાવી છે.

❖ **લોવી ઈન્સ્ટિટયૂટ એશિયા પાવર ઈન્ડેકસ, 2021 અનુસાર ભારત 26 દેશોમાં એશિયાનો ચોથો સૌથી શકિતશાળી દેશ છે, જેનો કુલ સ્કોર 100માંથી 37.7 છે.**

→ ભારતના ઓવરઓલ સ્કોરમાં 2020ની સાપેક્ષ 2 અંકનો ઘટાડો થયો છે. ભારત એશિયાના 18 દેશો પૈકીનો એક છે જેણે 2021માં પોતાના સમગ્ર સ્કોરમાં ઘટાડો નોંધાવ્યો છે.

→ એશિયા–પ્રશાંત ક્ષેત્રમાં સમગ્ર સત્તા ધરાવતા ટોપ 10 દેશો અમેરિકા, ચીન, જાપાન, ભારત, રશિયા, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા, સિંગાપુર, ઈન્ડોનેશિયા અને થાઈલેન્ડ છે.

→ લોવી ઈન્સ્ટિટયૂટ દ્વારા 2018માં વાર્ષિક એશિયા પાવર ઈન્ડેકસ લોન્ચ કર્યો હતો. જેનું વડુમથક સિડની (ઓસ્ટ્રેલિયા)માં આવેલું છે.

❖ **ભારત શ્રેણી B દેશો અંતર્ગત 2022-2023ના બે વર્ષ માટે ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO) કાઉન્સિલ માટે ફરીથી ચૂંટાયુ છે.**

→ IMOની સભાએ 2022-2023ના બે વર્ષ માટે પરિષદના સભ્યો ચૂંટયા છે.

→ શ્રેણી B : આંતરરાષ્ટ્રીય સમુદ્રી વ્યાપારમાં સૌથી વધુ રસ ધરાવતા 10 દેશો : ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, સ્પેન, સ્વીડન, સંયુકત આરબ અમીરાત.

❖ **વિદેશ મંત્રી એસ.જયશંકરે 5મા હિન્દ મહાસાગર સંમેલનમાં ભાગ લેવા માટે અબુધાબી (UAE)નો પ્રવાસ ખેડયો હતો.**

→ આ સંમેલનની અધ્યક્ષતા શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોતબાયા રાજપક્ષેએ કરી હતી અને ઉપાધ્યક્ષ તરીકે એસ.જયશંકર, વિવિયન બાલકૃષ્ણન, સૈયદ બદ્ર બિન હમદ બિન હમદ અલ બુસૈદીએ ભાગ લીધો હતો. સંમેલનનું આયોજન ભારત ફાઉન્ડેશન દ્વારા IRIS સિંગાપુર, ઈન્સ્ટિટયૂટ ઓફ નેશનલ સિકયોરિટી સ્ટડીઝ (INSS), શ્રીલંકા અને અમીરાત સેન્ટર ફોર સ્ટ્રેટેજિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ (ECSSR), UAEના સહયોગથી કરવામાં આવ્યું હતું.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકતંત્ર માટેના પ્રથમ શિખર સંમેલનના બંધ બારણાના આભાસી સત્રમાં ભાગ લીધો હતો, જેનું આયોજન અમેરિકાના પ્રમુખ જો બિડેન દ્વારા કરવામાં આવ્યું હતું.**

→ ભારત એવા 12 દેશોમાં સામેલ છે જે–તે લોકતંત્ર નેતાઓના પૂર્ણ સત્ર માટે શિખર સંમેલનમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. શિખર સંમેલન લોકતંત્ર સાથે આવનારા પડકારો અને તકો પર કેન્દ્રીત છે. જો બિડેને 'નિશ્ચિત પડકારો' અને વિશ્વભરમાં લોકતંત્ર સામે આવતા જોખમો પર પ્રકાશ પાડયો હતો. દ્વિતીય નેતાઓના પૂર્ણ સત્રની મેજબાની યુરોપિયન યુનિયનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેને કરી હતી.

❖ **ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે CORPAT (કોર્ડિનેટેડ પેટ્રોલ), 2021ની 37મી આવૃત્તિ COVID-19 મહામારી વચ્ચે ઈન્ટરનેશનલ મેરીટાઈમ બાઉન્ડરી લાઈન (IMBL)માં 'નોન કોન્ટેકટ, એટ સી ઓન્લી' તરીકે આયોજિત કરવામાં આવી હતી.**

→ ડોર્નિયર મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફટ સાથે સ્વદેશમાં નિર્મિત મિસાઈલ કોર્વેટ ઈન્ડિયન નેવલશિપ (INS) ખંજરે ભારત તરફથી ભાગ લીધો હતો.

❖ **ત્રિપક્ષીય સમુદ્રી સુરક્ષા એજન્સીઓ ભારતીય નૌસેના (IN), માલદીવ નેશનલ ડિફેન્સ ફોર્સ (MNDF) અને શ્રીલંકા નૌસેના (SLN) વચ્ચે 'ફોકસ્ડ ઓપરેશન' આયોજિત કરવામાં આવ્યું હતું.**

→ આ ઓપરેશનનું આયોજન દક્ષિણ અરબી સમુદ્રમાં એકસ્લુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ)માં કરવામાં આવ્યું હતું. CSC ફોકસ્ડ ઓપરેશનનો ઉદ્દેશ હિન્દ મહાસાગર ક્ષેત્ર (IOR)ને વાણિજ્યિક નૌવહન, આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને સમુદ્રી પ્રવૃત્તિઓના ઓપરેશન માટે સંરક્ષિત અને સુરક્ષિત રાખવાનો છે.

❖ **તાજેતરમાં બિમસ્ટેક દેશો દ્વારા માનવતાવાદી સહાયક અને આપત્તિ રાહત PANEX-21 કવાયતનું આયોજન થયું હતું.**

→ પુણે ખાતે યોજાયેલ આ રાહત કવાયતમાં ભૂટાન, બાંગ્લાદેશ, નેપાળ, મ્યાનમાર, શ્રીલંકા, ભારત અને થાઈલેન્ડ જેવા BIMSTEC દેશોએ ભાગ લીધો. કવાયતનો મુખ્ય ઉદ્દેશ બંગાળની ખાડીમાં ઉત્પન્ન થતાં ચક્રવાતો સામે લડવા સભ્ય દેશોની તૈયારીઓની સમીક્ષા કરવાનો છે.

❖ **'ઈન્ટરનેશનલ કમિશન ટુ રિઈગ્નાઈટ ધ ફાઈટ અગેઈન્સ્ટ સ્મોકિંગ'નો રિપોર્ટ તાજેતરમાં પ્રકાશિત થયો હતો.**

→ વિશ્વ બેંક જેવા સ્ત્રોતો પાસેથી ડેટા એકઠો કરી આ રિપોર્ટ પ્રકાશિત કરાયો છે.

→ 16 થી 64 વર્ષના આયુ વર્ગમાં ધૂમ્રપાન કરતા લોકોની સંખ્યામાં ભારત દ્વિતીય સ્થાને છે. ભારતનું સ્થાન ધૂમ્રપાન છોડવાનો સૌથી ઓછો દર ધરાવતા દેશોની સૂચિમાં છે. રિપોર્ટ અનુસાર, ચીન અને ભારતમાં 16 થી 64 વર્ષના 500 મિલિયન લોકો ધૂમ્રપાન કરે છે. ભારતમાં મહિલાઓની તુલનામાં પુરુષોમાં તમાકુનો પ્રસાર ત્રણ ગણો વધુ છે. દુનિયાભરમાં ધૂમ્રરહિત તમાકુના ઉપયોગ અને મોઢાના કેન્સરનો દર ભારતમાં સૌથી વધુ છે. 37% ભારતીય પ્રતિભાવકોએ ધૂમ્રપાન છોડવાની યોજના સાથે વર્તણૂક બદલવા માગી હતી. પુરુષો માટે ધૂમ્રપાન છોડવાનો દર 20% થી ઓછો છે. દુનિયાભરમાં 1.14 અબજ લોકો તમાકુનું સેવન કરી રહ્યા છે જે 80 લાખ લોકોના મૃત્યુ માટે કારતભૂત છે.

❖ **કંતાર (Kantar) ના Brandz ઈન્ડિયા રિપોર્ટ, 2021માં ભારતમાં સૌથી મહત્વની બ્રાન્ડનો ખુલાસો કરાયો છે.**

→ રિપોર્ટ મુજબ, એમેઝોન, એશિયન પેઈન્ટ્સ અને તાતા ટી ભારતમાં ક્રમશઃ ટેકનોલોજી, નોન–ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (FMCG) અને FMCG શ્રેણીઓમાં સૌથી મહત્વપૂર્ણ બ્રાન્ડ તરીકે ઉભરી આવ્યા છે. આ રિપોર્ટ 30 શ્રેણીઓમાં 418 બ્રાન્ડોના વિશ્લેષણ પર આધારિત છે. 2021 નો આ રિપોર્ટ COVID-19 દરમિયાન ઉદ્દેશ પૂર્ણ બ્રાન્ડો પર કેન્દ્રીય હતો. તેમાં 3 વ્યાવસાયિક ક્ષેત્રો – ટેકનોલોજી, FMCG, નોન–FMCG શ્રેણીમાં સૌથી ઉદ્દેશપૂર્ણ ભારતીય બ્રાન્ડોને સંમિલિત કરે છે.

❖ **તાજેતરમાં જાહેર ગ્લોબલ સ્ટેટ ઓફ ડેમોક્રેસી રિપોર્ટ (લોકતંત્રનો વૈશ્વિક સ્થિતિ અહેવાલ), 2021 અનુસાર, વર્ષ 2020માં સત્તાવાદ તરફ આગળ વધનારા દેશોની સંખ્યા ઉચ્ચ લોકતાંત્રિક મૂલ્યો ધરાવતા દેશોની તુલનામાં વધુ હતી.**

→ દુનિયામાં એવા દેશોની સંખ્યા ઝડપથી વધી રહી છે, જ્યાં લોકતંત્રના પાયા નબળાં થઈ રહ્યા છે. તેમાં ભારત અને અમેરિકા જેવા દેશો પણ સામેલ છે. આ રિપોર્ટનો ઉદ્દેશ વૈશ્વિક ચર્ચાને પ્રભાવિત કરવાનો અને વર્તમાન વલણો તથા લોકતંત્ર માટે પડકારોનું વિશ્લેષણ કરવાનો છે, જે COVID-19 મહામારીના કારણે વધી ગયા છે. રિપોર્ટ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ડેમોક્રેસી એન્ડ ઈલેક્ટોરલ આસિસ્ટન્સ (IDEA) દ્વારા જાહેર કરાયો છે.

→ અહેવાલમાં બ્રાઝિલ અને ભારતના મુદ્દાને બેકસ્લાઈડિંગના અમુક સૌથી ચિંતાજનક ઉદાહરણો તરીકે ઉજાગર કરાયો છે. અલબત્ત, વર્ષ 2000થી જ ભારત એક મધ્યસ્તરીય પ્રદર્શન કરનારા લોકતંત્રની શ્રેણીમાં આવે છે.

❖ **ગ્લોબલ હેલ્થ સિક્યોરિટી (GHS) ઈન્ડેક્સ 2021 અનુસાર, GHS ઈન્ડેક્સ, 2019માં 40.2ના સ્કોરથી 2021માં વિશ્વનો સરેરાશ સમગ્ર GHS ઈન્ડેક્સ સ્કોર ઘટીને 38.9 (100 માંથી) થઈ ગયો છે.**

→ 2019ના સ્કોરથી 8 સ્કોર ઘટીને ભારત 42.8ના સમગ્ર સ્કોર સાથે 195 દેશોમાંથી 66મા સ્થાને છે. અમેરિકા 75.9ના સ્કોર સાથે સૂચકાંકમાં પ્રથમ સ્થાને છે અને ત્યારબાદ ઓસ્ટ્રેલિયા અને ફિનલેન્ડ છે. ભારત GHS ઈન્ડેક્સ, 2019માં 100માંથી 46.5 ના સ્કોર સાથે 57મા સ્થાને હતું.

→ GHS સૂચકાંક 195 દેશોમાં સ્વાસ્થ્ય સુરક્ષા અને સંબંધિત ક્ષમતાઓનું આકલન અને બેન્ચ માર્કિંગ છે. તેને બ્લૂમબર્ગ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થમાં ન્યૂક્લિયર થ્રેટ ઈનિશિયેટિવ (NTI) અને જોન્સ હોપકિન્સ સેન્ટર ફોર હેલ્થ સિક્યોરિટીની ભાગીદારીમાં વિકસિત કરાયો છે. આ સૂચકાંક પ્રથમવાર ઓક્ટોબર 2019માં લોન્ચ કરાયો હતો.

❖ **ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ (IMD), 2021ના 'વર્લ્ડ ટેલેન્ટ રેન્કિંગ'માં ભારત 56મા સ્થાને છે, જે પ્રતિભાઓ વિકસાવવા, આકર્ષિત કરવા અને જાળવી રાખવામાં અર્થવ્યવસ્થાની ક્ષમતાનું મૂલ્યાંકન કરે છે.**

→ IMD વર્લ્ડ ટેલેન્ટ રેન્કિંગ, 2021 64 અર્થવ્યવસ્થાઓ માટે સમગ્ર રેન્કિંગ દર્શાવે છે. પીયર ગ્રૂપ રેન્કિંગ – એશિયા–પેસિફિકમાં ભારત 12મા સ્થાને છે. સ્વિટ્ઝર્લેન્ડ રેન્કિંગમાં સૌથી ઉપર છે, ત્યારબાદ સ્વીડન બીજા અને લક્ઝમબર્ગ ત્રીજા સ્થાને છે. આ રેન્કિંગ IMD વિશ્વ પ્રતિસ્પર્ધા કેન્દ્ર દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

→ નોંધનીય છે કે, ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ ફેક્ટરમાં ભારત 64મા, અપીલ ફેક્ટરમાં 57મા અને રેડીનેસ ફેક્ટરમાં 27મા સ્થાને છે. IMDનું વડુમથક લુસાને (સ્વિટ્ઝર્લેન્ડ)માં આવેલું છે.

❖ **દક્ષિણ કોરિયાને વિશ્વનું પ્રથમ સસ્ટેનેબલ ફ્લોટિંગ સિટી વર્ષ 2025 સુધીમાં મળશે.**

→ દક્ષિણ કોરિયા વિશ્વનું પ્રથમ તરતું શહેર મેળવવા માટે તૈયાર છે. આ પ્રોજેક્ટ OCEANIX અને યુનાઈટેડ નેશન્સ હ્યુમન સેટલમેન્ટ પ્રોગ્રામ (UN-Habitat)નો એક પ્રયાસ છે. વધી રહેલા સમુદ્રીસ્તરની સમસ્યા સામે લડવા માટે દક્ષિણ કોરિયાના બુસાનના સમુદ્રતટે આ ફ્લોટિંગ સિટીનો વિકાસ કરવામાં આવશે.

❖ **તાજેતરમાં યુરોપિયન કમિશને 'ગ્લોબલ ગેટવે પ્લાન' નામની યોજના જાહેર કરી છે, જે 2027 સુધીમાં વિશ્વભરમાં જાહેર અને ખાનગી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ માટે 300 અબજ યુરો એકત્રિત કરવા સંબંધી છે.**

→ જો કે યોજનામાં ચીનનો ઉલ્લેખ નથી પરંતુ આ યોજનાને ચીનની 'બેલ્ટ એન્ડ રોડ રણનીતિ'ની પ્રતિક્રિયા તરીકે જોવામાં આવી રહી છે.

→ B3W પ્રોજેક્ટ EUની વ્યૂહરચના બિલ્ડ બેક બેટર વર્લ્ડ (B3W) પહેલનો ભાગ છે. B3W એ આંતરરાષ્ટ્રીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ પહેલ છે, જેની જાહેરાત (G-7) લોકશાહી દેશો દ્વારા જૂન 2021માં કરવામાં આવી હતી.

❖ **રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે 21મા ભારત–રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેવા 6 ડિસેમ્બર, 2021ના રોજ ભારતના પ્રવાસે આવ્યા હતા.**

→ તેમની મંત્રણાઓ દરમિયાન, બન્ને નેતાઓએ COVID મહામારીએ ઊભાં રહેલા પડકારો છતાં બન્ને દેશો વચ્ચે વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીમાં સતત પ્રગતિ અંગે સંતોષ વ્યકત કર્યો હતો. બન્ને નેતાઓએ વધુમાં નવી દિલ્હી ખાતે ભારત અને રશિયાના વિદેશ અને સંરક્ષણ મંત્રીઓ વચ્ચે યોજાયેલા પ્રથમ 2 + 2 સંવાદ તથા સૈન્ય અને સૈન્ય – ટેકનિકલ સહયોગ અંગે આંતરસરકારી પંચની 6 ડિસેમ્બર, 2021ના નવી દિલ્હીમાં થયેલી બેઠકનું સ્વાગત કર્યું હતું.

→ 21મા ભારત–રશિયા શિખર સંમેલનમાં PM મોદી અને પુતિને અફઘાનિસ્તાન, આર્થિક સહકાર, રિજનલ કનેક્ટિવિટી, COVID-19 મહામારી, આર્થિક રિકવરી અને વૈશ્વિક મુદ્દાઓ અંગે વિચારવિમર્શ કર્યો હતો.

→ ભારતના સંરક્ષણ ક્ષેત્રને મસમોટું બળ પ્રાપ્ત થાય તેવા એક પગલામાં, ભારત અને રશિયા વચ્ચે 6 ડિસેમ્બર, 2021ના રોજ 6 લાખ જેટલી AK-203 એસોલ્ટ રાઈફલોની ખરીદી અંગેની સમજૂતી પર હસ્તાક્ષર કરાયા હતા.

## અર્થવ્યવસ્થા

❖ **તાજેતરમાં નીતિ આયોગે બહુપરીમાણીય ગરીબી સૂચકાંક (MPI) જાહેર કર્યો.**

→ આ રિપોર્ટ 2015-16 ના માટે નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS)ના આધારે તૈયાર કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય MPIના માપન માટે યુનાઈટેડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) અને ઓકસફોર્ડ પ્રોવર્ટી એન્ડ હ્યુમન ડેવલપમેન્ટ ઈનિશિયેટિવ (OPHI) દ્વારા વિકસિત વૈશ્વિક સ્તરે સ્વીકૃત અને મજબૂત પદ્ધતિનો ઉપયોગ કરે છે.

→ બિહાર રાજ્ય તેની વસતીમાં સૌથી વધુ ગરીબીનું પ્રમાણ ધરાવે છે. ત્યારબાદ ઝારખંડ અને ઉત્તરપ્રદેશ બહુપરીમાણીય ગરીબી સ્તર સાથે આવે છે. કેરળ રાજ્યમાં તેની વસતીમાં સૌથી નીચુ ગરીબી સ્તર નોંધાયુ છે ત્યારબાદ પુડુચેરી, લક્ષદ્વીપ, ગોવા અને સિક્કિમ આવે છે. બિહારમાં સૌથી વધુ કુપોષિત લોકો છે. ત્યારબાદ ઝારખંડ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને છત્તીસગઢનો નંબર આવે છે.

❖ **તાજેતરમાં અગ્રણી બેંકો દ્વારા કૃષિ ક્ષેત્રમાં ડૂબમાં ગયેલી લોન (બેડ લોન)ની વસૂલાતમાં સુધારા માટે, કૃષિ ધિરાણોની વસૂલાતની કામગીરી સાથે કામ પાડવા એક એસેટ રિકન્સ્ટ્રકશન કંપની (ARC) સ્થાપવા યોજના / રૂપરેખાનો પ્રસ્તાવ મૂકયો છે.**

→ બેંકો અને ઉદ્યોગોમાં NPA (નોન પરફોર્મિંગ એસેટ્સ) સંબંધિત પડકારોનો સામનો કરવા સરકાર સમર્થિત ARCની સ્થાપનાને સ્વીકૃતિ મળેલી છે. ઈન્ડિયન બેંક એસોસિએશન (IBA)ની કેટલીક સભ્ય બેંકોએ કેન્દ્ર સરકારને ખેતીની જમીન માટે સિકયોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ (SAR-FESI)એકટ, 2002 જેવો કાયદો લાવવાની જરૂરિયાત સૂચવી હતી.

→ ARCs એક વિશિષ્ટ નાણાકીય સંસ્થા છે જે બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી નોન પરફોર્મિંગ એસેટ્સ (NPAs) ખરીદે છે, જેથી બેંકોની બેલેન્સશીટ સ્વચ્છ થઈ શકે. ARCs બેંકોને બેંકિંગની સામાન્ય પ્રવૃત્તિમાં ધ્યાન કેન્દ્રીત કરવામાં મદદ કરે છે. બેંકો સમય વેડફીને ડિફોલ્ટરોની પાછળ જઈને પ્રયત્નો કરવાને બદલે, બેડ લોન, અસ્કયામતો ARCs ને સંમત મૂલ્ય પર વેચી શકે છે. ARCsને કાયદાકીય માળખું SARFESI, એકટ, 2002 દ્વારા પૂરું પાડવામાં આવે છે. આ કાયદો કોર્ટના હસ્તક્ષેપ વિના બેઠ એસેટના પુનઃ નિર્માણમાં મદદ કરે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં તેની નોંધણી કરવામાં આવી હતી, જેથી RBI પાસે ARCs ને નિયમિત કરવાની સત્તા છે. ARCs પોતાની ભંડોળ સંબંધી જરૂરિયાતો માટે અને તેને પહોંચી વળવા બોન્ડ્સ, ડિબેન્ચર્સ અને સિકયોરિટી બિલો બહાર પાડે છે.

❖ **આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય અંતર્ગત નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) દ્વારા સામયિક શ્રમબળ સર્વેક્ષણ (Periodic Labour Force Survey = PLFS)નું 10મું ત્રિમાસિક બુલેટિન (જાન્યુઆરી – માર્ચ 2021) લોન્ચ કર્યું હતું.**

→ જાન્યુઆરી – માર્ચ 2021 દરમિયાન શહેરી ક્ષેત્રોમાં સંપૂર્ણ ભારતમાં કુલ 5,601 ફર્સ્ટ સ્ટેજ યુનિટ (FSUs) (UFS – અર્બન ફ્રેમ સર્વે બ્લોકસ)નું સર્વેક્ષણ કરવામાં આવ્યું છે. સર્વે કરવામાં આવેલા શહેરી પરીવારોની સંખ્યા 44,000 હતી અને શહેરી ક્ષેત્રોમાં સર્વેક્ષણ કરવામાં આવેલા વ્યકિતઓની સંખ્યા 1,72,484 હતી. PLFS ના 4 સંકેતકો નીચે મુજબ છે.

⇒ લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ (LFPR) : વસતીમાં શ્રમબળ (એટલે કે કામ કરી રહેલા અથવા કામની શોધમાં અથવા કામ કરવા માટે ઉપલબ્ધ)માં વ્યકિતઓની ટકાવારી.

⇒ વર્કર પોપ્યુલેશન રેશિયો (WPR) : વસતીમાં નિયોજિત વ્યકિતઓની ટકાવારી.

⇒ બેરોજગારી દર (UR) : શ્રમબળમાં વ્યકિતઓ વચ્ચે બેરોજગારોની ટકાવારી.

⇒ કરન્ટ વીકલી સ્ટેટસ (CWS) : સર્વેની તારીખથી પ્રથમ છેલ્લાં 7 દિવસોના આધારે નિર્ધારિત પ્રવૃત્તિની સ્થિતિને વ્યકિતના CWS તરીકે ઓળખવામાં આવે છે. CWS આઉટલુક સર્વેક્ષણ અનુસાર, જો વ્યકિત 7 દિવસ દરમિયાન 1 કલાક કામ ન કરે, પરંતુ તે જ સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા 1 કલાક માટે કામની માંગ અથવા ઉપલબ્ધ હોય તો તેને બેરોજગાર ગણવામાં આવશે.

→ 15 વર્ષ અને તેનાથી વધુ ઉંમરના વ્યકિતઓ માટે શહેરી ક્ષેત્રોમાં CWSમાં બેરોજગારી દર (% માં) : જાન્યુઆરી – માર્ચ 2021માં વધીને 9.3% થઈ ગયો, જે જાન્યુઆરી – માર્ચ 2020માં 9.1% હતો. ઓકટોબર – ડિસેમ્બર 2020માં 10.3% હતો. મહિલાઓમાં જાન્યુઆરી – માર્ચ 2021માં વધીને 11.8% થઈ ગયો, જે આ સમયગાળામાં 10.6% હતો. ઓકટોબર – ડિસેમ્બર 2020માં 13.1% હતો. પુરુષોમાં આ બંને સમયગાળા દરમિયાન 8.6% પર સ્થિર રહ્યો, ઓકટોબર – ડિસેમ્બર 2020માં 9.5% હતો.

→ 15 વર્ષ અને તેનાથી વધુ ઉંમરવાળા માટે શહેરી ક્ષેત્રોમાં CWSમાં LFPR (% માં) : 2021ના જાન્યુઆરી – માર્ચ ત્રિમાસિકમાં 47.5% હતો, જે એક વર્ષ પહેલાના સમાન સમયગાળામાં 48.1% હતો. ઓકટોબર – ડિસેમ્બર 2020માં તે 47.3% હતો. શ્રમબળમાં મહિલા ભાગીદારી જાન્યુઆરી – માર્ચ 2021માં 21.2% હતી, જે છેલ્લા વર્ષના સમાન ત્રિમાસિકમાં 21.9% થી ઓછી હતી. ઓકટોબર – ડિસેમ્બર 2020માં 20.6% હતી. શ્રમબળમાં પુરૂષોની ભાગીદારી જાન્યુઆરી – માર્ચ 2021માં 73.5% હતી, જ્યારે 2020માં આ અવધિમાં તે 73.7% હતી. ઓકટોબર – ડિસેમ્બર 2020માં 73.6% હતી.

→ 15 વર્ષ અને તેનાથી વધુ ઉંમરના વ્યકિતઓ માટે શહેરી ક્ષેત્રોમાં CWSમાં WPR (% માં) : જાન્યુઆરી – માર્ચ 2021માં 43.1% હતો, જે એક વર્ષ પહેલા 43.7% હતો. મહિલાઓ માટે જાન્યુઆરી – માર્ચ 2021માં 18.7% હતો, જ્યારે જાન્યુઆરી – માર્ચ 2020માં 19.6% હતો. ઓકટોબર – ડિસેમ્બર 2020માં 17.9% હતો. પુરુષો માટે જાન્યુઆરી – માર્ચ 2021માં 67.2% હતો, જ્યારે જાન્યુઆરી – માર્ચ 2020માં 67.3% હતો. ઓકટોબર – ડિસેમ્બર 2020માં 66.7% હતો.

❖ **તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ ભારતીય રિઝર્વ બેંક એકટ, 1934માં સુધારાની દરખાસ્ત કરી છે.**

→ આ સુધારો સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) શરૂ કરવા RBIને સક્ષમ બનાવશે. આ રીતે ડિજિટલ રૂપે ચલણી નોટ તરીકે તેનો સમાવેશ કરવા 'બેંક નોટ'ની વ્યાખ્યાનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે.

→ CBDC ફિયાટ કરન્સી જેમાં ટ્રાન્ઝેકશનમાં બ્લોકચેઈન દ્વારા સમર્થિત વોલેટનો ઉપયોગ કરવામાં આવે છે અને કેન્દ્રીય બેંક દ્વારા તેનું નિયંત્રણ કરવામાં આવે છે. તે સેન્ટ્રલ બેંક દ્વારા જાહેર કરાયેલા ડિજિટલ સ્વરૂપમાં કાનૂની ટેન્ડર (ચલણ) છે. ફિયાટ મની એ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલું ચલણ છે.

❖ **તાજેતરમાં શ્રમ અને રોજગાર મંત્રાલયએ COVID મહામારીના કારણે 2020માં લાગુ કરાયેલા લોકડાઉન દરમિયાન નોકરી ગુમાવવાના આંકડા રજૂ કર્યા હતા.**

→ આ ડેટા 'ઓલ ઈન્ડિયા કવાર્ટરલી એસ્ટાબ્લિશમેન્ટ બેઝડ એમ્પ્લોયમેન્ટ સર્વે (AQEES)' પર આધારિત છે.

→ પસંદ કરેલા નવ ક્ષેત્રોમાં સંગઠિત અને અસંગઠિત બંને ક્ષેત્રોમાં રોજગાર અને સંસ્થાઓને ત્રિમાસિક ધોરણ અપડેટ કરવા માટે લેબર બ્યૂરો દ્વારા 'AQEES' હાથ ધરવામાં આવે છે. આ નવ ક્ષેત્રોમાં બાંધકામ, ઉત્પાદન, વેપાર, પરિવહન, શિક્ષણ, આરોગ્ય, આવાસ અને રેસ્ટોરન્ટો, IT/BPO, નાણાકીય સેવાઓનો સમાવેશ થાય છે.

→ ત્રિમાસિક રોજગાર સર્વેક્ષણ (QES) : આ સર્વેક્ષણ 10 કે તેથી વધુ કામદારોને રોજગાર આપતી સંસ્થાઓનું સર્વેક્ષણ કરે છે. સુધારેલો QES પ્રથમ ત્રિમાસિક (એપ્રિલ–જૂન–2021) દરમિયાન હાથ ધરાયો હતો. પેરોલ ડેટા સાથેની સંખ્યામાં વિસંગતતાને ટાંકીને QESનું અગાઉનું સંસ્કરણ વર્ષ 2018માં રદ કરાયું હતું.

→ ઉત્પાદન ક્ષેત્ર : આ ક્ષેત્રમાં લોકડાઉન પહેલાં (માર્ચ–2020) અને લોકડાઉન બાદ (જુલાઈ–2020) સમયગાળા વચ્ચે 14.2 લાખ નોકરીઓની ઘટ દર્શાવી છે. આ લોકડાઉન બાદ લગભગ 7.5 નોકરીઓ ગઈ હતી.

→ નાણાકીય સેવા ક્ષેત્ર : સર્વેક્ષણમાં સમાન સમયગાળા દરમિયાન IT/BPO ક્ષેત્રમાં 0.4 થી 1 લાખ નોકરીની ખોટ નોંધવામાં આવી છે.

→ અન્ય ક્ષેત્રો : બાંધકામ ક્ષેત્રે 1 લાખ નોકરીઓ ઘટી ગઈ હતી જ્યારે વ્યાવસાય અને શિક્ષણ ક્ષેત્રે અનુક્રમે 1.8 લાખ અને 2.8 લાખ નોકરીઓ ગુમાવવામાં આવી હતી.

→ મહિલા કામદારો : નવ મુખ્ય ક્ષેત્રોમાં મહિલાઓએ 7.44% નોકરીઓ ગુમાવી છે. ઉત્પાદન ક્ષેત્રમાં મહિલાઓની રોજગારી 26.7 લાખ (માર્ચ 2020ના રોજ) થી ઘટીને 23.3 લાખ (જુલાઈ 2020 સુધીમાં) થઈ ગઈ છે. બાંધકામ ક્ષેત્રે મહિલા કામદારોની સંખ્યા 1.8 લાખથી 1.5 લાખ થઈ છે. વેપાર ક્ષેત્રમાં મહિલાઓની રોજગારી 4.5 લાખ (માર્ચ 2020 સુધીમાં) થી ઘટીને 4 લાખ થઈ ગઈ છે. (1 જુલાઈ, 2020 સુધીમાં)

→ પુરુષ કામદારો : લોકડાઉન પહેલાં અને લોકડાઉન પછીના સમયગાળા વચ્ચે પુરુષોની નોકરીનું નુકસાન 7.48% નોંધાયું હતું. આ સમયગાળા દરમિયાન ઉત્પાદન ક્ષેત્રમાં પુરુષ કામદારોની સંખ્યા 98.7 લાખથી ઘટીને 87.9 લાખ થઈ ગઈ. બાંધકામ ક્ષેત્રમાં રોજગારી 5.8 લાખથી ઘટીને 5.1 લાખ થઈ હતી. આ જ રીતે વેપાર ક્ષેત્રે રોજગારી 16.1 લાખ (માર્ચ 2020 સુધીમાં) હતી જે ઘટીને 14.8 લાખ (જુલાઈ 2020 સુધીમાં) થઈ છે.

→ સપ્ટેમ્બરમાં બહાર પાડવામાં આવેલા નવા ત્રિમાસિક રોજગાર સર્વેક્ષણ મુજબ, મુખ્ય નવ ક્ષેત્રોમાં નોકરીઓ એપ્રિલ–જૂન 2021માં વધીને 3.08 કરોડ થઈ હતી. જે વર્ષ 2013-14માં 2.37 કરોડ હતી. આ માટેનું આધાર વર્ષ છઠ્ઠી આર્થિક વસતી ગણતરીના આધારે પસંદ કરવામાં આવ્યું છે. મહામારીને કારણે 27% સંસ્થાઓમાં સંગઠિત બિન ખેતી ક્ષેત્રમાં રોજગારી ગુમાવવી પડી છે. લોકડાઉન સમયગાળા દરમિયાન (માર્ચ 2020-જૂન 2020), 81% કામદારોને સંપૂર્ણ વેતન મળ્યું, 16% ને ઓછું વેતન મળ્યું અને માત્ર 3% કામદારોને કોઈ પગાર મળ્યો ન હતો.

❖ **ક્રૂડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ ઘટાડવા તથા ક્રૂડનું ઉત્પાદન વધારવા માટે OPEC (ઓર્ગેનાઈઝેશન ઓફ ધ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝ) દેશો પર દબાણ સર્જવા ભારત, અમેરિકા, ચીન, જાપાન તથા દક્ષિણ કોરિયાએ મોરચો માંડયો છે.**

→ આ માટેની રણનીતિના ભાગરૂપે, ભારત અત્યારસુધીમાં સૌપ્રથમવાર તેના વ્યૂહાત્મક પેટ્રોલિયમ અનામત જથ્થા (સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ્સ)માંથી આશરે 50 લાખ બેરલ ક્રૂડ ઓઈલ બજારમાં ઠાલવશે. બીજી બાજુ, અમેરિકા પણ પોતાના અનામત જથ્થામાંથી 5 કરોડ બેરલ ક્રૂડ છૂટું કરશે. જાપાન, ચીન અને દક્ષિણ કોરિયા પણ ક્રૂડનો પોતાનો રિઝર્વ રિલીઝ કરશે એવી સંભાવના છે.

❖ **RBI દ્વારા ગઠિત ઓનલાઈન પ્લેટફોર્મ અને મોબાઈલ એપના માધ્યમથી લોન સહિત ડિજિટલ ઋણ અંગેના વર્કિંગ ગ્રૂપ (WG)એ તેનો અહેવાલ રજૂ કર્યો.**

→ 13 જાન્યુઆરી, 2021ના રોજ RBIએ RBIના કાર્યકારી નિર્દેશક જયંતકુમારદાસ સાથે વિનિયમિત નાણાકીય ક્ષેત્ર સાથે અનિયમિત ખેલાડીઓ દ્વારા ડિજિટલ ઋણ પ્રવૃત્તિઓના તમામ પાસાંઓનું અધ્યયન કરવા માટે અધ્યક્ષ તરીકે ડિજિટલ ઋણ અંગે વર્કિંગ ગ્રુપનું ગઠન કર્યું હતું.

→ WGએ નજીકથી મધ્યમ સમયગાળાના આધારે ઉપાયો સૂચવ્યા છે, જેને 1 વર્ષથી વધુના સમયગાળા માટે લાગુ કરી શકાય છે.

→ કાયદાકીય અને નિયામક ભલામણો : નજીકના સમયગાળામાં WGએ બેલેન્સશીટ લેન્ડર્સના DLA (Digital Lending App)ની ટેકનિકલ ક્રેડેન્શિયલ અને ડિજિટલ લેન્ડિંગ ઈકોસિસ્ટમમાં કામ કરી રહેલા LSP (Lending Service Provider) સંચાલિત કરવા માટે હિતધારકોના પરામર્શથી એક નોડલ એજન્સી સ્થાપવાનું સૂચન કર્યું હતું. નોડલ એજન્સીએ પોતાની વેબસાઈટ પર ઓપરેશનલ એપનું જાહેર રજિસ્ટર પણ રાખવું જોઈએ. લોન આપવાની સેવા પ્રદાતાઓની નકારાત્મક યાદી જાળવી રાખવા માટે ડિજિટલ લેન્ડિંગ ઈકોસિસ્ટમમાં પ્રતિભાગીઓને કવર કરીને સ્વ–નિયામક સંગઠન (SRO) સ્થાપિત કરવાની ભલામણ કરવામાં આવી છે.

→ ટેકનોલોજી સંબંધિત ભલામણો : અમુક આધારભૂત ટેકનોલોજી માપદંડોના વિકાસનું સૂચન કર્યું અને ડિજિટલ ઋણ સમાધાન રજૂ કરવા માટે પૂર્વ શરત તરીકે તે માપદંડોનું અનુપાલન કરવું. ડેટા ભારતમાં સ્થિત સર્વરમાં સંગ્રહિત કરવામાં આવવો જોઈએ.

❖ **ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (IFFCO) ને 10મા વાર્ષિક વર્લ્ડ કોઓપરેટિવ મોનિટર (WCM) રિપોર્ટની 2021ની આવૃત્તિમાં વિશ્વની ટોચની 300 સહકારી મંડળીઓમાં 'નંબર 1 સહકારી મંડળી'નું સ્થાન આપવામાં આવ્યું છે.**

→ WCM વિશ્વભરમાં સહકારી મંડળીઓ વિષે મજબૂત આર્થિક, સંગઠનાત્મક અને સામાજિક ડેટા એકત્ર કરવા માટે ડિઝાઈન કરવામાં આવેલો પ્રોજેકટ છે. 2021 WCM રિપોર્ટ ઈન્ટરનેશનલ કોઓપરેટિવ એલાયન્સ (ICA) અને યુરોપિયન રિસર્ચ ઈન્સ્ટિટયૂટ ઓન કોઓપરેટિવ એન્ડ સોશિયલ એન્ટરપ્રાઈઝીસ (Euricse) દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે.

→ WCM રેન્કિંગના કૃષિ અને ખાદ્ય ઉદ્યોગ વિભાગ અંતર્ગત IFFCOને નંબર વન સ્થાન મળ્યું છે, તેમાં કૃષિ ઉત્પાદનો અને પશુપાલનથી લઈને કૃષિ ઉત્પાદનો અને પ્રાણીઓની ઔદ્યોગિક પ્રક્રિયા સુધીની સમગ્ર કૃષિ મૂલ્ય શ્રૃંખલા સાથે કામ કરતી તમામ સહકારી સંસ્થાઓનો સમાવેશ થાય છે.

- **તાજેતરમાં RBIના આંકડાઓ અનુસાર, ગુજરાતે મહારાષ્ટ્રને પાછળ છોડીને ભારતનું સૌથી મોટું મેન્યુફેકચરિંગ હબ બનવાની સિદ્ધિ હાંસલ કરી છે.**
  - → મેન્યુફેકચરિંગ ક્ષેત્રમાં ગુજરાતનું ગ્રોસ વેલ્યૂ એડિશન (GVA) નાણાકીય વર્ષ 2012થી નાણાકીય વર્ષ 2020ની વચ્ચે વાર્ષિક 15.9% વધીને 5.11 લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. GVA વસ્તુઓ અને સેવાઓમાં આર્થિક વૃદ્ધિ દર્શાવે છે મેન્યુફેકચરિંગના કિસ્સામાં 4.34 લાખ કરોડ રૂપિયાના GVA સાથે મહારાષ્ટ્ર બીજા સ્થાને છે. ત્યારબાદ 3.43 લાખ કરોડ રૂપિયાના GVA સાથે તમિલનાડુ ત્રીજા સ્થાને, રૂ. 2.1 લાખ કરોડના GVA સાથે કર્ણાટક ચોથા ક્રમે અને રૂ. 1.87 લાખ કરોડના GVA સાથે ઉત્તરપ્રદેશ પાંચમા સ્થાને છે. નાણાકીય વર્ષ 2020માં ભારતનું સંચિત મેન્યુફેકચરિંગ GVA વધીને 16.9 લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે, જે નાણાકીય વર્ષ 2012થી 9.7% નો વાર્ષિક વૃદ્ધિ દર દર્શાવે છે. મેન્યુફેકચરિંગ ક્ષેત્રે સૌથી ખરાબ પ્રદર્શન કરનારા રાજ્યોમાં રાજસ્થાન (3.8%), તેલંગાણા (5.5%) અને આંધ્ર પ્રદેશ (6.9%)નો સમાવેશ થાય છે.
  - → નાણાકીય વર્ષ 2012 અને નાણાકીય વર્ષ 2019 વચ્ચે ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન (GFCF)માં ગુજરાતનું મૂડી રોકાણ 5.85 લાખ કરોડ રૂપિયા હતું, જ્યારે મહારાષ્ટ્ર માટે 4.07 કરોડ રૂપિયા હતું.
- **પેરિસ સ્થિત વર્લ્ડ ઈનઈકવલિટી લેબોરેટરી દ્વારા જાહેર 'વર્લ્ડ ઈનઈકવલિટી રિપોર્ટ 2022' અનુસાર, ભારત એક સમૃદ્ધ અભિજાત વર્ગ સાથે 'ગરીબ અને ખૂબ અસમાન દેશ' છે.**
  - → 2021માં ટોપ 10 ટકા અને ટોપ 1 ટકા ભારતીય વસતી પાસે કુલ રાષ્ટ્રીય આવકનો ક્રમશઃ 57 ટકા અને 22 ટકા ભાગ છે. જ્યારે સૌથી નીચેના 50 ટકાનો ભાગ ઘટીને 13 ટકા થઈ ગયો છે.
  - → આવક અસમાનતા : ભારતીય પુખ્ત વસતીની સરેરાશ રાષ્ટ્રીય આવક રૂ. 2,04,200 છે. ભારતમાં સૌથી તળિયાની 50 ટકા વસતી રૂ. 53,610 કમાય છે, ટોપ 10 ટકાની આવક રૂ. 11,66,520 છે, જે 20 ગણાથી વધુ છે. 1858-1947 દરમિયાન ભારતીય આવક અસમાનતા ખૂબ વધુ હતી, જેમાં ટોપ 10 ટકા આવકનો ભાગ લગભગ 50 ટકા હતો. આઝાદી બાદ પંચવર્ષીય યોજનાઓએ એ ભાગીદારીને 35-40 ટકા સુધી ઓછી કરવામાં યોગદાન આપ્યું હતું.
- **RBIની મોનેટરી પોલિસી કમિટી (MPC)એ બદલાતી વ્યાપક આર્થિક સ્થિતિના મૂલ્યાંકનના આધારે લિકિવડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (LAF) અંતર્ગત નીતિગત રેપો રેટ સતત નવમીવાર 4% જાળવી રાખ્યો છે.**
  - → આ નિર્ણય 6 થી 8 ડિસેમ્બર, 2021 સુધી યોજાયેલી RBIની મોનેટરી પોલિસી કમિટી (MPC)ની બેઠકમાં લેવાયો હતો. MPCએ LAF હેઠળ રિવર્સ રેપો રેટ 3.35%, માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) રેટ 4.25% તથા બેંક રેટ પણ 4.25% યથાવત્ રાખ્યો હતો.
  - → વર્ષ 2021-22 માટે વાસ્તવિક સકલ ઘરેલુ ઉત્પાદન (GDP)નો વૃદ્ધિ દર 9.5% બરકરાર રાખ્યો. RBIએ કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેકસ (CPI) આધારિત ફુગાવાનું અનુમાન 5.3% યથાવત્ રાખ્યું છે. RBIએ IPOમાં રોકાણ માટે UPI દ્વારા પેમેન્ટની મર્યાદા રૂ. 2 લાખથી વધારીને રૂ. 5 લાખ કરવાની જાહેરાત કરી હતી.
- **કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે તાજેતરમાં દિલ્હીમાં પ્રગતિ મેદાન ખાતે ઈન્ડિયા ઈન્ટરનેશનલ ટ્રેડ ફેર (IITF-ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળા)ની 40મી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**
  - → IITFનું આયોજન 'આત્મનિર્ભર ભારત' થીમ સાથે ઈન્ડિયા ટ્રેડ પ્રમોશન ઓર્ગેનાઈઝેશને વોકલ ફોર લોકલના વિચારને વધુ પ્રોત્સાહન આપવાના ઉદેશ સાથે કર્યું હતું.
  - → ભાગીદાર રાજ્ય : બિહાર, ફોકસ રાજ્ય : ઉત્તર પ્રદેશ અને ઝારખંડ
  - → ઈન્ડિયા ઈન્ટરનેશનલ ટ્રેડ ફેર, 2021 ખાતે બિહારના પેવેલિયને મધુબની, મંજુષા કલા, ટેરાકોટા, હાથસાળ જેવી હસ્તકલાઓ અને રાજ્યના અન્ય સ્વદેશી ઉત્પાદનો મારફત કલા અને સંસ્કૃતિની સમૃદ્ધતાના પ્રદર્શન થકી વધુ એકવાર ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- **વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે 970 કરોડ રૂપિયાના નાણાકીય ખર્ચ સાથે 2021-22 થી 2025-26 સુધી 5 વર્ષ માટે સ્કીમ ફોર ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન (SIP) શરૂ રાખવાની મંજૂરી આપી છે.**
  - → SIP ભારતમાં ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ (FDI)ને પ્રોત્સાહન આપવા માટે 11 નવેમ્બર, 2008ના રોજ શરૂ કરવામાં આવેલી કેન્દ્ર પ્રાયોજિત યોજના છે. આ યોજના માટે ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT) અમલીકરણ એજન્સી છે. આ યોજનામાં અનેક ઘટકો અને પ્રવૃત્તિઓ સામેલ છે, જે ભારતમાં FDI અને ક્ષમતા નિર્માણના માધ્યમથી રોકાણને પ્રોત્સાહન આપવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ વધારે છે.
- **તાજેતરમાં ભારતીય જીવન વીમા નિગમ (LIC)એ નોન–લિંકડ, નોન–પાર્ટિસિપેટિંગ વ્યકિતગત બચત જીવન વીમા યોજના 'ધનરેખા' લોન્ચ કરી હતી.**
  - → જે અંતર્ગત ન્યૂનતમ વીમા રકમ 2 લાખ તથા મહત્તમ વીમા રકમ અમર્યાદિત છે. વીમો ખરીદતી વખતે ન્યૂનતમ વય મર્યાદા 90 દિવસથી 8 વર્ષ સુધી તથા મહત્તમ વય મર્યાદા 35 થી 65 વર્ષ સુધી રહેશે. આ યોજના અંતર્ગત મહિલાઓ તથા થર્ડ જેન્ડર (ત્રીજા લિંગ) માટે વિશેષ પ્રીમિયમ દરો પણ ઉપલબ્ધ રહેશે.
- **યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)ના ગ્લોબલ ટ્રેડ અપડેટ રિપોર્ટ (નવેમ્બર 2021) અનુસાર, 2020ની સાપેક્ષમાં 2021માં વૈશ્વિક વ્યાપાર 23 ટકાથી વધીને 28 ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાની આશા છે.**
  - → વૈશ્વિક વ્યાપાર વૃદ્ધિ 2021ના બીજા છ માસિક દરમિયાન સ્થિર રહી હતી. 2021ના ત્રીજા ત્રિમાસિક (Q3)માં ભારતના વ્યાપાર વિકાસમાં ઝડપ આવી. જ્યારે ચીન અપેક્ષાકૃત સ્થિર રહ્યું હતું.
- **તાજેતરમાં વ્હીબોક્સ દ્વારા જાહેર ભારત કૌશલ્ય રિપોર્ટ (ISR), 2022ની 9મી આવૃત્તિ અનુસાર, મહારાષ્ટ્રે રોજગાર યોગ્ય પ્રતિભાઓના ઉચ્ચતમ સર્વેક્ષણવાળા રાજ્યોની યાદીમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે, ત્યારબાદ ઉત્તર પ્રદેશ અને કેરળનું સ્થાન છે.**
  - → થીમ : રિએન્જિનિયરિંગ એજ્યુકેશન એન્ડ સ્કિલિંગ બિલ્ડિંગ ફોર ફયુચર ઓફ વર્ક
  - → અધિકતમ હાયરિંગ એકિટવિટીવાળા રાજ્યો : મહારાષ્ટ્ર, કર્ણાટક અને તમિલનાડુ એવા 3 રાજ્યો છે, જેમાં નોકરીની માંગ વધુ છે. પુણે (મહારાષ્ટ્ર) સૌથી વધુ રોજગાર યોગ્ય સંસાધનો ધરાવતું શહેર છે.

❖ **RBI એ તેના વાર્ષિક રિપોર્ટ 'સ્ટેટ ફાઈનાન્સ : અ સ્ટડી ઓફ બજેટ્સ ઓફ 2021-22'ને 'કોપિંગ વિથ ધ પેન્ડેમિક : અ થર્ડ – ટાયર ડાયમેન્શન' થીમ પર જાહેર કર્યો છે.**

→ રિપોર્ટમાં જણાવાયું છે કે, રાજ્યોનો સંયુકતપણે ઋણ – GDP રેશિયો માર્ચ 2022ના અંત સુધીમાં 31% રહેવાની આશા છે, જે 2022-23 (FY23) સુધીમાં પ્રાપ્ત કરવામાં આવનાર 20%ના લક્ષ્યથી ચિંતાજનક રીતે વધુ છે. ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક એન્ડ પોલિસી રિસર્ચ (DEPR)ના ડિવિઝન ઓફ સ્ટેટ ફાઈનાન્સીઝ (DSF)માં રિપોર્ટ તૈયાર કરાયો છે. આ રિપોર્ટ DEPRના ઓફિસર–ઈન–ચાર્જ દેબ પ્રસાદ રથના સમગ્ર માર્ગદર્શનમાં તૈયાર કરાયો છે.

❖ **દેશના સૌથી વધુ નિકાસ કરતાં 30 જિલ્લાઓમાં ગુજરાતના 8 જિલ્લાઓનો સમાવેશ થાય છે, જેમાં 1.66 લાખ કરોડના નિકાસ મૂલ્ય સાથે જામનગર શિખર પર છે.**

→ આ યાદીમાં બીજા સ્થાને સુરત છે, જેનું નિકાસ મૂલ્ય રૂ. 73,000 કરોડ છે. ભરૂચ રૂ. 35,000 કરોડના નિકાસ મૂલ્ય સાથે છઠ્ઠા સ્થાને છે. રાજ્યના 8 જિલ્લાઓની કુલ નિકાસ રૂ. 3.90 લાખ કરોડ છે. TOP-30 જિલ્લાઓની કુલ નિકાસ સામે રાજ્યની હિસ્સેદારી 44% છે. આ માહિતી રાજ્યસભામાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે રજૂ કરેલી વિગતોમાં સામે આવી હતી. મંત્રાલયે એપ્રિલથી સપ્ટેમ્બર 2021 દરમિયાન નિકાસના આંકડાઓને આધારે આ યાદી રજૂ કરી છે, જેમાં ગુજરાતના અમદાવાદ, દેવભૂમિ દ્વારકા, કચ્છ, વડોદરા અને વલસાડ જિલ્લાઓનો પણ સમાવેશ થાય છે.

→ જામનગર જિલ્લામાં સૌથી વધુ નિકાસ પેટ્રોલિયમ ઉત્પાદનોની થઈ છે જ્યારે સુરતમાં હીરા અને જવેલરીની નિકાસ સૌથી વધુ છે. જામનગરી બાંધણી અને બ્રાસ આર્ટિકલ્સની પણ ડિમાન્ડ વધી રહી છે. ભરૂચ અને વલસાડમાં ઓર્ગેનિક અને ઈનઓર્ગેનિક ઉત્પાદનોની સૌથી વધુ નિકાસ થઈ છે. અમદાવાદ જિલ્લાનું મહત્વ ડ્રગ અને ફાર્માસ્યુટિકલ્સના કારણે વધુ છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલયે લોકસભામાં જણાવ્યા અનુસાર, આત્મનિર્ભર ભારત રોજગાર યોજના (ABRY) અંતર્ગત સૌથી વધુ લાભ મેળવનારા રાજ્યોની યાદીમાં ગુજરાત ત્રીજા ક્રમે રહ્યું હતું, જ્યારે મહારાષ્ટ્ર અને તમિલનાડુ અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ક્રમે રહ્યા હતા.**

→ આ યોજના ભારત સરકારે કોવિડ–19 દરમિયાન EPFO (Employees Provident Fund Organisation) અંતર્ગત રજિસ્ટર સંસ્થાના કર્મચારીઓ માટે 1 ઓકટોબર, 2020 થી 31 માર્ચ, 2022 સુધીના સમયગાળા માટે લોન્ચ કરી હતી. યોજના અંતર્ગત સરકાર 1,000 સુધીના કર્મચારી ધરાવતી સંસ્થાઓના નોકરીદાતાને વેતનના 12% અને કર્મચારીને 12% (કુલ 24%) તથા 1,000 થી વધુ કર્મચારી ધરાવતી સંસ્થાઓના કર્મચારીઓને વેતનના 12% યોગદાન આપી રહી છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય શ્રમ મંત્રાલયે આધાર વર્ષ 1963-65ની જગ્યાએ 2016ને લઈને શ્રમ દર સૂચકાંકની નવી શ્રેણી જાહેર કરી છે.**

→ શ્રમ બ્યૂરો દ્વારા શ્રમ દર સૂચકાંક (Wage Rate Index – WRI)નું સંકલન અને જાળવણી કરવામાં આવે છે. અર્થતંત્રમાં બદલાવ અને કામદારોની વેતન પદ્ધતિ સુધારવા માટે સમયાંતરે આર્થિક સૂચકાંકો માટે આધાર વર્ષને બદલવામાં આવે છે. આ વખતે સેન્ટ્રલ સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઈઝેશન, ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) વગેરેની ભલામણોના આધારે WRIના આધાર વર્ષનો વ્યાપ વધારવા અને સૂચકાંકને વધુ પ્રમાણિત બનાવવા માટે આધાર વર્ષમાં સુધારો કરવામાં આવ્યો છે.

❖ **SBIએ ઈન્ડિયા ઈન્ટરનેશનલ એકસચેન્જ (ઈન્ડિયા INX) અને લકઝમબર્ગ સ્ટોક એકસચેન્જ (LuxSE) પર એક સાથે પોતાના 650 મિલિયન ડોલરના ગ્રીન બોન્ડ સૂચિબદ્ધ કર્યા છે.**

→ આ ડયુઅલ લિસ્ટિંગ વર્લ્ડ ઈન્વેસ્ટર વીક (WIW) 2021 ની સસ્ટેનેબલ ફાઈનાન્સ થીમને અનુરૂપ છે, જે રેગ્યુલેટરી સંસ્થા ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી (IFSCA) દ્વારા સૂચવાયું છે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **તાજેતરમાં DRDO દ્વારા પિનાકા એકસટેન્ડેડ રેન્જ (Pinaka-ER) મલ્ટીપલ લોન્ચ રોકેટ સિસ્ટમ (MLRS)નું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.**

→ પિનાકા, એક મલ્ટિ–બેરલ રોકેટ–લોન્ચર (MBRL) સિસ્ટમ જેનું નામ શિવના ધનુષના નામ પરથી રાખવામાં આવ્યું છે, તે 44 સેકન્ડના સમયગાળામાં 12 રોકેટના સિંગલ સેલવો ફાયર કરવામાં સક્ષમ છે. નવું વર્ઝન તેના પાછલા વર્ઝન કરતાં વધુ પાવરફુલ અને એડવાન્સ ટેકનોલોજીથી સજજ છે અને તેના પાછલા વર્ઝન કરતાં વજનમાં હલકું છે.

→ એકસટેન્ડેડ રેન્જ સિસ્ટમની નવી ટ્રાયલ 45 કિમી સુધીની રેન્જ હાંસલ કરી શકે છે જે ભારતીય સેના માટે એક મોટી સિદ્ધિ છે. આર્મીમાં સેવામાં વર્તમાન પિનાકા સિસ્ટમ 35-37 કિમીની રેન્જ ધરાવે છે.

❖ **તાજેતરમાં DRDO દ્વારા વિકસિત સુપરસોનિક મિસાઈલ આસિસ્ટેડ ટોરપિડો સિસ્ટમ (SMART) ઓડિશાના વ્હીલર આઈલેન્ડ પરથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવી હતી.**

→ આ SMART સિસ્ટમ સબમરીન વિરોધી યુદ્ધ કામગીરી માટે 'લાઈટ એન્ટિ–સબમરીન ટોરપિડો સિસ્ટમ'નો મિસાઈલ આસિસ્ટેડ રિલીઝ ટોર્પિડો છે. તે કેનિસ્ટર આધારિત મિસાઈલ સિસ્ટમ છે. આ સિસ્ટમ નેકસ્ટ જનરેશન મિસાઈલ આધારિત સ્ટેન્ડઓફ ટોર્પિડો ડિલિવરી સિસ્ટમ છે. સિસ્ટમની રચના ટોર્પિડોઝની પરંપરાગત શ્રેણી કરતાં દૂર સબમરીન વિરોધી યુદ્ધ ક્ષમતાને વધારવા માટે કરવામાં આવી છે.

❖ **તાજેતરમાં મહાનદી કોલફિલ્ડ્સ લિમિટેડ (MCL) ખાતે રિમોટલી પાયલોટેડ એરક્રાફ્ટ સિસ્ટમ (RPAS) સાથે સંકલિત વિહંગમ 'VIHANGAM' નામના પોર્ટલની શરૂઆત કરી છે.**

→ આ સિસ્ટમમાં ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન (GCS), RPAS, 40 Mbps ની ઈન્ટરનેટ લીઝ્ડ લાઈન અને વિહંગમ પોર્ટલનો સમાવેશ થાય છે. સિસ્ટમ ખાણોમાંથી ઈન્ટરનેટ પ્લેટફોર્મ પર ખાણકામ પ્રવૃત્તિઓના હવાઈ વિડિયોના વાસ્તવિક સમયના પ્રસારણને સક્ષમ કરે છે, જે ફકત ID અને પાસવર્ડ ધરાવતા અધિકૃત કર્મચારીઓ દ્વારા જ વિહંગમ પોર્ટલ દ્વારા એકસેસ કરી શકાય છે.

→ RPAS એ માનવરહિત એરક્રાફ્ટ સિસ્ટમ (UAS) નો પેટા સેટ છે. માનવરહિત એરક્રાફ્ટના ત્રણ પેટા સેટ છે. – રિમોટલી પાયલોટ એરક્રાફ્ટ, ઓટોનોમસ એરક્રાફ્ટ અને મોડલ એરક્રાફ્ટ.

❖ **તાજેતરમાં 'પાર્કર સોલાર પ્રોબ પ્રક્ષેપણ'ના ત્રણ વર્ષ પછી આખરે સૂર્યને 'સ્પર્શ' કર્યો.**

→ તાજેતરમાં NASA એ જાહેરાત કરી હતી કે આ મિશન સૂર્યના ઉપરના વાતાવરણ સુધી પહોંચનાર પ્રથમ જાણીતું અવકાશયાન બની ગયું છે – જેને કોરોના તરીકે ઓળખવામાં આવે છે, જ્યાં તેણે કણો અને ચુંબકીય ક્ષેત્રોના નમૂનાઓ એકત્રિત કર્યા છે.

→ 'પાર્કર સોલર પ્રોબ' વર્ષ 2018માં ફ્લોરિડામાં નાસાના કેપ કેનેડી સ્પેસ સેન્ટર – કોમ્પ્લેક્સ 37માંથી ડેલ્ટા–4 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવી હતી. નાસાએ જાણીતા એસ્ટ્રોફિઝિસ્ટ યુજેન પાર્કરના સન્માનમાં પાર્કર સોલર પ્રોબ નામ આપ્યું છે. આ મિશન સૂર્યની સપાટી પરથી તેના કોરોનાના ઊંચા તાપમાનના કિરણોનો પણ અભ્યાસ કરશે.

❖ **સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ (CGWB) દ્વારા હાલમાં જ કરવામાં આવેલા પાણીના સ્તરના ડેટાના વિશ્લેષણ અનુસાર, લગભગ 33% કૂવાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે, જેમાં ભૂગર્ભ જળસ્તરમાં 0 થી 2 મીટરનો ઘટાડો નોંધાયો છે.**

→ આ ઉપરાંત નવી દિલ્હી, ચેન્નાઈ, ઈન્દોર, મદુરાઈ, વિજયવાડા, ગાઝિયાબાદ, કાનપુર અને લખનઉ વગેરે જેવા મેટ્રો શહેરના કેટલાક ભાગોમાં ઘટાડો 4.0 મીટરથી પણ વધુ જોવા મળ્યો છે.

→ યુનેસ્કોના વર્લ્ડ વોટર ડેવલપમેન્ટ રિપોર્ટ, 2018 અનુસાર, ભારત વિશ્વમાં ભૂગર્ભ જળનો સૌથી વધુ ઉપયોગ કરનાર દેશ છે. રાષ્ટ્રીય GDPમાં ભૂર્ગભ જળનું યોગદાન કયારેય માપવામાં આવતું નથી. CGWB અનુસાર, ભારતમાં ખેતીની જમીનની સિંચાઈ માટે દર વર્ષે 2.30 બિલિયન કયુબિક મીટર ભૂગર્ભ જળનો ઉપયોગ કરવામાં આવતો હોવાથી દેશના અનેક ભાગોમાં ભૂર્ગભ જળ ઝડપથી ક્ષીણ થઈ રહ્યું છે.

❖ **ગ્લોબલ ન્યુટ્રિશન રિપોર્ટ (GNR 2021) : ધ સ્ટેટ ઓફ ગ્લોબલ ન્યુટ્રિશન અનુસાર, એનિમિયા અને ચાઈલ્ડહુડ વેસ્ટિંગ (એટલે ઊંચાઈના પ્રમાણમાં બાળકનું ખૂબ પાતળું શરીર અને ઓછું વજન) લક્ષ્યોને પૂર્ણ કરવા માટે ભારત ન તો પ્રગતિ કરી રહ્યું છે અને ન તો બગડી રહ્યું છે.**

→ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ભારત બાળપણમાં સ્ટન્ટિંગ, બાળપણમાં વધુ વજન અને વિશેષ સ્તનપાન અંગે 13 વૈશ્વિક પોષણ લક્ષ્યોમાંથી 3 ને પૂર્ણ કરવા માટે 'ઓન કોર્સ' છે. 2021નો અહેવાલ જણાવે છે કે, ભારત અન્ય 7 વૈશ્વિક પોષણ લક્ષ્યો પૂર્ણ કરવામાં 'ઓફ કોર્સ' છે. રિપોર્ટમાં જણાવ્યાનુસાર, વિશ્વનો કોઈપણ દેશ મેદસ્વિતાના લક્ષ્યને હાંસલ કરવા માટે 'ઓન કોર્સ' નથી.

→ બાળપણનું સ્ટન્ટિંગ (શારીરિક વિકાસ અવરોધાવો) : બાળપણમાં સ્ટન્ટિંગના લક્ષ્યને પૂર્ણ કરવા માટે ભારત 53 દેશોમાં 'ઓન કોર્સ' છે, તેમ છતાં 5 વર્ષથી ઓછી ઉંમરના લગભગ 34.7% બાળકો હજુપણ અસરગ્રસ્ત છે. આ ટકાવારી એશિયાની સરેરાશથી વધુ છે.

→ એનિમિયા : ભારત એવા 161 દેશોમાં સામેલ છે, જેણે એનિમિયાના કેસ ઓછા કરવાના કિસ્સામાં ન તો કોઈ પ્રગતિ કરી છે અને ન તો બગાડ કર્યો છે. 15-49 વય વર્ગની લગભગ 50% ભારતીય મહિલાઓ એનિમિક છે. 2016માં લગભગ 52.6% મહિલાઓ એનિમિક હતી અને ત્યારથી ભારતમાં એનિમિક ભારતીય મહિલાઓમાં વધારો નોંધાયો છે. 2020માં લગભગ 53% ભારતીય મહિલાઓ એનિમિક હતી.

→ બાળપણમાં વધુ વજન : ભારત એવા 105 દેશોમાં સામેલ છે જે બાળપણમાં વધુ વજનનું લક્ષ્ય પૂર્ણ કરવા માટે 'ઓન કોર્સ' છે.

→ વિશેષ સ્તનપાન : ભારત એવા 53 દેશોમાં સામેલ છે જે 'વિશિષ્ટ (અનન્ય) સ્તનપાન'ના લક્ષ્ય પૂર્ણ કરવા માટે 'ઓન કોર્સ' છે. ભારતમાં 0-5 મહિનાની ઉંમરના લગભગ 58% શિશુઓને વિશેષરૂપે સ્તનપાન કરાવવામાં આવે છે.

→ ચાઈલ્ડહુડ વેસ્ટિંગ (ઊંચાઈના પ્રમાણમાં ખૂબ પાતળું શરીર અને ઓછું વજન) : ભારત એવા 23 દેશોમાં સામેલ છે, જેણે ચાઈલ્ડહુડ વેસ્ટિંગ ઓછું કરવાના કિસ્સામાં ન તો કોઈ પ્રગતિ કરી છે અને ન તો કોઈ બગાડો કર્યો છે. ભારતમાં લગભગ 17.3% બાળકો ચાઈલ્ડહુડ વેસ્ટિંગથી અસરગ્રસ્ત છે, જે એશિયાના સરેરાશ 8.9% ની સાપેક્ષમાં વધુ છે.

→ ભારતે આહાર સંબંધિત બિન–ચેપી રોગ (NCD) લક્ષ્યો પ્રાપ્ત કરવામાં માત્ર મર્યાદિત પ્રગતિ કરી છે. ભારતે મેદસ્વિતાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં કોઈ પ્રગતિ કરી નથી. એવું અનુમાન લગાવવામાં આવ્યું છે કે, ડાયાબિટીસે 9 ટકા પુખ્ય મહિલાઓ અને 10.2% પુખ્ત પુરુષોને અસરગ્રસ્ત કર્યા છે.

❖ **કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે COVID-19 ના સાઉથ આફ્રિકન વેરિયન્ટથી ઊભાં થયેલા જોખમ અંગે એલર્ટ જાહેર કર્યું છે.**

→ નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ (NCDC)એ COVID-19 વેરિયન્ટ B.1.1529ના તાજેતરમાં નોંધાયેલા વિવિધ કેસો અંગે ચેતવણી આપી છે. આ વેરિયન્ટ B.1.1.529ના બોત્સવાનામાં 3, સાઉથ આફ્રિકામાં 6 જ્યારે હોંગકોંગમાં 1 કેસ સામે આવ્યો છે.

→ WHOએ સાઉથ આફ્રિકામાં સૌપ્રથમવાર શોધાયેલા COVID-19ના નવા વેરિયન્ટ B.1.1.529ને ઓમિક્રોન (OMICRON) નામ આપ્યું છે. આ નવા કોરોના વાઈરસ વેરિયન્ટને 'વેરિયન્ટ ઓફ કન્સર્ન' તરીકેનો દરજ્જો આપ્યો છે.

❖ **ઈલેક્ટ્રોનિકસ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયે 'આધાર 2.0 – ડિજિટલ ઓળખ અને સ્માર્ટ ગવર્નન્સના નવા યુગની શરૂઆત' નામના ત્રિદિવસીય વર્કશોપનું આયોજન કર્યું હતું.**

→ આ વર્કશોપ (કાર્યશાળા)નો ઉદ્દેશ સરકાર દ્વારા શરૂ કરાયેલા મુખ્ય સુધારાઓ અને યોજનાઓમાં ડિજિટલ ઓળખની પહોંચનું વિશ્લેષણ કરવાનો છે. 'SWIK' નિયમો (સામાજિક કલ્યાણ, અભિનવીકરણીય અને જ્ઞાન)ના પ્રકાશમાં 'આધાર' ઓનલાઈન અને ઓફલાઈન એમ બંને મોડમાં ચકાસણી સમર્થક તરીકે ચાલુ રાખી શકાશે. ઉ.દા. આધાર ઈ–કોમર્સ, ઈ–બેંકિંગ અને ફાઈનાન્સ ક્ષેત્રે ઉપયોગી થઈ શકે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડીપ લર્નિંગ ટેકનિકનો ઉપયોગ કરીને આધારમાં બાયોમેટ્રિકસને સુધારી શકાય છે.

❖ **નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય અનુસાર, ભારતે નવેમ્બર 2021માં બિનઅશ્મિભૂત ઈંધણ સ્ત્રોતોમાંથી 40% વિદ્યુત ઉત્પાદન ક્ષમતા 156.83 ગીગાવોટ (GW) સુધીનું લક્ષ્ય હાંસલ કરી લીધું છે.**

→ હવે, ભારતની સ્થાપિત પુનઃપ્રાપ્ય ઊર્જા (RE) ક્ષમતા 150.05 ગીગાવોટ છે, જ્યારે તેની પરમાણુ ઊર્જા આધારિત સ્થાપિત વિદ્યુત ક્ષમતા 6.78 ગીગાવોટ છે. આ 156.83 ગીગાવોટ બિનઅશ્મિભૂત ઈંધણ આધારિત સ્થાપિત ઊર્જા ક્ષમતા 390.8 ગીગાવોટની કુલ સ્થાપિત વિદ્યુત ક્ષમતાના 40.1 ટકા છે. સરકાર અનુસાર, બિનઅશ્મિભૂત ઈંધણથી સ્થાપિત વિદ્યુત ક્ષમતા 2030 સુધીમાં 66% થઈ જશે. સાથોસાથ ભારતે ઉત્સર્જનમાં 28% ઘટાડો પણ કર્યો છે.

- **દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન (DMRC)ના અધ્યક્ષ અને આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના સચિવ દુર્ગાશંકર મિશ્રાએ DMRCમાં સ્વદેશી રીતે વિકસિત રોલિંગ સ્ટોક ડ્રાઈવર ટ્રેઈનિંગ સિસ્ટમ (RSDTS)નું પ્રથમ પ્રોટોટાઈપ લોન્ચ કર્યું છે.**
  - → RSDTS મેટ્રો અને રેલવે ટ્રેન ડ્રાઈવરોની ટ્રેઈનિંગ માટે ઉપયોગમાં લેવાની ટેકનોલોજી છે. દુર્ગાશંકર મિશ્રાએ DMRCના MD મંગુસિંહની ઉપસ્થિતિમાં સુપર–સુપરવાઈઝરી કન્ટ્રોલ એન્ડ ડેટા એકિવઝિશન (SCADA) સિસ્ટમનું પ્રદર્શન નિહાળ્યું હતું.
- **તાજેતરમાં કેન્દ્રીય કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્ય મંત્રી ડો. જિતેન્દ્રસિંહે દેશના તમામ પેન્શનરો માટે 'યુનિક' ફેસ રેકગ્નિશન ટેકનોલોજી લોન્ચ કરી છે, જે પેન્શનરો માટે 'જીવન પ્રમાણપત્ર' તરીકે કાર્ય કરશે.**
  - → આ ફેસ રેકગ્નિશન ટેકનોલોજી નેશનલ ઈન્ફર્મેટિકસ સેન્ટર (NIC), ઈલેકટ્રોનિકસ અને IT મંત્રાલય દ્વારા યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)ના સહયોગથી તૈયાર કરવામાં આવી છે. પેન્શન અને પેન્શનર કલ્યાણ વિભાગ દ્વારા ડિજિટલ જીવન પ્રમાણપત્ર પ્રદાન કરવાની પહેલ શરૂ કરવામાં આવી હતી.
  - → એકીકરણ સુવિધા 'ભવિષ્ય' સોફટવેર સાથે બનાવવામાં આવી છે. ભવિષ્ય સેવાનિવૃત્ત થનાર કર્મચારીઓને તેમના ડિજિલોકર ખાતાઓને તેમના 'ભવિષ્ય' ખાતાઓ સાથે જોડવા અને તેમના e-PPO ને સરળતાથી પ્રાપ્ત કરવાનો વિકલ્પ પ્રદાન કરશે. 'ભવિષ્ય' કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય દ્વારા અમલી ઓનલાઈન પેન્શન સ્વીકૃતિ અને પેમેન્ટ ટ્રેકિંગ પ્રણાલી છે.
- **ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન (ITU) અને સંચાર મંત્રાલય અંતર્ગત કાર્યરત્ ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (DoT)એ તાજેતરમાં સંયુકત સાયબર ડ્રિલ, 2021 યોજી હતી.**
  - → સાયબર કવાયત ભારતના ક્રિટિકલ નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રકચર ઓપરેટરો માટે યોજાઈ હતી.
- **તાજેતરમાં બ્લોકચેઈન અંગે રાષ્ટ્રીય રણનીતિ અને ભારતનું પ્રથમ સ્વદેશી સર્વર RUDRA લોન્ચ કરવામાં આવ્યું.**
  - → આઝાદી કા ડિજિટલ મહોત્સવના ભાગરૂપે ઈલેકટ્રોનિકસ અને IT રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરે બ્લોકચેઈન અંગે રાષ્ટ્રીય રણનીતિ જાહેર કરી છે. નેશનલ સ્ટ્રેટેજી ઓન બ્લોકચેઈન ઈલેકટ્રોનિકસ અને IT મંત્રાલય દ્વારા સહિયારો બ્લોકચેઈન ઈન્ફ્રાસ્ટ્રકચર દ્વારા વિશ્વસનીય ડિજિટલ પ્લેટફોર્મ બનાવવા માટે ઘડવામાં આવી છે.
  - → તેનો વિકાસ ઈલેકટ્રોનિકસ અને IT મંત્રાલય અને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST) દ્વારા સમર્થિત રાષ્ટ્રીય સુપરકમ્પ્યૂટિંગ મિશન (NSM) અંતર્ગત સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કમ્પ્યૂટિંગ (C-DAC) દ્વારા કરવામાં આવ્યો છે.
- **નીતિ આયોગે કન્વર્જન્સ એનર્જી સર્વિસ લિમિટેડ (CESL) અને વર્લ્ડ રિસોર્સીસ ઈન્સ્ટિટયૂટ (WRI) ઈન્ડિયા સાથે ભાગીદારીમાં અને ટ્રાન્સફોર્મેટિવ અર્બન મોબિલિટી ઈનિશિયેટિવ (TUMI)ના સમર્થનથી 'ઈ–સવારી ઈન્ડિયા ઈલેકિટ્રક બસ કોએલિશન' (ગઠબંધન) લોન્ચ કર્યું છે.**
  - → ઈ–સવારી દેશમાં ઈ–બસ અપનાવવા પ્રોત્સાહન આપવા માટે માંગ અને પુરવઠાને પૂર્ણ કરશે અને અભિનવ સમાધાન પ્રદાન કરશે. સરકારે ઈ–બસની માંગને પૂર્ણ કરવા માટે ભારતમાં FAME યોજનાના બીજા તબક્કામાં પ્રોત્સાહન પ્રદાન કરાશે.
- **તાજેતરમાં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા જાહેર ભારતના રાજપત્ર અનુસાર, ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં 'અસ્કોટ વન્યજીવ અભયારણ્ય' આસપાસનું 454.65 ચો.કિ.મી. ક્ષેત્ર અસ્કોટ વન્યજીવ અભયારણ્ય ઈકો–સેન્સિટિવ ઝોન (ESZ) ઘોષિત કરવામાં આવ્યું છે.**
- **તાજેતરમાં ભારતીય નૌસેના માટે સર્વેક્ષણ જહાજ (મોટા) પ્રોજેકટ અંતર્ગત બનાવવામાં આવી રહેલા 4 સર્વેક્ષણ જહાજો પૈકીનું પ્રથમ સર્વેક્ષણ જહાજ 'સંધ્યાક' પશ્ચિમ બંગાળના કોલકાતાની હુગલી નદીમાં સંરક્ષણ મંત્રાલયના રાજય મંત્રી અજય ભટ્ટની ઉપસ્થિતિમાં લોન્ચ કરવામાં આવ્યું હતું.**
  - → આ જહાજને ઓકટોબર 2022 સુધીમાં કમિશન કરવામાં આવશે. આ જહાજો એકીકૃત નિર્માણની અવધારણા પર ડિફેન્સ પબ્લિક સેકટર અન્ડરટેકિંગ (DPSU) ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) લિમિટેડ દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવ્યા છે.
  - → GRSE દ્વારા અપનાવવામાં આવેલી નિર્માણ રણનીતિ અનુસાર, પ્રથમ જહાજ GRSE લિમિટેડમાં બનાવવામાં આવ્યું છે અને બાકીના 3 જહાજોનું નિર્માણ કાર્ય L & T શિપબિલ્ડિંગ, કટ્ટુપલ્લી, ચેન્નાઈ (તમિલનાડુ)માં કરવામાં આવશે.
- **ભારતે ઓડિશાના સમુદ્ર તટે ચાંદીપુરની ઈન્ટેગ્રેટડ ટેસ્ટ રેન્જ પરથી બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલની હવાઈ આવૃત્તિનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું.**
  - → બ્રહ્મોસ મિસાઈલની હવાઈ આવૃત્તિનું પરીક્ષણ સુપરસોનિક યુદ્ધવિમાન સુખોઈ 30 MK-1 દ્વારા કરવામાં આવ્યું હતું. બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલના વિકાસ, ઉત્પાદન અને માર્કેટિંગ માટે DRDO (ભારત) અને NPO Mashinostroyeniya (રશિયા) વચ્ચેનું સંયુકત ઉદ્યમ છે.
- **DRDO અને ભારતીય વાયુસેના (IAF)એ સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસિત હેલિકોપ્ટર લોન્ચ સ્ટેન્ડ ઓફ એન્ટિ ટેન્ક (SANT) મિસાઈલનું રાજસ્થાનના પોખરણ રેન્જથી સફળતાપૂર્વક ફલાઈટ પરીક્ષણ કર્યું હતું.**
  - → અત્રે ઉલ્લેખનીય છે કે, આવું પ્રથમવાર બન્યું છે કે તેને રશિયન મૂળની Mi-35 હેલિકોપ્ટર ગનશિપથી લોન્ચ કરવામાં આવી હતી. SANT નો વિકાસ રિસર્ચ સેન્ટર ઈમારત (RCI), હૈદરાબાદ (તેલંગાણા) દ્વારા અન્ય DRDO લેબોરેટરીઓના સમન્વય અને ઉદ્યોગોની ભાગીદારીથી કરવામાં આવ્યો છે. SANT ભારતીય વાયુસેના માટે લાંબા અંતરના બોમ્બ અને સ્માર્ટ એન્ટિ એરફિલ્ડ વેપન્સ (SAAW) બાદ સ્વદેશી સ્ટેન્ડ ઓફ શસ્ત્રોની શ્રેણીમાં ત્રીજું છે.
  - → SANT એન્ટિ ટેન્ક મિસાઈલ અત્યાધુનિક MMW (મિલિમીટર–વેવ) સાધકથી સજજ છે. જે સુરક્ષિત અંતરથી હાઈ પ્રિસીસન સ્ટ્રાઈક ક્ષમતા પ્રદાન કરે છે. SANT 10 કિ.મી. સુધીની હદમાં લક્ષ્યને બેઅસર કરી શકે છે.

❖ **ભારતે સી–સ્કિમિંગ ટાર્ગેટ સહિત કલોઝ રેન્જ પર વિવિધ હવાઈ ખતરાઓને બેઅસર કરવા માટે ઓડિશા તટે ચાંદીપુરમાં ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) પરથી 'વર્ટિકલ લોન્ચ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ' (VL-SRSAM)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું.**

→ VL-SRSAM ભારતીય નૌસેના માટે DRDO દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસિત કરવામાં આવી છે. મિસાઈલનું લોન્ચિંગ ખૂબ જ ઓછી ઊંચાઈ પર ઈલેક્ટ્રોનિક લક્ષ્ય વિરુદ્ધ વર્ટિકલ લોન્ચરમાંથી કરવામાં આવ્યું હતું. VL-SRSAM લગભગ 40 કિ.મી.ના અંતરે લક્ષ્યને ભેદી શકે છે અને ITR, ચાંદીપુર દ્વારા તહેનાત અનેક ટ્રેકિંગ ઉપકરણોનો ઉપયોગ કરીને મિસાઈલના પ્રક્ષેપવક્રની દેખરેખ રાખવામાં આવી હતી.

❖ **DRDO એ રાજસ્થાનની પોખરણ રેન્જમાં એકસટેન્ડેડ રેન્જ પિનાકા (પિનાકા–ER) મલ્ટિ બેરલ રોકેટ લોન્ચર સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું.**

→ પિનાકાની ડિઝાઈન DRDO આર્મામેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિષમેન્ટ (ARDE) લેબોરેટરી, પુણે (મહારાષ્ટ્ર) અને હાઈ એનર્જી મટિરિયલ્સ રિસર્ચ લેબોરેટરી (HEMRL) પુણે દ્વારા તૈયાર કરવામાં આવી છે. નવા પિનાકા ERની રેન્જ 45 કિ.મી.થી વધારીને 70 કિ.મી. કરવામાં આવી છે.

❖ **કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે DRDO ભવન, નવી દિલ્હીમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે આયોજિત કાર્યક્રમમાં સશસ્ત્ર દળો અને અન્ય સુરક્ષા એજન્સીઓને DRDO દ્વારા વિકસિત કરવામાં આવેલા 5 ઉત્પાદનો સોંપ્યા છે.**

→ રાજનાથસિંહે સાત જાહેર અને ખાનગી ક્ષેત્રની કંપનીઓને છ લાઈસન્સિંગ એગ્રીમેન્ટ્સ ફોર ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી (LAToT) પણ સોંપ્યા છે. આ આયોજન પહેલાં DRDOએ 'ભવિષ્યની તૈયારી' અંગે એક સેમિનારનું આયોજન કર્યું હતું. સશસ્ત્ર દળો અને ગૃહ મંત્રાલયને સોંપવામાં આવેલા ઉત્પાદનોમાં એન્ટિ–ડ્રોન સિસ્ટમ, મોડયુલર બ્રિજ, સ્માર્ટ એન્ટિ એરફિલ્ડ વેપન (SAAW), ચેફ વેરિયન્ટ અને લાઈટ વેઈટ ફાયર ફાઈટિંગ સૂટ છે.

❖ **વાયુ ગુણવત્તા ટ્રેકર 'IQAir' અનુસાર, વાયુ પ્રદૂષણ વિશ્વના લોકો માટે સૌથી મોટા સ્વાસ્થ્ય જોખમ પૈકીનું એક છે.**

→ વાયુ પ્રદૂષણ દર વર્ષે લગભગ 70 લાખ લોકોના અકાળ મૃત્યુનું કારણ બને છે. જેમાં 6 લાખ બાળકોનો પણ સમાવેશ થાય છે. માત્ર એકલા જીવાશ્મ ઈંધણ ઉત્સર્જનના કારણે વાયુ પ્રદૂષણથી વૈશ્વિક અર્થવ્યવસ્થાને દર વર્ષે 29 ટ્રિલિયન ડોલરથી વધુનું નુકસાન થાય છે. વાયુ પ્રદૂષણ ગંભીર પર્યાવરણીય સમસ્યાઓની એક છે.

→ વાયુ ગુણવત્તા PM2.5, PM10, ઓઝોન, સલ્ફર ડાયોકસાઈડ, નાઈટ્રોજન ડાયોકસાઈડ અને કાર્બન મોનોકસાઈડ જેવા વાયુ પ્રદૂષકોના સ્તરને જોતા નક્કી કરવામાં આવે છે.

→ IQAir ડેટા મુજબ ભારતમાં 2020માં દુનિયાના 100 સૌથી પ્રદૂષિત શહેરોમાંથી 46 શહેરો હતા. ભારત બાદ ચીનના (42), પાકિસ્તાનના (6), બાંગ્લાદેશ (4), ઈન્ડોનેશિયા (1) અને થાઈલેન્ડનું (1) શહેર હતું. આ બધા શહેરોમાં PM2.5 ની વાયુ ગુણવત્તા રેટિંગ 50થી વધુ હતી. દુનિયામાં 10 સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ભારતના 9 શહેરો છે. 2020માં, ચીનના ઝિજિયાંગ પ્રાંતના હોતાન શહેરમાં સૌથી ખરાબ વાયુ ગુણવત્તા સરેરાશ 110.2 હતી. IQAir સ્વિટ્ઝલેન્ડની વાયુ ગુણવત્તા ટેકનોલોજી કંપની છે.

❖ **કલાઈમેટ ટેક સ્ટાર્ટ–અપ બ્લૂ સ્કાય એનાલિટિકસે કૃષિ કચરો બાળવા સાથે સંબંધિત ઉત્સર્જન અંગે તેનો અહેવાલ જાહેર કર્યો છે.**

→ અહેવાલમાં અનુસાર, ભારત 2015-2020ના સમયગાળામાં કુલ વૈશ્વિક ઉત્સર્જનના 13% માટે જવાબદાર છે. એકલા 2020માં ભારતનું આવું ઉત્સર્જન 12.2% નોંધાયું હતું. આ આંકડાકીય માહિતી ભારતમાં કૃષિ અવશેષો અને વન અવશેષોની આગથી ઉત્સર્જન સહિત બાયોમાસ આગમાં તાજેતરના વલણોમાં નવી અંતર્દષ્ટિ પર પ્રકાશ ફેંકે છે. દા.ત. અહેવાલમાંની આંકડાકીય માહિતી 2016 અને 2019 વચ્ચે પાકની આગના નીચલા વલણને ચકાસે છે. અહેવાલ મુજબ, કૃષિભૂમિની આગને લીધે વર્ષ 2016 થી 2019 વચ્ચે ગ્રીન હાઉસ ગેસ (GHG) ઉત્સર્જન 11.39% સુધી ઘટયું છે. 2019-20માં, GHG ઉત્સર્જન 12.8% સુધી વધ્યું છે. આના પરિણામે, ભારતનું વૈશ્વિક યોગદાન 12.2% થઈ ગયું છે.

→ બ્લૂ સ્કાય એનાલિટિકસ ભારતીય કલાઈમેટ ટેક સ્ટાર્ટ–અપ છે. તેની સ્થાપના IITના એક પૂર્વ વિદ્યાર્થીએ કરી છે. તે 'કલાઈમેટ TRACE' નામક વૈશ્વિક ગઠબંધનનો એક ભાગ છે.

→ કલાઈમેટ ટ્રેસ એ એક વૈશ્વિક ગઠબંધન છે, જે નિકટ વાસ્તવિક સમય અને સ્વતંત્ર ઉચ્ચ રિઝોલ્યુશન GHG ઉત્સર્જન ડેટા પ્રદાન કરીને જળવાયુ કાર્યવાહીમાં ઝડપ લાવવાના મિશન પર કામ કરે છે.

❖ **મુંબઈ સ્થિત ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર પોપ્યુલેશન સાયન્સીઝ (IIPS)ના વૈજ્ઞાનિકો અનુસાર, COVID-19 મહામારીએ વિશ્વ સમસ્તમાં લોકોના જીવનને ભારે પ્રભાવિત કર્યું છે.**

→ તેમના મતાનુસાર, ભારતમાં COVID-19 મહામારીથી લોકોના આયુષ્યમાં પૂરાં બે વર્ષનો ઘટાડો થયો છે. અહેવાલ પુરુષો તેમજ મહિલાઓમાં જન્મના સમયે આયુષ્યમાં ઘટાડા ભણી ઈશારો કરે છે. વર્ષ 2019માં જન્મના સમયે પુરુષો માટે અપેક્ષિત આયુષ્ય 69.5 વર્ષ અને મહિલાઓ માટે 72 વર્ષ હતું. વર્ષ 2020માં તે ઘટીને પુરુષો માટે 67.5 વર્ષ અને મહિલાઓ માટે 69.8 વર્ષ થઈ ગયું છે. અભ્યાસમાં જીવન અસમાનતાની લંબાઈ નામના એક પરિબળ શબ્દનો પણ સમાવેશ કરાયો હતો. અભ્યાસ અનુસાર, COVID-19એ 39 થી 69 વર્ષના વય જૂથના લોકોમાં સૌથી વધુ પુરુષોનો ભોગ લીધો છે.

❖ **વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્ય મંત્રી જિતેન્દ્રસિંહે પણજી (ગોવા)માં આયોજિત 7મા ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ (IISF) 2021નું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ IISF વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય, પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અને વિજ્ઞાન ભારતી (VIBHA)નો સંયુકત કાર્યક્રમ છે, જે ભારતનું સ્વદેશી વિજ્ઞાન આંદોલન છે. નેશનલ સેન્ટર ફોર પોલર એન્ડ ઓશન રિસર્ચ IISF 2021 ના આયોજનની નોડલ એજન્સી છે. પ્રથમ IISFનું આયોજન વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય તથા પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા IIT દિલ્હીમાં કરવામાં આવ્યું હતું. IISF 2021માં 'સ્વચ્છ ભારત અભિયાન', 'મેક ઈન ઈન્ડિયા', 'ડિજિટલ ઈન્ડિયા', 'સ્માર્ટ વિલેજ', 'સ્માર્ટ સિટીઝ', 'નમામિ ગંગે', 'ઉન્નત ભારત અભિયાન' જેવા મુખ્ય કાર્યક્રમોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમોને 5 વર્ગોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. સ્વતંત્રતા સંગ્રામ, આઈડિયાઝ@75, અચીવમેન્ટ્સ@75, એકશન્સ@75 અને રિઝોલ્વ્સ@75.

❖ **તમિલનાડુના વિલ્લુપુરમ જિલ્લામાં સ્થિત કાઝુવેલી વેટલેન્ડને પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના પર્યાવરણ અને વન સચિવ સુપ્રિયા સાહુએ રાજ્યનું 16મું પક્ષી અભયારણ્ય ઘોષિત કર્યું છે.**

→ આ ઘોષણા વન્યજીવ અભયારણ્ય (સંરક્ષણ) અધિનિયમ, 1972ની કલમ 18ની પેટાકલમ (1) અંતર્ગત કરવામાં આવી હતી. પુલીકટ સરોવર બાદ કાઝુવેલી વેટલેન્ડને દક્ષિણ ભારતમાં બીજા સૌથી મોટા ખારા પાણીના સરોવર તરીકે ઓળખવામાં આવે છે. તેમાં વાનુર તાલુકામાં 5,151.60 હેકટર અને મરક્કનમ તાલુકામાં 3,027.25 હેકટર જમીન સામેલ છે.

❖ **નાસાએ તેના સૌપ્રથમ DART મિશન (ડબલ એસ્ટેરોઈડ રિડાઈરેકશન ટેસ્ટ) વહેલી સવારે 1.21 કલાકે કેલિફોર્નિયામાં સ્થિત વાન્ડેનબર્ગ સ્પેસ ફોર્સ બેઝપરથી સ્પેસએકસ 9 રોકેટ દ્વારા લોન્ચ કર્યું છે.**

→ નાસાનું DART મિશન ક્ષુદ્રગ્રહને તેના માર્ગ પરથી વિચલિત કરવાની ટેકનોલોજીનું પરીક્ષણ કરવાનું વિશ્વનું સૌપ્રથમ મિશન છે. DART મિશન વર્ષ 2022માં 26 સપ્ટેમ્બર અને 1 ઓકટોબરની વચ્ચે નાનકડા ચંદ્ર ડિમોર્ફોસ પર 15000 mph (24,100 કિ.મી./કલાક)ની ગતિથી ત્રાટકશે જેથી ક્ષુદ્રગ્રહને દૂર હટાવી શકાય. આ મિશન ભવિષ્યમાં પૃથ્વી તરફ ધસી આવતા કોઈ લઘુગ્રહની ટક્કર ટાળવા માટેની નવી ટેકનિકનું પરીક્ષણ કરશે.

❖ **પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં મુઝફ્ફરનગર – બિજનૌર સીમા પર સ્થિત હૈદરપુર વેટલેન્ડ ઉત્તર પ્રદેશની 10મી, ભારતની 47મી તથા વિશ્વની 2,463મી રામસર સાઈટ જાહેર કરવામાં આવી છે.**

→ 1,214 હેકટરમાં ફેલાયેલી હૈદરપુર વેટલેન્ડ ગંગા–સલોની નદી વચ્ચે આવેલી સાઈટ છે, જે હસ્તિનાપુર વાઈલ્ડ લાઈફ સેન્ચુરીનો ભાગ છે. હૈદરપુર વેટલેન્ડ એક માનવનિર્મિત સરોવર છે, જેનું નિર્માણ વર્ષ 1984માં મધ્ય ગંગા બેરેજના 30થી વધુ છોડની પ્રજાતિઓ, 300થી વધુ પક્ષીઓની પ્રજાતિઓ જેમાં 102 જળ પક્ષી, 40 માછલીઓ તથા 10થી વધુ સ્તનધારી પ્રાણીઓના સંરક્ષણ માટે કરવામાં આવ્યું હતું.

## રમત–જગત, નિમણૂંક, વ્યકિત, પુસ્તક, નિધન

❖ **ભારતીય મૂળના પરાગ અગ્રવાલને Twitter ના CEO તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. જે જેક ડોર્સીનું સ્થાન લીધું છે.**

→ પરાગ અગ્રવાલ મૂળ રાજસ્થાનના વતની છે. તેઓએ IIT-બોમ્બેમાં અભ્યાસ કર્યો છે.

❖ **ભારતીય એથ્લેટ અંજુ બોબી જ્યોર્જે વર્લ્ડ એથ્લેટિકસ તરફથી 'વુમન ઓફ ધ યર' (Women of the year Award) એવોર્ડ જીત્યો છે**

→ તેમનો જન્મ કેરળના કોટ્ટાયમના ચિરનચિરા ગામમાં થયો હતો.

❖ **તાજેતરમાં ગીતા ગોપીનાથ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ના પ્રથમ ડેપ્યુટી મેનેજિંગ ડિરેકટર બન્યા છે.**

→ IMFમાં ટોચની ભૂમિકા નિભાવનાર તે પ્રથમ ભારતીય છે. ગીતા ગોપીનાથને આ અગાઉ IMFના મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

❖ **આર્જેન્ટિનાના મહાન ફૂટબોલર લિયોનલ મેસ્સીએ સાતમી વખત 'બેલોન ડી ઓર એવોર્ડ' જીતીને ઈતિહાસ સર્જયો છે.**

→ જ્યારે વિમેન્સ કેટેગરીમાં આ એવોર્ડ સ્પેનના સુશ્રી એલેકિસયા પુતેલાસે જીત્યો હતો. બાયર્ન મ્યુનિકના રોબર્ટ લેવાન્ડોસ્કીએ સ્ટ્રાઈકર ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો હતો. જ્યારે ઈટાલીના ગોલકીપર ગિયાનલુઈગી ડોનરૂમાએ બેસ્ટ ગોલકીપરનો એવોર્ડ જીત્યો હતો.

❖ **ભારતીય સ્કવોશ સ્ટાર શ્રી સૌરવ ઘોષાલે મલેશિયન ઓપન ચેમ્પિયનશીપ 2021નો ખિતાબ જીત્યો છે.**

→ આ સાથે તેઓ મલેશિયન ઓપન જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે.

❖ **15 ડિસેમ્બર, 2021ના રોજ, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 71મી પુણ્યતિથિ દેશભરમાં ઉજવવામાં આવી હતી.**

❖ **તાજેતરમાં જ ટાઈમ મેગેઝિને 'ટેસ્લા' અને 'સ્પેસ–એકસ'ના સીઈઓ 'એલન મસ્ક'ને 'પર્સન ઓફ ધ યર' તરીકે જાહેર કર્યા છે.**

❖ **ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) સુનિલ અરોરાને ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર ડેમોક્રેસી એન્ડ ઈલેકટોરલ આસિસ્ટન્સના સલાહકાર બોર્ડમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.**

→ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર ડેમોક્રેસી એન્ડ ઈલેકટોરલ આસિસ્ટન્સ એ વિશ્વભરમાં ટકાઉ લોકશાહીને સમર્થન આપવાના મિશન સાથે 1995માં સ્વીડનમાં સ્થપાયેલી આંતર–સરકારી સંસ્થા છે. સંસ્થાનું સંચાલન 15 સદસ્યના સલાહકાર મંડળ દ્વારા કરવામાં આવે છે, જેમાં વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોનો સમાવેશ થાય છે. જેમાં હાલમાં 34 સભ્ય દેશોનો સમાવેશ થાય છે.

❖ **દેશના પ્રથમ 'ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ' (CDS) જનરલ બિપિન રાવતનું તાજેતરમાં તમિલનાડુના કુન્નુરમાં એક અકસ્માતમાં નિધન થયું છે.**

→ જનરલ બિપિન રાવત દેશના પહેલા 'ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ' હતા, જેમને વર્ષ 2019માં આ પદ પર નિયુકત કરવામાં આવ્યા હતા.

❖ **એપોઈન્ટમેન્ટસ કમિટી ઓફ ધ કેબિનેટ (ACC)એ ભારતની સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ ન્યાયમૂર્તિ અશોક ભૂષણને નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (NCLAT)ના અધ્યક્ષ તરીકે પદભાર ગ્રહણ કરવાની તારીખથી 4 વર્ષના સમયગાળા માટે અથવા 70 વર્ષની ઉંમર સુધી અથવા આગામી આદેશ સુધી નિયુકિતના પ્રસ્તાવને મંજૂરી આપી છે.**

→ NCLATના પહેલાં અધ્યક્ષ ન્યાયમૂર્તિ એસ.જે.મુખોપાધ્યાય 14 માર્ચ, 2020ના રોજ સેવા નિવૃત્ત થયા હતા, ત્યાર બાદ NCLAT કાર્યવાહક અધ્યક્ષ સાથે કામ કરી રહ્યું છે. ન્યાયમૂર્તિ અશોક ભૂષણની નિયુકિત પહેલાં ન્યાયમૂર્તિ બંસીલાલ ભટને અને ન્યાયમૂર્તિ અશોક ઈકબાલસિંહ ચીમા (A.I.S. ચીમા)એ NCLAT ના કામચલાઉ અધ્યક્ષ તરીકે કાર્ય કર્યું હતું.

→ સરકારે મણિપુર હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ રામલિંગમ સુધાકરને નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)ના અધ્યક્ષ નિયુકત કર્યા છે. 5 જાન્યુઆરી, 2020ના રોજ NCLTના અધ્યક્ષ તરીકે ન્યાયમૂર્તિ મહેશ મિત્તલકુમારની સેવાનિવૃત્તિ બાદ BSV પ્રકાશકુમારને NCLTના કામચલાઉ અધ્યક્ષ નિયુકત કરવામાં આવ્યા હતા.

→ NCLATનું ગઠન કંપની અધિનિયમ, 2013ની કલમ 410 અંતર્ગત 1 જૂન, 2016 થી NCLTના આદેશો વિરૂદ્ધ અપીલની સુનાવણી માટે કરવામાં આવ્યું હતું. NCLTની મુખ્ય બેન્ચ નવી દિલ્હીમાં છે. NCLT નું ગઠન 1 જૂન, 2016ના રોજ કંપની અધિનિયમ, 2013ની કલમ 408 અંતર્ગત કરવામાં આવ્યું છે. મુખ્ય બેન્ચ : નવી દિલ્હી

❖ **તાજેતરમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેકટ ટેકસીસ એન્ડ કસ્ટમ્સ (CBIC)ના નવા અધ્યક્ષ તરીકે વિવેક જોહરીએ પદભાર સંભાળ્યો છે**

→ વિવેક જોહરી 1985ની બેચના ભારતીય મહેસૂલ સેવાના અધિકારી છે.

❖ **CBIના સ્પેશિયલ ડાયરેકટ ગુજરાત કેડરના IPS પ્રવીણ સિન્હાને એશિયામાંથી ઈન્ટરપોલની એકિઝકયુટિવ કમિટીના પ્રતિનિધિ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા છે.**

→ ઈન્ટરપોલની આ ટોચની સમિતિમાં બે પદો માટે સિંગાપુર, ચીન, જોર્ડન અને રિપબ્લિક ઓફ કોરિયા સહિતના દેશોના ઉમેદવારો સ્પર્ધામાં ઉતર્યા હતા જેમાં ભારતના ઉમેદવાર પ્રવીણ સિન્હાનો વિજય થયો હતો.

❖ **BJPના પ્રવકતા અને નેતા સંબિત પાત્રાને આગામી 3 વર્ષના સમયગાળા માટે કેબિનેટની નિયુકિત સમિતિ (ACC) દ્વારા ઈન્ડિયા ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (ITDC)ના અધ્યક્ષ અને પાર્ટ–ટાઈમ નોન–એકિઝકયુટિવ ડાયરેકટર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.**

❖ **મધ્યપ્રદેશ કેડરના IAS અધિકારી અલકા ઉપાધ્યાયને ભારત સરકાર દ્વારા માર્ગ પરિવહન અને હાઈવેઝ મંત્રાલય અંતર્ગતના નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ના અધ્યક્ષ નિયુકત કરવામાં આવ્યા છે.**

→ NHAI માર્ગ પરિવહન અને હાઈવેઝ મંત્રાલયની નોડલ એજન્સી છે અને તેનું વડુમથક નવી દિલ્હીમાં આવેલું છે.

❖ **દેશના હિન્દીના વરિષ્ઠ પત્રકાર અને પદ્મશ્રી વિનોદ દુઆનું 4 ડિસેમ્બર, 2021ના COVID-19 ઈન્ફેકશનને પગલે લાંબી માંદગીને લીધે અવસાન થયું છે.**

→ તેઓ ભારતના ચૂંટણી કવરેજમાં ક્રાંતિ લાવવા માટે પણ જાણીતા છે. વિનોદ દુઆ રામનાથ ગોએન્કા એકસેલેન્સ ઈન જર્નાલિઝમ એવોર્ડ વિજેતા પ્રથમ ઈલેકટ્રોનિક મીડિયા પત્રકાર છે. 1996માં તેમને આ પ્રતિષ્ઠિત પુરસ્કારથી અલંકૃત કરાયા હતા. દૂરદર્શન પર તેમના દ્વારા સંચાલિત 'જનવાણી' કાર્યક્રમમાં દેશના રાજકારણ અને સામાજિક પ્રાસંગિકતા અંગેના સીધા સવાલો પૂછી શકાતા હતા. વિનોદ દુઆનો ખૂબ પ્રશંસા અને પ્રેમ પામેલો કાર્યક્રમ 'ઝાઈકા ઈન્ડિયા કા' હતો.

❖ **કેન્દ્ર સરકારે પાંચ સભ્યની સેન્ટ્રલ વિસ્ટા ઓવરસાઈટ કમિટીનું ગઠન કર્યું છે.**

→ સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેકટ અંતર્ગત અમલી પ્રોજેકટોને ઝડપથી પૂર્ણ કરવા માટે પૂર્વ નાણાં સચિવ રતન પી. વાટલની અધ્યક્ષતામાં આ કમિટીનું ગઠન કરવામાં આવ્યું છે. આ કમિટીના અન્ય સભ્યોમાં ડેપ્યૂટી CAG પી.કે.તિવારી, લાર્સન એન્ડ ટુબ્રો (L&T) ના પૂર્વ ડાયરેકટર શૈલેન્દ્ર રોય, IIT દિલ્હીના પ્રોફેસર મોસમ વગેરેનો સમાવેશ થાય છે.

❖ **ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ હ્યુમન બ્રાન્ડ્સ (IIHB) દ્વારા જાહેર વાર્ષિક સર્વેના પરિણામો અનુસાર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને તેમના પત્ની નીતા અંબાણીએ પાવર કપલ્સની યાદીમાં ટોચનો ક્રમ હાંસલ કર્યો છે.**

→ બોલિવૂડનું કપલ રણવીરસિંહ અને દીપિકા પાદુકોણ બીજા સ્થાને રહ્યું છે, જ્યારે વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા ત્રીજા ક્રમે આવ્યા છે.

❖ **18મી સદીમાં ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરનાર હિન્દુ દેવસહાયમ પિલ્લઈ સંતની ઉપાધિ પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય બનશે.**

→ પોપ ફ્રાન્સિસ 15 મે, 2022 ના રોજ વેટિકન સિટીમાં સેન્ટ પીટર્સ બેસિલિકામાં એક ધર્મસભામાં 6 અન્ય સંતો સાથે દેવસહાયમ પિલ્લઈને સંત જાહેર કરશે. વેટિકન સિટી રોમન કેથોલિક ચર્ચની સીટ છે.

❖ **ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે તાજેતરમાં ગુજરાત રાજયના મુખ્ય માહિતી કમિશનર તરીકે નિવૃત્ત IAS અધિકારી અમૃત પી. પટેલની નિમણૂક કરી છે.**

→ ગુજરાત રાજયના મુખ્ય માહિતી કમિશનર દિલીપ પી. ઠાકરની 11 નવેમ્બર 2021ના રોજ નિવૃત્તિ બાદ આ સર્વોચ્ચ પદ ખાલી પડયું હતું. ગુજરાત સ્ટેટ ઈન્ફર્મેશન કમિશનમાં વર્તમાનમાં ચાર સ્ટેટ ઈન્ફર્મેશન કમિશનર કે.એમ.અધ્વર્યુ, વીરેન્દ્ર પી. પંડયા, રમેશ જે. કારિયા અને ડો. સુભાષ સોની ફરજ બજાવી રહ્યા છે.

❖ **ઊંઝાના સક્રિય અને શિક્ષિત ધારાસભ્ય ડો.આશાબેન પટેલનું ડેંગ્યૂ થયા બાદ મલ્ટિપલ ઓર્ગન ફેલ્યોરને કારણે 12 ડિસેમ્બર, 2021ના અવસાન થયું.**

→ 2017ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે પુનઃટિકિટ આપતા ભાજપના ઉમેદવાર નારણ પટેલ સામે 19,529 મતે ઊંઝા બેઠક પરથી જીત્યા હતા.

❖ **બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં આયોજિત 22મી એશિયન તીરંદાજી ચેમ્પિયનશિપ, 2021માં કુલ મેડલ ટેલીમાં ભારત બીજા સ્થાને રહ્યુ હતું.**

→ ભારતીય ટીમે કુલ 7 મેડલ (1 ગોલ્ડ, 4 સિલ્વર અને 2 બ્રોન્ઝ) જીત્યા છે, જ્યારે દક્ષિણ કોરિયા કુલ 15 મેડલ સાથે પ્રથમ સ્થાને છે. જ્યોતિ સુરેખા વેન્નમે કમ્પાઉન્ડ વીમેન્સ વ્યકિતગત ઈવેન્ટમાં ભારતનો એકમાત્ર ગોલ્ડ જીત્યો છે.

❖ **ભારતીય સ્કવોશ પ્લેયર સૌરવ ઘોષાલે મલેશિયાના કુઆલાલુમ્પુરમાં આયોજિત મેન્સ સિંગલ્સ ફાઈનલમાં કોલંબિયાના મિગુએલ રોડ્રિગેજને હરાવીને મલેશિયન ઓપન સ્કવોશ ચેમ્પિયનશિપ, 2021 જીતી છે.**

❖ **આર્જેન્ટિનાની જુનિયર પુરુષ હોકી ટીમે ભુવનેશ્વર (ઓડિશા)ના કલિંગ સ્ટેડિયમમાં આયોજિત 2021 પુરુષ FIH હોકી જુનિયર વર્લ્ડ કપ (WC)ની 12મી આવૃત્તિની ફાઈનલમાં જર્મનીને 4-2 થી હરાવીને તેનો બીજો જુનિયર પુરુષ હોકી WC ખિતાબ જીત્યો છે.**

→ આર્જેન્ટિના જર્મની (છ ખિતાબ) અને ભારત (2001, 2016) બાદ મલ્ટિપલ જુનિયર હોકી WC ખિતાબ જીતનારી માત્ર ત્રીજી ટીમ છે.

## એવોર્ડ, પુરસ્કાર

❖ **આસામી કવિ નીલામણિ ફુકન જુનિયરે 56મો અને કોંકણી નવલકથાકાર દામોદર મોજોએ 57મો જ્ઞાનપીઠ એવોર્ડ જીત્યો છે.**

→ સાહિત્ય અકાદમી પુરસ્કાર, વર્ષ 1954માં સ્થાપિત કરવામાં આવ્યો, એક સાહિત્યિક સન્માન છે. સાહિત્ય અકાદમી (નેશનલ એકેડેમી ઓફ લેટર્સ) દ્વારા દર વર્ષે એવોર્ડ આપવામાં આવે છે. અકાદમી દ્વારા દર વર્ષે તેના દ્વારા માન્ય 24 ભાષાઓમાં સાહિત્યિક કૃતિઓ તેમજ આ ભાષાઓમાં પરસ્પર સાહિત્યિક અનુવાદો માટે પુરસ્કારો આપવામાં આવે છે.

❖ **તાજેતરમાં ભૂટાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર– 'ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલ્પો' થી સન્માનિત કરવાની જાહેરાત કરી છે.**

→ 'ધ ઓર્ડર ઓફ ધ ડ્રેગન કિંગ' (ડ્રુક ગ્યાલ્પો) એ ભૂટાન સરકારનું સર્વોચ્ચ સન્માન છે, જેના દ્વારા સામ્રાજ્ય અને સામાન્ય લોકોની સેવામાં ભૂટાન દ્વારા કરવામાં આવેલા કાર્યોને રેખાંકિત કરવામાં આવે છે. નોંધનીય છે કે આ પહેલા પણ ઘણા દેશો દ્વારા વડાપ્રધાનને તેમના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા છે.

❖ **તાજેતરમાં જ સાત વખતના ફોર્મ્યુલા વન ચેમ્પિયન 'લુઈસ હેમિલ્ટન'ને રમત પ્રત્યેની તેમની સેવાઓ બદલ 'નાઈટહૂડ'ના ખિતાબથી નવાજવામાં આવ્યા છે.**

→ નાઈટહૂડ એ બ્રિટિશ રાજા અથવા રાણી દ્વારા કોઈ ચોક્કસ પ્રદેશમાં ઉચ્ચ સિદ્ધિઓ અને સેવાઓ માટે વ્યકિતને આપવામાં આવતો પુરસ્કાર અને ખિતાબ છે

❖ **ઈન્ટરનેશનલ એકેડેમી ઓફ ટેલિવિઝન આર્ટ્સ એન્ડ સાયન્સીઝે ન્યૂયોર્ક શહેર (USA)માં કાસા સિપ્રિયાનીના ગ્રેટ હોલમાં આયોજિત કાર્યક્રમમાં 49મા 'ઈન્ટરનેશનલ એમી એવોર્ડ', 2021ના વિજેતાની ઘોષણા કરી હતી.**

→ ઈન્ટરનેશનલ એમી એવોર્ડ, 2021ની મેજબાની અભિનેત્રી ને કોમેડિયન Yvonne Orji એ કરી હતી. 49મા ઈન્ટરનેશનલ એમી એવોર્ડમાં 8 દેશો ફ્રાન્સ, ઈઝરાયેલ, ન્યૂઝિલેન્ડ, નોર્વે, ચીન, થાઈલેન્ડ, ઈંગ્લેન્ડ અને અમેરિકાના 11 કાર્યક્રમો અને પ્રદર્શનોને સન્માનિત કરાયા હતા. કાન પબ્લિક બ્રોડકાસ્ટર દ્વારા નિર્મિત ઈઝરાયેલની થ્રિલર 'તેહરાન'એ ડ્રામા સીરિઝ માટે ઈન્ટરનેશનલ એમી એવોર્ડ 2021 જીત્યો છે.

→ સીરિયસ મેનમાં નવાઝુદ્દિન સિદ્દિકીને અભિનેતા દ્વારા સર્વશ્રેષ્ઠ પ્રદર્શન માટે નોમિનેટ કરવામાં આવ્યા હતા. 'વીરદાસ : ફોર ઈન્ડિયા'ને કોમેડી માટે નોમિનેટ કરવામાં આવ્યું હતું અને સુષ્મિતા સેન અભિનીત ડિઝની + હોટસ્ટાર પર 'આર્યા' ટેલિવિઝન સીરિઝને ડ્રામા સીરિઝ માટે નોમિનેટ કરવામાં આવી હતી. રિચી મહેતા દ્વારા નિર્દેશિત દિલ્હી ક્રાઈમે બેસ્ટ ડ્રામા સીરિઝ માટે ઈન્ટરનેશનલ એમી એવોર્ડ 2020 જીત્યો હતો અને આ પુરસ્કાર જીતનારી પ્રથમ ભારતીય સીરિઝ બની હતી.

❖ **નવી દિલ્હીમાં ઐતિહાસિક નિઝામુદીન બસ્તી સમુદાયના સમગ્ર શહેરી પુનરુત્થાન અંગેના ભારતના પ્રોજેક્ટ નિઝામુદીન પુનરુત્થાન પ્રોજેકટે 2 શ્રેણીઓ 'ઉત્કૃષ્ટતા પુરસ્કાર' અને સતત વિકાસ માટે વિશેષ માન્યતાનો પુરસ્કાર અંતર્ગત સાંસ્કૃતિક વિરાસત સંરક્ષણ 2021 માટે UNESCO એશિયા–પેસિફિક પુરસ્કાર જીત્યા છે.**

→ વર્ષ 2000 થી આ એવોર્ડથી 22 દેશોના 275 વિજેતાઓને માન્યતા મળી છે. આ પુરસ્કાર વિજેતા પ્રોજેકટો માટે કાંસ્ય તકતી અને માન્યતા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

→ વિરાસત વિશેષજ્ઞોની જ્યુરીએ સાંસ્કૃતિક વિરાસત સર્વેક્ષણ, 2021 માટે UNESCO એશિયા – પ્રશાંત પુરસ્કારો સાથે 6 દેશો (બાંગ્લાદેશ, ચીન, ભારત, જાપાન, મલેશિયા અને થાઈલેન્ડ)ના 9 પ્રોજેક્ટોને સન્માનિત કર્યા છે.

❖ **પ્રસિદ્ધ ભારતીય મહિલા લોંગ જમ્પર અંજુ બોબી જ્યોર્જને ઈન્ડિયન એથ્લેટિક્સ ફેડરેશન (IAF)ના વરિષ્ઠ ઉપાધ્યક્ષ તરીકે ભારતમાં રમતને પ્રોત્સાહન આપવા અને લૈંગિક સમાનતાની હિમાયત કરવા બદલ આંતરરાષ્ટ્રીય એથ્લીટ સંસ્થા વર્લ્ડ એથ્લેટિક્સ દ્વારા વુમન ઓફ ધ યર એવોર્ડથી સન્માનિત કરાયા છે.**

→ 44 વર્ષીય અંજુ બોબી જ્યોર્જ વર્ષ 2003માં પેરિસ ખાતે આયોજિત વર્લ્ડ ચેમ્પિયનશિપમાં લાંબી કૂદમાં બ્રોન્ઝ મેડલ જીતનારા એકમાત્ર ભારતીય છે. ત્યાર બાદ વર્ષ 2005માં, તેઓ IAAF વર્લ્ડ એથ્લેટિક્સ ફાઈનલ ખાતે ગોલ્ડ મેડલ પણ જીત્યા હતા. અંજુ બોબી જ્યોર્જનો જન્મ 19 એપ્રિલ, 1977ના રોજ કેરળના કોટ્ટાયમમાં ચીરાનચીરા ગામમાં થયો હતો. વર્તમાનમાં તેઓ કેન્દ્ર સરકારની TOPS (ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ)ના અધ્યક્ષ છે. તેઓ ખેલો ઈન્ડિયા કાર્યક્રમના કાર્યકારી સદ્સ્ય પણ છે.

❖ **ભારતના પંજાબની 21 વર્ષીય સુંદરી હરનાઝ સંધુએ ઈઝરાયેલના ઐલાતમાં 12 ડિસેમ્બર, 2021ના રોજ યોજાયેલી 70મી મિસ યુનિવર્સ સૌંદર્ય સ્પર્ધાનો ખિતાબ જીતી લઈ 21 વર્ષના લાંબા અંતરાલ બાદ દેશને ગૌરવ અપાવ્યું છે.**

→ 70મી મિસ યુનિવર્સ સૌંદર્ય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરનારી મૂળ પંજાબની 21 વર્ષીય હરનાઝ સંધુને દક્ષિણ આફ્રિકા અને પેરાગ્વેની સ્પર્ધકોને હરાવી મિસ યુનિવર્સ ક્રાઉન પર કબજો કર્યો હતો. મેકિસકોની મિસ યુનિવર્સ 2000 એન્ડ્રિયા મેઝાએ હરનાઝ સંધુને મિસ યુનિવર્સ 2021નો તાજ પહેરાવ્યો હતો. 70મી મિસ યુનિવર્સ સૌંદર્ય સ્પર્ધામાં ફર્સ્ટ રનરઅપ પેરાગ્વેની નાદિયા ફરેરા અને સેકન્ડ રનરઅપ દક્ષિણ આફ્રિકાની લલેના મસવા હતી. હરનાઝ સંધુને પ્રાઈઝ મની તરીકે 2,50,000 અમેરિકી ડોલર મળશે. હરનાઝ સંધુનો જન્મ 3 માર્ચ, 2000ના રોજ પંજાબના ગુરદાસપુર જિલ્લામાં કોહાલી ગામમાં શીખ પરિવારમાં થયો હતો.

→ મિસ યુનિવર્સ અમેરિકા સ્થિત મિસ યુનિવર્સ ઓર્ગેનાઈઝેશન દ્વારા સંચાલિત એક વાર્ષિક સૌંદર્ય સ્પર્ધા છે. મિસ યુનિવર્સની સાથે જ મિસ ઈન્ટરનેશનલ, મિસ અર્થ ને મિસ વર્લ્ડ અન્ય ત્રણ મોટી સૌંદર્ય સ્પર્ધાઓ છે.

→ ભારત તરફથી મિસ યુનિવર્સ ટાઈટલ વિજેતા સુંદરીઓમાં વર્ષ 1994માં સુષ્મિતા સેન અને વર્ષ 2000માં લારા દત્તા વિજેતા બન્યા હતા. જ્યારે મિસ વર્લ્ડ ટાઈટલ જીતનારી સુંદરીઓમાં વર્ષ 1966માં રીટા ફારિયા, વર્ષ 1994માં ઐશ્વર્યા રાય, વર્ષ 1997માં ડાયના હેડન, વર્ષ 1999માં યુકતા મુખી, વર્ષ 2000 માં પ્રિયંકા ચોપડા અને વર્ષ 2017માં માનુષી છિલ્લર વિજેતા બન્યા હતા.

❖ **તાજેતરમાં પ્રોફેસર નીના ગુપ્તાને વિકાસશીલ દેશોમાંથી યુવા ગણિતજ્ઞો માટેના વર્ષ 2021ના DST-ICTP-IMU રામાનુજન પ્રાઈઝથી સન્માનિત કરાયા છે.**

→ આ સાથે નીના ગુપ્તા આ પ્રતિષ્ઠિત પુરસ્કાર જીતનારા ચોથા ભારતીય અને ત્રીજા મહિલા ગણિતજ્ઞ છે. પ્રો. નીના ગુપ્તા કોલકાતામાં ઈન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઈન્સ્ટિટયૂટ (ISI)માં ગણિતજ્ઞ છે અને તેમને એફાઈન એલ્જેબ્રેઈક જ્યોમેટ્રી અને કમ્યુટેટિવ એલજીબ્રામાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ રામાનુજન પુરસ્કારથી સન્માનિત કરાયા છે. આ પુરસ્કાર દર વર્ષે 31 ડિસેમ્બરે વિકાસશીલ દેશોના એ સંશોધકોને પ્રદાન કરાય છે, જેમની વય પુરસ્કાર એનાયત કરવાના વર્ષ સુધી 45 વર્ષથી ઓછી હોય અને જેમણે એક વિકાસશીલ દેશમાં શ્રેષ્ઠ શોધ કરી હોય. ગણિતીય વિજ્ઞાનની કોઈપણ શાખામાં કાર્ય કરનારા સંશોધકો રામાનુજન પુરસ્કારના હકદાર છે. તેમાં 15,000 USDનો રોકડ પુરસ્કાર અપાય છે. ચાર ભારતીય પૈકીના ત્રણ વિજેતાઓ ISIના ફેકલ્ટી મેમ્બર્સ છે. જેમાં રીટાબ્રતા મુન્શી અને અમલેન્દુ કૃષ્ણાનો સમાવેશ થાય છે. વિકાસશીલ દેશોના યુવા ગણિતજ્ઞો માટે રામાનુજન પુરસ્કાર વર્ષ 2005થી પ્રતિવર્ષ પ્રદાન કરાય છે.

❖ **ફોર્ચ્યુન ઈન્ડિયાએ તાજેતરમાં ભારતમાં વર્ષ 2021માં 50 ટોચની સૌથી શકિતશાળી મહિલાઓની યાદી જાહેર કરી હતી.**

→ આ યાદીમાં પોતપોતાના ક્ષેત્રોમાં અપૂર્વ સિદ્ધિઓ મેળવનારી વિવિધ લોકપ્રિય હસ્તીઓના નામોનો ઉલ્લેખ કરાયો છે. ફોર્ચ્યુન ઈન્ડિયા સૌથી શકિતશાળી મહિલાઓની યાદી મહિલાઓની ઉપલબ્ધિઓ તેમજ વિવિધ ક્ષેત્રોમાં તેમના યોગદાનને બિરદાવે છે. ભારત સરકારના કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારામને આ સૂચિમાં સૌથી મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની પછી દ્વિતીય ક્રમે રિલાયન્સ ફાઉન્ડેશનના અધ્યક્ષ અને સ્થાપક નીતા અંબાણી છે.

→ ફોર્ચ્યુન દ્વારા સૌથી શકિતશાળી મહિલાઓની યાદી 1998થી વાર્ષિક ધોરણે ફોર્ચ્યુન મેગેઝિન દ્વારા જાહેર કરાય છે. ભારત સરકારના નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારામન ફોર્બ્સની દુનિયાની 100 સૌથી શકિતશાળી મહિલાઓની વર્ષ 2021ની યાદીમાં 37માં ક્રમે રહ્યા છે. નિર્મલા સીતારામન સતત ત્રીજા વર્ષે સૂચિમાં સ્થાન મેળવી શકયા છે. ભારતના સાતમા ક્રમના મહિલા અબજપતિ અને સૌથી ધનિક સેલ્ફમેડ અબજપતિ ફાલ્ગુની નાયરને ફોર્બ્સની આ યાદીમાં 88મું સ્થાન અપાયું છે. ફોર્બ્સની વર્ષ 2021ની વિશ્વની 100 સૌથી શકિતશાળી મહિલાઓની યાદીમાં માત્ર 4 ભારતીય મહિલાઓને સ્થાન અપાયું છે. જેમાં HCL ટેકનોલોજીના ચેરપર્સન રોશની નાદર મલ્હોત્રા (52મા ક્રમે) તથા કિરણ મજુમદાર–શો (72મા સ્થાને) છે. આ સૂચિમાં વિશ્વના ત્રીજા ક્રમના સૌથી શ્રીમંત મહિલા અને એમેઝોનના સ્થાપક જેફ બેઝોસના પૂર્વ પત્ની મેકેન્ઝી સ્કોટ પ્રથમ ક્રમે છે. જ્યારે બીજા સ્થાને અમેરિકાના ઉપપ્રમુખ કમલા હેરિસ છે.

❖ **તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ભારતીય નૌસેનાની 22મી મિસાઈલ વેસેલ્સ સ્કવોડ્રનને પ્રેસિડેન્ટ્સ સ્ટાન્ડર્ડ પ્રદાન કર્યું હતું.**

→ આ અંગેનો કાર્યક્રમ મહારાષ્ટ્રના મુંબઈ નેવલ ડોકયાર્ડમાં યોજાયો હતો. 22મી મિસાઈલ વેસેલ્સ સ્કવોડ્રનને 'કિલર સ્કવોડ્રન' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ અવસરની સ્મૃતિમાં પોસ્ટ વિભાગે સ્પેશિયલ ડે કવર અને સ્મારક સ્ટેમ્પ જાહેર કરી હતી. કિલર સ્કવોડ્રન તરીકે ઓળખાતી 22મી મિસાઈલ વેસેલ સ્કવોડ્રનની સ્થાપનાને વર્ષ 2021માં 50 વર્ષ પૂર્ણ થયા છે.

→ પ્રેસિડેન્ટ્સ સ્ટાન્ડર્ડ દેશને આપવામાં આવેલી સેવાની કદર કરવા સુપ્રીમ કમાન્ડર રાષ્ટ્રપતિ દ્વારા એક સૈન્ય એકમને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે. પ્રેસિડેન્ટ્સ સ્ટાન્ડર્ડ રાષ્ટ્રપતિના ધ્વજ બરાબર છે.

❖ **કોલિન્સ ડિકશનરીએ 2021ના વર્ડ ઓફ ધ યર તરીકે NFT શબ્દની પસંદગી કરી છે, જેનું પૂરું નામ 'નોન ફંજિબલ ટોકન' છે.**

→ કોલિન્સ અનુસાર NFT ને અદ્વિતીય ડિજિટલ પ્રમાણપત્ર તરીકે પરિભાષિત કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોલિન્સનો 2020નો વર્ડ ઓફ ધ યર 'લોકડાઉન' હતો.

❖ **ભારતીય અમેરિકન ગણિતજ્ઞ નિખિલ શ્રીવાસ્તવને ઓપરેટર થિયરીમાં પ્રથમ સિપ્રિયન ફોયસ પુરસ્કાર માટે અમેરિકન મેથેમેટિકલ સોસાયટી (AMS) દ્વારા પસંદ કરવામાં આવ્યા છે.**

→ કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં અધ્યાપન કાર્ય કરાવતા નિખિલ શ્રીવાસ્તવની સાથે એડમ માર્કસ (સ્વિટ્ઝર્લેન્ડ) અને ડેનિયલ સ્પીલમેન (અમેરિકા)ને પણ પસંદ કરવામાં આવ્યા છે. નિખિલ શ્રીવાસ્તવને આ પુરસ્કાર ઈન્ટરેટિવ સ્પાર્સિફિકેશન સહિત મેટ્રિકસના વિશિષ્ટ બહુપદને સમજવા માટેની ટેકનિક વિકસિત કરવા અને રજૂ કરવાના તેમના કાર્ય બદલ આપવામાં આવ્યો છે.

❖ **એરિઝ ગ્રૂપ ઓફ કંપનીઝના સંસ્થાપક અને ચીફ એકિઝકયુટીવ ઓફિસર (CEO) કેરળના ડો.એસ.કે. સોહન રોય વ્યાવસાય અને ફિલ્મોમાં તેમના માનવીય અને પર્યાવરણ સંરક્ષણ પ્રયત્નો માટે 'નાઈટહુડ ઓફ પાર્ટ ગુલ્ફા' એવોર્ડ જીતનારા પ્રથમ ભારતીય બન્યા.**

❖ **તાજેતરમાં ચોથા ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એવોર્ડ્સ સમારંભ 2021નું આયોજન 'ટુવર્ડસ ઈન્ટેગ્રેટેડ ડિજિટલ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર' શીર્ષકથી વર્ચ્યુઅલી કરવામાં આવ્યું હતું.**

→ તેનું આયોજન જાહેર નીતિ અંગે મુખ્ય પ્રકાશન 'ગવર્નન્સ નાઉ' અને શ્રી અધિકારી બ્રધર્સ ગ્રૂપના ગવર્નન્સ દ્વારા કરવામાં આવ્યું હતું. આ શિખર સંમેલનની મુખ્ય થીમ ડિજિટલ સ્વાસ્થ્ય, ડિજિટલ કૃષિ, સ્માર્ટ શહેર, સ્માર્ટ ગામ, શહેરી શાસન, ડિજિટલ શિક્ષણ, ડિજિટલ સુરક્ષા હતી. આ આયોજન દરમિયાન ગવર્નન્સ નાઉ ચોથા ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એવોર્ડ્સ, 2021 આપવામાં આવ્યા હતા, જે ડિજિટલ ઈન્ડિયાની દિશામાં સરકારના પ્રયત્નો અને પહેલોના વખાણ કરે છે અને માન્યતા આપે છે. નેશનલ હેલ્થ મિશન (NHM), જમ્મુ અને કાશમીરને સ્વાસ્થ્ય નિધિ સર્વેક્ષણ એપ માટે 'ડિજિટલ સ્વાસ્થ્ય' શ્રેણી અંતર્ગત પુરસ્કાર મળ્યો છે. હિમાચલ પ્રદેશને બિનચેપી રોગો (NCD)ની રોકથામ અને નિયંત્રણ માટે નિરંતર સંભાળ તરીકે ડિજિટલ હેલ્થ દૃષ્ટિકોણ પ્રોજેકટ અંતર્ગત વિજેતા પસંદ કરવામાં આવ્યું છે.

❖ **યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)એ આરોગ્ય ક્ષેત્રમાં રોકાણને પ્રોત્સાહન આપવામાં ઉત્કૃષ્ટતા માટે કોસ્ટારિકા, નેધરલેન્ડ અને કોરિયા ગણરાજ્યની રોકાણ પ્રોત્સાહન એજન્સીઓ (IPA)ને 'સંયુકત રાષ્ટ્ર રોકાણ સંવર્ધન પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવી છે.**

→ આ પુરસ્કારની ઘોષણા UNCTADના સાતમા વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ ફોરમ (WIF)માં કરવામાં આવી હતી.

❖ **બે ભારતીય કિશોર ભાઈઓ વિહાન અને નવ અગ્રવાલ એ ઝીરો વેસ્ટ ઈન્ડિયાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ઘરેલુ કચરાથી થનારા પ્રદૂષણ સામે લડવા બદલ 2021નું 'કિડ્સરાઈટ્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન પીસ પ્રાઈઝ' જીત્યું છે.**

→ બંને ભાઈઓએ 'વન સ્ટેપ ગ્રીનર' પહેલ વિકસિત કરી, જેમાં હજારો ઘરોમાં રિસાઈકલ અને કચરા માટે પિકઅપનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમની પહેલનો ઉદ્દેશ ઝીરો વેસ્ટ ઈન્ડિયા છે.

❖ **કોચી સ્થિત ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ (ICAR), સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિશરીઝ ટેકનોલોજી (CIFT) ને ફયુચર રેફ્રિજરેશન ઈન્ડિયા અંગે 'INDEE+' નામક પ્રોજેકટથી સન્માનિત કરવામાં આવી છે.**

→ આ પ્રોજેકટ નોર્વેજિયન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (NTNU) દ્વારા સમન્વિત છે. અન્ય ભારતીય ભાગીદારોમાં CIFT કોચી, IIT ચેન્નાઈ, BITS પિલાની અને IISc બેંગલુરુનો સમાવેશ થાય છે. ગ્લાસગોમાં આયોજિત ફયુચર રેફ્રિજરેશન પ્રોજેકટ અંગે 26મા આંતરરાષ્ટ્રીય જળવાયુ સંમેલન વર્કશોપમાં પ્રકાશ પાડવામાં આવ્યો હતો. પ્રોજેકટ 'INDEE+' એક અમ્બ્રેલા પ્રોજેકટ છે, જેમાં સ્વચ્છ અને હરિત ટેકનોલોજી ભણી પરિવર્તનમાં ભારતીય રેફ્રિજરેશન અને એર–કન્ડિશનિંગ ક્ષેત્રનું સમર્થન કરનારી અનેક યોજનાઓ સામેલ છે.

❖ **કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ સ્વદેશી ગાય, ભેંસની ઓલાદોનું પાળનારા સર્વશ્રેષ્ઠ ડેરી કિસાનો, સર્વશ્રેષ્ઠ કૃત્રિમ ગર્ભાધાન ટેકનિશિયન અને સર્વશ્રેષ્ઠ ડેરી સહકારી સમિતિ (DCS)/દૂધ ઉત્પાદક કંપની/ડેરી કિસાન ઉત્પાદક સંગઠનના વિજેતાઓને પહેલીવાર રાષ્ટ્રીય ગોપાલ રત્ન પુરસ્કાર, 2021 પ્રદાન કર્યા હતા.**

→ પ્રત્યેક શ્રેણી અંતર્ગત યોગ્યતા પ્રમાણપત્ર, એક સ્મૃતિચિહ્ન તથા પ્રથમ રેન્ક માટે રૂ. 5 લાખ, દ્વિતીય રેન્ક માટે રૂ. 3 લાખ અને તૃતીય રેન્ક માટે રૂ. 2 લાખ રોકડા અર્પણ કરાયા હતા.

❖ **આસામ દિવસના અવસરે 2 ડિસેમ્બરે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ આસામમાં કેન્સર દેખરેખ સેવાઓમાં યોગદાન આપવા બદલ તાતા ટ્રસ્ટના અધ્યક્ષ રતન તાતાને પ્રતિષ્ઠિત આસામ વૈભવ પુરસ્કાર, 2021 એનાયત કર્યો હતો.**

→ આસામ વૈભવ પુરસ્કાર આસામનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે. હવેથી આસામ રત્ન પુરસ્કાર આસામ વૈભવ, આસામ વિભૂષણ આસામ સૌરવ અને આસામ ભૂષણ અને આસામશ્રી આસામ ગૌરવ તરીકે ઓળખાશે.

❖ **નાઈજીરિયા ઈન્સ્ટિટયૂટ ઓફ સોઈલ સાયન્સ (NISS)એ વિશ્વ મૃદા દિવસ, 2021 દરમિયાન સ્વસ્થ માટીના મહત્વ અંગે જાગૃતિ વધારવાની પોતાની પ્રતિબદ્ધતા બદલ 'કિંગ ભૂમિબોલ વર્લ્ડ સોઈલ ડે એવોર્ડ', 2020 પ્રાપ્ત કર્યો છે.**

→ કિંગ ભૂમિબોલ વિશ્વ મૃદા દિવસ પુરસ્કારનું નામ થાઈલેન્ડના રાજા ભૂમિબોલ અદુલ્યાદેજના નામ પરથી રખાયું છે. 2018માં સ્થાપિત આ વાર્ષિક પુરસ્કાર થાઈલેન્ડના સામ્રાજ્ય દ્વારા પ્રાયોજિત છે. પુરસ્કાર સ્વરૂપે એક મેડલ, USD 15,000 નો ચેક અને સાથે જ પુરસ્કાર પ્રાપ્ત કરવા માટે થાઈલેન્ડનો પ્રવાસ સામેલ છે.

❖ **સ્પોર્ટ્સ જર્નલિસ્ટસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SJFI) એ આસામના ગુવાહાટી ખાતે યોજાયેલી તેની વાર્ષિક બેઠકમાં પૂર્વ ભારતીય ક્રિકેટર સુનીલ ગાવસ્કરને 'SJFI મેડલ 2021'થી સન્માનિત કર્યા હતા.**

→ SJFI સ્પોર્ટ્સમેન ઓફ ધ યર, 2021 – નીરજ ચોપડા (ભાલાફેંક)
→ SJFI સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર, 2021 – મીરાબાઈ ચાનુ (વેઈટલિફિટંગ)
→ SJFI ટીમ ઓફ ધ યર, 2021 – ભારતીય પુરુષ હોકી ટીમ

❖ **પ્રોફેસર જયશંકર તેલંગાણા રાજ્ય કૃષિ યુનિવર્સિટી (PJTSAU)ના કુલપતિ (VC) વી.પ્રવીણ રાવે 2017-2019ના સમયગાળા માટે 7મો ડો.એમ.એસ. સ્વામીનાથન પુરસ્કાર જીત્યો છે.**

→ આ એક દ્વિવાર્ષિક રાષ્ટ્રીય પુરસ્કાર છે, જે સેવાનિવૃત્ત ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ (ICAR) એમ્પ્લોયીઝ એસોસિએશન (RICAREA) અને નુઝિવીડુ સીડ્સ લિમિટેડ દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે. તેમાં રૂ. 1 લાખનો રોકડ પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર 2004માં ડો.એમ.એસ. સ્વામીનાથનના સન્માનમાં સ્થાપવામાં આવ્યો છે.

❖ **તાજેતરમાં ભારતીય નૌસેના, ICG અને માસ્ટરને સમુદ્રમાં અસામાન્ય શૌર્ય માટે IMO પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો.**

→ ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO)એ સમુદ્રમાં વ્યકિતઓ અને ટીમોની અસામાન્ય પરાક્રમ બદલ આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રદાન કરવા વાર્ષિક પુરસ્કારની સ્થાપના કરી છે. 2021 માટે IMOએ ભારતીય નૌસેના, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG) અને માસ્ટરને ટગબોટ ઓશન બ્લિસના ક્રુના સભ્યો સાથે પ્રશસ્તિ પ્રમાણપત્ર પ્રદાન કર્યું હતું.

❖ **પારૂલ બારોટના બાળગીતસંગ્રહ 'ખો ખો રમતું કબૂતર'ને અંજુ–નરશી પ્રથમ પારિતોષિક એનાયત થયું.**

→ જેની ગણના બાળ સાહિત્યમાં રણજિતરામ સુવર્ણચંદ્રક તરીકે થાય છે. તેમજ જે સૌથી મોટી રોકડ રકમ આપતો પુરસ્કાર માનવામાં આવે છે, તેવા અંજુ–નરશી પુરસ્કાર માટે લેખિકા, બાળ સાહિત્યકાર અને કવયિત્રી પારૂલ બારોટના બાળગીતસંગ્રહ ખો ખો રમતું કબૂતરની સંયુકત પારિતોષિકમાં પસંદગી થઈ છે. આ સાથે જ આ સમારોહમાં તેમના આઠમા પુસ્તક ગઝલસંગ્રહ 'સૂર્યોદય થયો'નું પણ વિમોચન કરાયું હતું.

❖ **તાજેતરમાં 52મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા ગોવામાં યોજાયો હતો.**

→ થીમ : સેલિબ્રેટ ધ જોય ઓફ સિનેમા.

→ ગોવાના ડો. શ્યામાપ્રસાદ મુખરજી ઈન્ડોર સ્ટેડિયમ, પણજી ખાતે 20 થી 28 નવેમ્બર, 2021 સુધી એશિયાના સૌથી જૂના અને સૌથી મોટા ફિલ્મ ફેસ્ટિવલ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)ની 52મી આવૃત્તિ હાઈબ્રિડ મોડ (વર્ચ્યુઅલ અને ફિઝિકલ એમ બન્ને રીતે)માં યોજાઈ હતી. આ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન માહિતી અને પ્રસારણ મંત્રાલય અંતર્ગતના ડિરેકટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ્સ, ગોવાની એન્ટરટેઈન્મેન્ટ સોસાયટી, ગોવા સરકાર અને ભારતીય ફિલ્મ ઉદ્યોગ દ્વારા સંયુકત રીતે કરાયું હતું.

→ કેન્દ્રીય માહિત અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે વર્ષ 2021 માટેના ઈન્ડિયન ફિલ્મ પર્સનાલિટી ઓફ ધ યર એવોર્ડ વિજેતાઓની ઘોષણા કરી હતી, જે પીઢ અભિનેત્રી અને મથુરાના સાંસદ હેમા માલિની તથા બોલિવૂડના જાણીતા ગીતકાર અને CBFC (સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન)ના ચેરમેન પ્રસૂન જોષીને પ્રદાન કરાયો હતો.

→ 52મા IFFIની ઓપનિંગ ફિલ્મ : 'ધ કિંગ ઓફ ઓલ ધ વર્લ્ડ' (કાર્લોસ સૌરા) સમાપન ફિલ્મ : 'એ હીરો' (અસગર ફરહાદી લિખિત અને નિર્દેશિત ઈરાની ફિલ્મ)

→ ગોલ્ડન પીકોક એવોર્ડ : શ્રેષ્ઠ ફિલ્મ – રિંગ વાન્ડરિંગ, જાપાન નિર્દેશક – મસાકાઝુ કાનેકો

→ સિલ્વર પીકોક એવોર્ડ : શ્રેષ્ઠ નિર્દેશક – વાકલાવ કદરન્કા, ચેક ગણરાય, ફિલ્મ – 'સેવિંન વન વ્હુ ઈઝ ડેડ'

→ શ્રેષ્ઠ અભિનેતા : જિતેન્દ્ર જોષી, ભારત, 'ગોદાવરી'માં દિવગંત અભિનેતા નિશિકાંત કામતની ભૂમિકા બદલ

→ શ્રેષ્ઠ અભિનેત્રી મોલિના : એન્જેલા, સ્પેન, 'શેર્લોટ'માં શેર્લોટની ભૂમિકા બદલ

→ ICFT યુનેસ્કો ગાંધી પુરસ્કાર : મહિમત–સોલહ હારૂન, ચાડ, લિંગુઈ, ધ સેક્રેડ બોન્ડ્સ

→ ICFT યુનેસ્કો ગાંધી પુરસ્કાર એક એવી ફિલ્મને આપવામાં આવે છે જે મહાત્મા ગાંધીના શાંતિ, સહિષ્ણુતા અને અહિંસાના આદર્શોને સૌથી સારી રીતે રજૂ કરતી હોય. આ પુરસ્કાર ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર ફિલ્મ, ટેલિવિઝન અને ઓડિયો–વિઝ્યુઅલ કમ્યુનિકેશન (ICFT) પેરિસ સાથે IFFIના સહયોગના ભાગ તરીકે એનાયત કરાય છે.

→ સત્યજિત રે લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ : માર્ટિન ચાર્લ્સ સ્કોર્સેઝ (USA) અને ઈસ્તવાન સ્ઝાબો (હંગેરી)ને વિશ્વ સિનેમાને તેમના અપૂર્વ યોગદાન આપવા બદલ. ભારતમાં હાલમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી કરી રહ્યું છે ત્યારે IFFIમાં પહેલીવાર 75 યુવા મહત્વાકાંક્ષી ફિલ્મ નિર્માતાઓને તેમની રચનાત્મકતાઓનું પ્રદર્શન કરવાનો અવસર આપવામાં આવ્યો હતો.

→ મોસ્ટ ફ્રેન્ડલી સ્ટેટ ફોર ફિલ્મ શૂટિંગ : ઉત્તર પ્રદેશ તેમજ જ્યુરી સ્પેશિયલ મેન્શન ફોર ડેબ્યૂ ફીચર ફિલ્મ : ધ વેલ્થ ઓફ ધ વર્લ્ડ એવોર્ડ જીત્યો. બ્રિક્સ ફિલ્મ ફેસ્ટિવલ એવોડ્‌ર્સની છઠ્ઠી આવૃત્તિની ઘોષણા ગોવામાં 52મા IFFI ખાતે કરાઈ હતી.

| | |
|---|---|
| શ્રેષ્ઠ ફિલ્મ | 'બરાકત' (દક્ષિણ આફ્રિકા) 'ધ સન એબોવ મી નેવર સેટ્સ' (રશિયા) |
| શ્રેષ્ઠ નિર્દેશક | લ્યુસિયા મુરાત ('એના') |
| શ્રેષ્ઠ અભિનેતા | ધનુષ ('અસુરન') |
| શ્રેષ્ઠ અભિનેત્રી | લારા બોલ્ડોરિની ('ઓન વ્હીલ્સ') |
| સ્પેશિયલ મેન્શન એવોર્ડ | યાન હાન ('એ લિટલ રેડ ફ્લાવર') |

→ વિજયગિરી બાવા નિર્દેશિત ગુજરાતી ફિલ્મ '21મું ટિફિન'નું 22 નવેમ્બર, 2021ના ગોવામાં આયોજિત 52મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)માં વૈશ્વિક સિને દિગ્ગજોની ઉપસ્થિતિમાં પેનોરમા કેટેગરીમાં સ્ક્રીનિંગ યોજાયું હતું. યુવા વાર્તાકાર અને સ્ક્રીન રાઈટર રામ મોરીના સાહિત્ય અકાદમી પુરસ્કારથી અલકૃત વાર્તાસંગ્રહ 'મહોતુ'ની વાર્તા પર આધારિત આ ફિલ્મને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડયો છે. IFFIની સ્થાપનાથી લઈને અત્યારસુધી માત્ર ચાર જ ગુજરાતી ફિલ્મોનું સ્ક્રીનિંગ થયું છે. ICFT યુનેસ્કો મહાત્મા ગાંધી એવોર્ડ માટે ભાતમાંથી IFFI દ્વારા સિલેકટ થયેલી માત્ર 3 ફિલ્મોમાં એક '21મું ટિફિન' હતી.

❖ **પ્રિત્ઝકર આર્કિટેકચર પ્રાઈઝ પ્રાપ્ત કરનારા અમદાવાદ સ્થિત પ્રથમ ભારતીય સ્થપતિ બાલકૃષ્ણ દોશીને રોયલ ઈન્સ્ટિટયૂટ ઓફ બ્રિટિશ આર્કિટેકટ્સ (RIBA) દ્વારા આર્કિટેકચર માટેના વિશ્વના સર્વોચ્ચ સન્માનો પૈકીના એક રોયલ ગોલ્ડ મેડલ 2022થી સન્માનિત કરાયા છે.**

→ આજીવન કાર્યની કદરરૂપે અપાતો રોયલ ગોલ્ડ મેડલ બ્રિટનના રાણી એલિઝાબેથ દ્વિતીય વ્યકિતગત રીતે મંજૂર કરાયેલો છે. રોયલ ગોલ્ડ મેડલ વાસ્તુકલાની ઉન્નતિ પર મહત્વપૂર્ણ પ્રભાવ પાડનાર વ્યકિત અથવા લોકોના સમૂહને પ્રદાન કરાય છે. RIBA અનુસાર, બાલકૃષ્ણ દોશીએ ડિઝાઈન કરેલી ઈમારતો ભારતના જળવાયુ, વાસ્તુકલા, શિલ્પ અને સ્થાનિક સંસ્કૃતિની ગાઢ અને ગહન પરંપરાઓ દ્વારા સૂચિત સ્થાનિક ભાષાની સાથે અગ્રિમ આધુનિકતાને જોડે છે.

## મહત્વના દિવસો

- **1 ડિસેમ્બર, 2021 : વિશ્વ એઈડ્સ દિવસ**
  – થીમ : End Inequalities, End AIDS
- **1 ડિસેમ્બર, 2021 : BSF રેઈઝિંગ ડે (સીમા સુરક્ષા દળ સ્થાપના દિવસ)**
  – આ વર્ષે BSFનો 57મો સ્થાપના દિવસ મનાવાયો હતો.
- **1 થી 7 ડિસેમ્બર, 2021 : ભારતીય નૌકાદળ સપ્તાહ**
- **2 ડિસેમ્બર, 2021 : નેશનલ પોલ્યુશન પ્રિવેન્શન ડે**
- **2 ડિસેમ્બર, 2021 : રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિન, ગુલામી નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ, વિશ્વ કમ્પ્યુટર સાક્ષરતા દિવસ**
- **2 ડિસેમ્બર, 2021 : વિશ્વ કમ્પ્યૂટર સાક્ષરતા દિવસ (વર્લ્ડ કમ્પ્યૂટર લિટરસી ડે)**
  – થીમ : 'લિટરસી ફોર હ્યુમન–સેન્ટર્ડ રિકવરી : નેરોવિંગ ધ ડિજિટલ ડિવાઈડ'
- **3 ડિસેમ્બર, 2021 : વિશ્વ વિકલાંગ દિવસ (International Day of Persons with disabilities)**
  – થીમ : 'Leadership and participation of persons with disabilities toward an inclusive, accessible and sustainable post Covid-19 word' છે.

- **4 ડિસેમ્બર, 2021 : રાષ્ટ્રીય નૌસેના દિવસ**
  – થીમ : 'ઈન્ડિયન નેવી–કોમ્બેટ રેડી, ક્રેડિબલ એન્ડ કોહેસિવ.'
  – આ વર્ષે ભારતીય નૌકાદળે વર્ષ 1971ના યુદ્ધમાં ભારતની જીતની 50મી વર્ષગાંઠને 'સ્વર્ણિમ વિજય વર્ષ'ની થીમ સાથે મનાવવાની યોજના બનાવી છે.
- **4 ડિસેમ્બર, 2021 : ઈન્ટરનેશનલ ડે ઓફ બેંકસ**
- **5 ડિસેમ્બર, 2021 : વિશ્વ માટી દિવસ**
  – થીમ : જમીનનું ધોવાણ રોકો, જમીનની ઉત્પાદકતામાં વધારો કરો (Stop Soil Erosion, Save Our Future)
- **5 ડિસેમ્બર, 2021 : ઈન્ટરનેશનલ વોલન્ટીયર ડે ફોર ઈકોનોમિક એન્ડ સોશિયલ ડેવલપમેન્ટ (આર્થિક અને સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ)**
  – થીમ : 'વોલન્ટીયર નાઉ ફોર અવર કોમન ફ્યુચર'
- **6 ડિસેમ્બર, 2021 : મહાપરિનિર્વાણ દિવસ**
- **6 ડિસેમ્બર, 2021 : મૈત્રી દિવસ**
  – ભારત અને બાંગ્લાદેશે 6 ડિસેમ્બર, 2021ના પહેલો મૈત્રી દિવસ મનાવ્યો.
- **7 ડિસેમ્બર, 2021 : ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન ડે (આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ)**
  – થીમ : 'એડવાન્સિંગ ઈનોવેશન ફોર ગ્લોબલ એવિયેશન ડેવલપમેન્ટ'
- **9 ડિસેમ્બર, 2021 : આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ**
  – થીમ : તમારો અધિકાર, તમારી ભૂમિકાઃ ભ્રષ્ટાચારને ના પાડો.
- **10 ડિસેમ્બર, 2021 : હ્યુમન રાઈટ્સ ડે (માનવાધિકાર દિવસ)**
  – થીમ : 'ઈકવલિટી, રિડયુસિંગ ઈનઈકવલિટીઝ, એડવાન્સિંગ હ્યુમન રાઈટ્સ' (સમાનતા, અસમાનતા ઘટાડો, માનવાધિકારોને આગળ વધારો)
- **11 ડિસેમ્બર, 2021 : આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ**
  – થીમ : સસ્ટેનેબલ માઉન્ટેન ટુરિઝમ
- **11 ડિસેમ્બર, 2021 : યુનિસેફ ડે (યુનિસેફ દિવસ)**
  – આ વર્ષનો યુનિસેફ દિવસ તેની સ્થાપનાની 75મી વર્ષગાંઠ છે.
- **12 ડિસેમ્બર, 2021 : યુનિવર્સલ હેલ્થ કવરેજ ડે**
  – થીમ : 'લીવ નો વન્સ હેલ્થ બિહાઈન્ડ : ઈન્વેસ્ટ ઈન હેલ્થ સિસ્ટમ્સ ફોર ઓલ'
- **14 ડિસેમ્બર, 2021 : નેશનલ એનર્જી કન્ઝર્વેશન ડે (રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ)**
  – થીમ : 'આઝાદી કા અમૃત મહોત્સવ : એનર્જી એફિસિયન્ટ ઈન્ડિયા અને આઝાદી કા અમૃત મહોત્સવ : કલીનર પ્લાનેટ'
- **16 ડિસેમ્બર, 2021 : વિજય દિવસ**
  – આ વર્ષે સ્વર્ણિમ વિજય દિવસ (50મો વિજય દિવસ) ઉજવાયો.
- **16 ડિસેમ્બર, 2021 : વર્લ્ડ સ્પાઈન ડે (વિશ્વ કરોડરજ્જુ દિવસ)**
- **18 ડિસેમ્બર, 2021 : વિશ્વ લઘુમતી અધિકાર દિવસ**
- **22 ડિસેમ્બર, 2021 : રાષ્ટ્રીય ગણિત દિવસ**
- **23 ડિસેમ્બર, 2021 : કિસાન દિવસ**
- **24 ડિસેમ્બર, 2021 : રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ**
- **25 ડિસેમ્બર, 2021 : ગુડ ગર્વનન્સ ડે (સુશાસન દિવસ)**

Banking Academy